# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION GRWB/057/BHARUCH/02 At. : Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-મે-૨૦૦૬**

**રબીઉલ આખર-જમાદીઉલ અવ્વલ**

**હિજરી સન : ૧૪૨૭**

**વર્ષ : ૦૩ અંક : ૦૫, સળંગ અંક : ૨૯**



**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

**બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફૈઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧**

Email User ID : islamic@sancharnet.in


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## જશ્ન મનાએંગે બાર બાર

(રજૂકર્તા : ખાનકાહે અહલે સુન્નત, જુમ્આ મસ્જિદ બિલ્ડિંગ-વડોદરા)

ગુલશન अकीदतों के खिलाएंगे બાર બાર
ગૌષુલ वरा رضی اللہ عنہ का જશ્ન મનાએંગે બાર બાર

ગૌષુલ वरा رضی اللہ عنہ की બઝ્મ सजाएंगे બાર બાર
जो જલ रहे હંય ઉनको જલાએંગે બાર બાર

जो कुछ ભી માંગના है तुम्हें ઉनसे માંગ લો
ગૌષુલ वरा رضی اللہ عنہ ખુદાસે दिलाएगें બારબાર

આલમ के દસ્તગીર हैं પીરાને પીર हैं
બીગળી ન क्यूं હમારી બનાએંગે બાર બાર

प्यारे હસન હુસૈન के નૂરો નઝર है ગૌષ
સબકો હર એક ગ़મસે છુળાએંગે બાર બાર

ગૌષુલ वरा رضی اللہ عنہ के નામ पे હર સાલ દોસ્તો
લંગર पका के સબકો खिलाएंगे બાર બાર

અય काश ! कोई कहे के ઝરા सुनके મન્કબત
**"બિસ્મિલ"** ઝરૂર तुम को બુલાએંગે બાર બાર


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**



**નૂરાની આર્ટ-દયાદરા**

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧,

મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧




થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) મે-૨૦૦૬

★ વર્ષ : ૦૩ ★ અંક : ૦૫ ★ સળંગ અંક : ૨૯



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ : **વર્તમાન કવ્વાલી તથા તેના મુકાબલા.......** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૧ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૪ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૬ |
| ૦૫. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૧૯ |
| ૦૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૦ |
| ૦૭. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૨૨ |
| ૦૮. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૩ |
| ૦૯. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૫ |
| ૧૦. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાનાબેન અલી પટેલ (દયાદરા) | ૨૭ |
| ૧૧. | ગૌષે પાક رضی اللہ عنہ નો સાચો ચાહક કોણ ?! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી<br>*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* | ૨૯ |
| ૧૨. | એક નાસ્તિકની ઈસ્લામ કબૂલવાની રસમય કહાની | **રજૂકર્તા** : ફરજાનાબેન અલી પટેલ–દયાદરા | ૩૩ |
| ૧૩. | દુનિયાના સૌથી જાલિમ શખ્સ બુશની ઊંઘ હરામ ! | **કાર્યાલય** | ૩૬ |
| ૧૪. | મનઘડત તથા બનાવટી રિવાયતો | **રજૂકર્તા** :મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવા | ૩૮ |
| ૧૫. | બહાઈ ધર્મ | **કાર્યાલય** | ૪૦ |
| ૧૬. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૪ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૫ |

હે સુન્ની મુસલમાનો ! સાવધાન ! ખબરદાર થઈ જાવ!

# બુઝુર્ગોના મઝારો પર ઉર્સના પવિત્ર દિવસે તથા અન્ય ઠેકાણે જાહિલો થકી થતા

# વર્તમાન કવ્વાલી તથા તેના મુકાબલા તદ્દન ઈસ્લામ તથા સુન્નિયતની વિરૂદધ છે !!

(તંત્રી લેખ)

મારી પાસે એક પોસ્ટર એક જગાએથી આવ્યું છે જેમાં છે કે અમુક દહાડે રાત્રે ૧૦.૦૦ વાગ્યે એક ઠેકાણે ઉર્સ મુબારકના પ્રસંગે **કવ્વાલીનો શાનદાર મુકાબલો !** રાખવામાં આવ્યો છે. જેમાં મુકાબલો કોની કોની વચ્ચે છે ? નાગપુરના મશ્હૂર કવ્વાલ રેડિયો ટી.વી. સિંગર "હમીદ મનચલા" અને નાગપુરની "મશ્હૂર ગાઈકા બાઈ મુમતાઝ તાજ" (રેડીયો ટી.વી. સિંગર) એટલે એક ધંધાદારી મનચલો ગાયક અને એક ફાસિકા ગાઈકા ! બંનેનો મુકાબલો ! અલ્લાહના વલીના આસ્તાના પર આ પ્રોગ્રામ શું એ અલ્લાહના વલીની તૌહીન નથી ?! અને વળી પરચામાં છે કે આ પ્રોગ્રામમાં હાજરી આપી સવાબે દારૈન હાંસલ કરશો !

## શું ઈસ્લામ આવું શીખવાડે છે ?!

આવા કવ્વાલી તથા સ્ત્રી–પુરૂષ કવ્વાલોના મુકાબલાનાં પોસ્ટરો અવાર નવાર જાહેર સ્થળોએ ફાસિક કવ્વાલ તથા ગાનારી બેહયા ઔરતના નખરાળા ફોટાઓ સાથે ક્યાંક મસ્જિદોની દિવાલો પર બલ્કે ક્યાંક મસ્જિદમાં પણ લગાડવામાં આવે છે ! ક્યાંક ‘‘પરવીન રંગીલી’’ તો ક્યાંક ‘‘ગુલશન રસીલા’’ અથવા એવાં નામો સાથે ફોટાઓવાળા પરચાઓ થકી પ્રચાર થાય છે. તો વળી ક્યાંક અખ્બારોમાં જાહેરાતો થાય છે કે ફલાણા બુઝુર્ગના ઉર્સના પ્રસંગે કવ્વાલીનો શાનદાર મુકાબલો !

પછી શું જોવાનું ? તમાશાને તેડુ નહીં ! આવું મફત મનોરંજન ક્યાં મળે ? ચો તરફથી રાતના પહોર જુવાન જુવાન યુવાનો તથા જુવાન જુવાન યુવતીઓ તથા કેટલાક કહેવાતા રસીયા વડીલોની ભેળસેળ વાળી ભીડ અલ્લાહના વલીના આસ્તાના પર જમા થાય છે અને બેહયા ફાસિકા ગાઈકા રંડી જેમ બની ઠનીને આવેલી કવ્વાલણ સ્ટેજ પર ચઢીને હજારો ગેર મેહરમ પુરૂષો સામે એકટીંગ કરી કરીને ગાય છે, તથા કવ્વાલ સામે હાથ લાંબા કરી કરીને કટાક્ષમાં શેઅરો પણ છોડાય છે અને આ કહેવાતા બુઝુર્ગોના આશિકો તેના પર ખુશ ખુશ થઈ થઈને તે ગાનારી પર નોટો ઉડાવે છે ! **ક્યારેક દ્વિઅર્થી તથા બિભત્સ શેઅરો ઉછળી ઉછળીને બંને તરફથી બોલાય છે તો ક્યારેક બીજું કાંઈ તાબોડા પાડી પાડીને વાજિંત્રોના રણકાર તથા ઢોલકની ધમાલ સાથે ગાવામાં આવે છે.** આવી રીતે થતા ઉર્સમાં ક્યારેક જૂગાર પણ રમાતો હોય છે તો વળી સ્ત્રી પુરૂષની ભીડ ભાડમાં ઘણા ન થવાનાં કામો થતાં હોય છે. આ બધું સૌની આંખો જોઈ રહી છે છતાં કોઈ કાંઈ બોલવા તૈયાર નથી !

**હે સુન્નિયતના ચાહકો ! હે ઈસ્લામના ચાહકો ! મને બતાવો આમાંની કઈ ચીજ ઈસ્લામમાં જાઈઝ છે ?** ઔરતનો અર્થ જ છે પર્દામાં રાખવાની ચીજ ! કુર્આનમાં અલ્લાહ તરફથી

ઔરત માટે પર્દાનો હુકમ છે. રબ તઆલા ફર્માવે છે :–

## કુર્આનમાં સ્ત્રી માટે પર્દાનો હુકમ

**(અર્થ)** : "હે નબી પોતાની પત્નીઓ, સાહબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે **પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે,** એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ આપવામાં નહીં આવે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે. *(સૂરએ અહઝાબ, રુકૂઅ–૫)*

વળી રબ ફર્માવે છે : (અર્થ) : "જ્યારે તમે એમનાથી કોઈ સામાન માંગો તો પર્દાની પાછળથી માંગો, આ તમારા અને એમનાં દિલોના માટે વધારે સાફ સ્વચ્છ રીત છે." *(સૂ. અહઝાબ, રુકૂઅ–૪, પારા–૨૨)* આ હુકમ કોને થઈ રહ્યો છે ? દુનિયાની અતિ પાકીઝા હસ્તીઓ સહાબીઓને !

સ્ત્રીએ કેવાં કપડાં પહેરવાં એ સંબંધે મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ જણાવે છે કે : "જાડાં (શરીર ઝલકે નહીં તેવાં અપારદર્શક) અને ઘેરવાળાં (ખુલતાં) કપડાં પહેરે, માથાથી પગ સુધી શરીર ઢાંકીને નીકળે કે મોં તથા હથેળીઓ સિવાય, વાળ, ગળુ, ભૂજાઓ, કોણીઓ, પેટ, પિંડલી કોઈ જાહેર ન થાય. જો એમનામાંથી કોઈ પણ ભાગ જાહેર કરીને નીકળે છે તો તે સ્ત્રીઓ **ફાસિકા** (ખુલ્લમ ખુલ્લા હરામ કામો કરનારી) અને તેમના પુરૂષો **દય્યૂષ** છે, એવા લોકોથી બચવું જોઈએ." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૦, નિસ્ફ આખિર, પેજ–૧૨૯)*

હદીષમાં છે : "દય્યૂષ" જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં. માટે સર્વ પુરૂષોએ પોતે પણ પોતાની તપાસ કરી લેવી જોઈએ કે ક્યાંક આ વ્યાખ્યામાં પોતે તો નથી આવતા !

જો કે સ્ત્રીનો ચહેરો સતરે ઔરતમાં દાખલ નથી પણ જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો ચહેરા પર પર્દો નાખી લેવો જરૂરી છે, જેમ કે ઉપર મુજબ કુર્આનમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ થયો. અને વિચારવાની વાત એ કે એ હુકમ તે સૌથી પાકીઝા ઔરતોને એટલે કે સહાબી સ્ત્રીઓ, ઉમ્મતની માંઓ, નબીની બેટીઓને થયો હતો ! અને તે પણ દુનિયાના સૌથી પાકીઝા લોકો એટલે કે સહાબીઓથી પર્દો કરવાનો હુકમ થયો હતો ! તો વિચારો કે આજના અતિ બેહયાઈના દૌરમાં બેપર્દા થવાની કઈ સ્ત્રીને આઝાદી મળી શકશે ?!

## હદીષે પાકમાં શણગાર કરી જાહેરમાં ફરતી સ્ત્રી વિશે હુકમ

હદીષે પાકમાં પણ રસૂલે પાક ﷺએ ફર્માવ્યું છે : **"જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તો તે સ્ત્રી ઝાનિયા (વ્યભિચારીણી) છે."**

એક હદીષમાં છે : **"જેના તરફ જોવામાં આવે અને જે જુએ બંને પર અલ્લાહની લઅનત !"** *(અલ્ હદીષ)*

હે સુન્ની મુસલમાનો ! હવે તમારામાં જરા પણ ઈમાની ગૈરત–શરમ હોય તો બતાવો કે આ કવ્વાલીના મુકાબલામાં આવતો ફાસિક મનચલો ગવૈયો અને ફાસિકા રંગીલી ગાઈકા શું ઔલિયાના મઝાર પર સ્ટેજ પર બેસીને નાઝ નખરાં સાથે વાજિંત્રો સાથે ગાય તો તે **મઝારવાળા વલીનું તેમજ ઈસ્લામનું અપમાન નથી ?!** તો ખુદાના ખાતર આ મહાન ગુનોહ કરવાથી રોકાઈ જાવ ! અને તમારી આખેરતની ચિંતામાં લાગી જાવ ! અને અલ્લાહ વ રસૂલનાં ફર્માનોની અદબ કરો !

આ પરથી કુર્આન–હદીષની રૂએ સ્પષ્ટ થઈ ગયું કે **મઝારો પર કે અન્ય સ્થળે કવ્વાલીના આ મુકાબલા એ સરાસર હરામ તથા મહાન ગુનાહનું કામ છે** અને આ ચીજોને ઈસ્લામમાં તથા સુન્નિયતમાં કોઈ જ સ્થાન નથી બલ્કે ઈસ્લામ તથા સુન્નિયત એનાથી દૂર રહેવાનું સૂચવે છે. જેથી વહાબી દેવબંદી વગેરે બાતિલ ફિર્કાવાળા જે સુન્નીઓ પર આ કાળાં કરતૂતોના આક્ષેપ મૂકે છે તેઓ પણ જાણી લે કે, આ કામો દરગાહો પર કબજો જમાવીને બેઠેલા જાહિલ પ્રકારના બની બેઠેલા અમુક વર્તમાન સજ્જાદાઓ અને દીની ઈલ્મથી કોરા જાહિલ ગુમરાહ મુજાવરોનાં છે અને એવા લોકો પબ્લિકને આકર્ષીને કમાણી કરવા માટે આવાં નાટકો દરગાહો પર કરતા રહે છે. સુન્નિયત તથા સુન્ની ઉલમા તો આવાં ગુમરાહીનાં કામોથી રોકે જ છે. પણ તમારા તો જાણકાર મોલ્વીઓએ તો રસૂલે પાક ﷺની ગુસ્તાખીનાં કુફ્રી લખાણો લખ્યાં છે તેમને તે નથી દેખાતાં ?!

## સ્ત્રીના અવાજ વિશે કુર્આન હદીષના હુકમો

કેટલાક જાહિલ નાદાનો કહે છે કે, "અરે ! એ કવ્વાલ તથા કવ્વાલણ તો અલ્લાહનું કલામ ગાય છે ! બુઝુર્ગોની તારીફનાં ગીત ગાય છે ! પછી શું વાંધો ?!" પથ્થર પડે આવા લોકોની અક્કલ પર ! ક્યાં મતિ મારી ગઈ છે તેમની અને ઈમાની ગૈરતને ક્યાં મૂકી આવ્યા છે તેઓ કે કુર્આન તથા હદીષની વિરૂધ્ધ પોતાની સડેલી બુદ્ધિ લડાવે છે ! સાંભળો ! :–

અલ્લાહ પાક કુર્આન શરીફમાં ફર્માવે છે : **(અર્થ)** : "જો અલ્લાહથી ડરતી હોઉ તો નઝાકતથી વાત ન કરો કે જેથી દિલનો રોગી કાંઈક લાલચ કરે, હા ! સારી વાત કહો !" *(સૂરએ અહઝાબ, પારા–૨૨, રૂકુઅ–૧)*

એની તફસીરમાં છે કે, એમાં અદબની તા'લીમ છે કે જરૂરત પ્રમાણે ગૈરપુરૂષોથી જો પર્દાની હાલતમાં પણ વાતચીત કરવી પડે તો કોશિશ કરો કે અવાજના લહેજામાં નઝાકત ન આવવા પામે અને વાતમાં આકર્ષણ ન હોય, વાત ઘણી જ સાદગીથી કરવામાં આવે. ચારિત્રવાન સ્ત્રીઓના માટે આ જ શોભાને પાત્ર છે...... *(ખઝાઈનુલ ઈર્ફાન)*

**જેથી સ્ત્રીઓનું મીલાદ શરીફ, ઝિક્રે શહાદત એટલા મોટા અવાજે કરવું કે ગૈર પુરૂષો સુધી અવાજ પહોંચે એ હરામ છે.** નવાઝિલે ઈમામ ફકીહ અબુલ લૈષમાં છે : "સ્ત્રીનો અવાજ પણ ઔરત (છુપાવવાની ચીજ) છે." એટલા માટે શરીઅતે મુતહ્હરાએ **કુર્આને પાક પણ ગૈર મેહરમ સાંભળે તેટલા મોટા અવાજે પઢવાથી મના કર્યુ.** તેમજ **હજ્જના પ્રસંગે સ્ત્રી મોટા અવાજે તલબિય્યહ્** (લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક) **નથી કહી શક્તી,** એ જ રીતે **સ્ત્રીએ અઝાન આપવી પણ જાઈઝ નથી,** કેમ કે સ્ત્રીના અવાજમાં પુરૂષોના માટે આકર્ષણ છે કે જે આંત્રિક ફિત્નાનો સબબ છે.

આ જ કારણે યુવાન સ્ત્રીઓનો અવાજ સાંભળવો નાજાઈઝ છે, સિવાય કે શરઈ જરૂરત હોય કે ગવાહી વગેરે તો સાંભળવો જાઈઝ જ નથી બલ્કે કદી વાજિબ તથા જરૂરી થઈ જાય છે. *(અલ બરીકહ્ શરહુત્તરીકહ્, પેજ–૧૧૯૨, બહવાલા પર્દો શા માટે ?)*

પર સ્ત્રીનો અવાજ સાંભળવા બાબતે રસૂલે પાક ﷺનું ફર્માન છે કે, **"કાનોનો ઝિના સાંભળવું અને જીભનો ઝિના વાતચીત કરવી છે."** *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૬૦)*

આ જ કારણે નમાઝની હાલતમાં આગળથી પસાર થનારને ખબરદાર કરવા માટે પુરૂષને હુકમ આપ્યો કે સુબ્હાનલ્લાહ ! વગેરે કહે પણ સ્ત્રીઓને થપકારવા (એટલે જમણા હાથની આંગળીઓને ડાબા હાથની પીઠ પર મારવા)નો હુકમ આપ્યો, કેમ કે **સ્ત્રીનો અવાજ ફિત્નો છે.** *(નૂરૂલ ઈઝાહ, પેજ-૯૨)*

હે પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! હવે તો તમને યકીન થઈ જ ગયું હશે કે **મઝારો પર તથા અન્ય ઠેકાણે આ કવ્વાલ કવ્વાલણના મુકાબલા એ ઈસ્લામમાં સદંતર હરામ તથા ઈસ્લામથી બગાવત સમાન છે.** માટે એનાથી દૂર રહો અને શક્ય હોય ત્યાં શક્ય હોય તે રીતે એને રોકવાનો પ્રયાસ કરો. પ્યાર મહોબ્બતથી લોકોને સમજાવો અને ગુમરાહીથી બચાવો.

## ગુનાહને નેકી સમજવી એ ટ્રેજડી નથી ?!

ગુમરાહીની હદ તો એ છે કે આવા અતિ ગુનાહનાં કામ માટે દરગાહોના જાહિલ સંચાલકો લાખ દોઢ લાખનો ચંદો કરે છે અને હજારોની રકમો તે ગવૈયાઓને આપે છે ! અને તે પણ નેકીનું કામ સમજીને કરે છે ! આ મહાન કરૂણતા (ટ્રેજડી) છે કે માણસ જો ગુનાહને ગુનોહ સમજીને કરે તો તેનાથી તૌબાની શક્યતા છે પણ જ્યારે ગુનાહને નેકી સમજીને જો કરે તો તૌબાનો વિચાર પણ નહીં આવે અને જહન્નમનો અઝાબ રજીસ્ટર્ડ થઈ જશે ! માટે જે લોકો આવાં કામો કરતા હોય અને તેમાં ચંદો આપતા હોય તેઓ સમજી લે કે આ સર્વ અતિ ગુનાહનાં કામો છે અને આજે અત્યારે જ એનાથી તૌબા કરી લે એમાં જ તેઓની ભલાઈ છે. હા ! જ્યાં કેવળ કુર્આન ખ્વાની, ઝિક્ર દુરૂદની મેહફિલ, સલાતો સલામ કે ન્યાઝ થતી હોય તેવા ઉર્સમાં નાણા આપવા તથા હાજરી આપવી એ સવાબનું કામ ગણાશે. મૌલા તઆલા આપણને સૌને ગુનાહોથી તૌબા કરવાની તથા તેનાથી બચવાની અને નેક અમલની તૌફીક આપે. (આમીન)

આવો ! હવે એ ચીજની પણ સ્પષ્ટતા કરી લઈએ કે અમુક લોકો વાજિંત્રો સાથે કવ્વાલીને જાઈઝ માને છે તો **ઈસ્લામી શરીઅત** એના સંબંધે શું કહે છે ?

## વાજિંત્રોના હુકમો કુર્આન હદીષની રોશનીમાં

ભાઈઓ ! આપણે મુસલમાન છીએ, ઈસ્લામ આપણો પ્રિય મઝહબ છે, કુર્આન પર આપણુ ઈમાન છે, હદીષે પાક પર આપણુ ઈમાન છે તથા આપણા મહાન ઉલમા તથા ઔલિયાએ કુર્આન હદીષ પરથી જે દીની મસ્અલા દર્શાવ્યા તેના પર આપણુ ઈમાન છે. **મુસલમાન માટે કોઈ પણ ચીજના હક્ક તથા નાહક્ક, જાઈઝ તથા નાજાઈઝ, હરામ તથા હલાલ નક્કી કરવા માટે ઈસ્લામમાં ચાર શરઈ દલીલો છે, એ સિવાય કોઈ માર્ગ નથી.** એ ચાર શરઈ દલીલો કઈ છે ? **(૧) કુર્આન મજીદ (૨) હદીષે રસૂલ (૩) ઈમામોનો કયાસ (૪) ઉમ્મતનો ઈજમાઅ.** આ સિવાય કોઈ કિસ્સા કહાની કે વહેતી વાતો થકી કોઈ ચીજના હરામ હલાલ હોવાની દલીલ કરવાથી તે માન્ય ગણાશે નહીં.

**કુર્આન**માં રબનું ફર્માન છે : **(અર્થ)** : "અમુક લોકો ગફલતની વાતો ખરીદે છે એટલે કે વિના જ્ઞાને અલ્લાહના માર્ગથી ખસેડી કાઢે અને એની મજાક ઉડાવે, એવા લોકો માટે ઝિલ્લતનો અઝાબ છે." *(સૂરએ લુકમાન, આ. ૬)*

હઝરત હસન બસરી رضی اللہ عنہ થી તફસીરે રૂહુલ મઆની, ભાગ–૨૧, પેજ–૬૭માં છે : "આ આયત ગાયન તથા વાજિંત્રો બાબત ઉતરી." *(તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૩, પેજ–૪૪૨)*

હઝરત મુજાહિદથી આ પ્રમાણે રિવાયત છે : "લહવલ હદીષ"નો મતલબ ગાવાવાળા તથા ગાવાવાળીઓ ખરીદ કરવી વધારે માલથી અને એમનાથી ગાયન અને એ પ્રમાણે બીજી ખરાબ વાતો સાંભળવી.

હાફિઝ ઈમામુદ્દીન ઈસ્માઈલ ઈબ્ને કષીર પોતાની કબીર ભાગ–૩માં ઉપરોક્ત આયત બાબતે પોતાનું મંતવ્ય દર્શાવે છે કે, **"તેમણે અલ્લાહના કલમાને સાંભળવાના ફાયદાથી મોઢું ફેરવી મ્યુઝિક સાંભળવું અને રાગથી તથા વાજિંત્રોથી ગાવું સ્વીકારી લીધું."**

એ ઉપરાંત ઘણી આયતોમાં વાજિંત્રોના હરામ હોવા સંબંધે આવેલી છે.

**હદીષે પાકમાં છે :** "મારી ઉમ્મતમાં જરૂર એવા લોકો થશે જેઓ વ્યભિચાર, રેશમ, દારૂ અને વાજિંત્રોને હલાલ સમજશે." *(સહીહ બુખારી, ભાગ–૨, પેજ–૮૩૭)*

તિર્મિઝી, કિતાબુલ ફિતન, ભાગ–૨, પેજ–૪૪ હઝરત ઈમરાન બિન હુસૈનથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે આ ઉમ્મતમાં પણ જમીનમાં ગારત થવું, શક્કલો બગાડવી અને પથ્થરની વર્ષા થવાના બનાવો બનશે. મુસલમાનોમાંથી એક વ્યક્તિએ પૂછયું, હે અલ્લાહના રસૂલ ! ﷺ એવું ક્યારે થશે ?! ફર્માવ્યું : **"જ્યારે ગાવાવાળી સ્ત્રીઓ અને વાજિંત્રોનો રિવાજ બની જશે** અને (વધુ પ્રમાણમાં) દારૂ પીવામાં આવશે."

તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ (કેટલાક બદ્અમલોના વર્ણન બાદ) ફર્માવ્યું : ........જ્યારે **ગાવાવાળી સ્ત્રીઓ** અને **વાજિંત્રોનો રિવાજ** થઈ જાય અને દારૂ પીવામાં આવે, જ્યારે આ ઉમ્મતના પાછલા પૂર્વજોને લા'નત કરવામાં આવે, તો એ સમયે તમે વાટ જોશો લાલ વાવાઝોડાની, ભૂકંપની, જમીનમાં ગારત થઈ જવાની, શક્કલો બગડી જવાની અને પથ્થર વર્ષાની અને કયામતની નિશાનીઓ સતત આવશે જેમ કે હારનો દોરો તૂટી જવાથી એના મણકા સતત આવતા જાય.

કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૫માં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : **મને વાજિંત્રો તોડવા માટે મોકલવામાં આવ્યો. પછી ફર્માવ્યું : ગાવાવાળો અને ગાવાવાળીની કમાઈ હરામની છે, વ્યભિચારી સ્ત્રીની કમાઈ હરામની છે, અલ્લાહનો વાયદો છે કે હરામ પામેલા બદનને જન્નતમાં દાખલ નહીં કરે.**

અબૂ દાઊદ કિતાબુલ અશરેબા, ભાગ–૨, પેજ–૫૧૯, મુસ્નદે અહમદ, ભાગ–૨, પેજ–૧૫૮માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે : નબીએ પાક ﷺએ ફર્માવ્યું : **"નિઃશંક ! અલ્લાહ તઆલાએ દારૂ, જૂગાર, તબલા તથા તંબૂરો હરામ કર્યો અને દરેક નશાવાળી ચીજ હરામ છે."**

જામેએ સગીર, ભાગ–૨, પેજ–૧૬૩, ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં આ રિવાયત નકલ કરી છે. હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : **"જે ગાવાવાળી પાસે એનાથી સાંભળવા બેઠો અલ્લાહ કયામતના દિવસે એના બંને કાનોમાં સીસું રેડશે."** અબૂ દાઊદની હદીષમાં ફર્માવ્યું : **"બેશક ! દરેક ગુંગરૂ (ઘંટડી) સાથે શૈતાન છે."** સાત હદીષોમાં ઝાંઝરીઓનો અવાજ પણ બુરો માનવામાં આવ્યો. એનાથી પણ મ્યુઝિક તથા વાજિંત્રોનું હરામ હોવું સાબિત થાય છે.

આ સિવાય પુષ્કળ હદીષો વાજિંત્રોના હરામ હોવાનું દર્શાવતી આવેલી છે. વધુ માટે **તોહફાએ નજાત, ભાગ–૧૦** (પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા) વાંચો.

પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! રસૂલે પાક ﷺની તારીફ તથા ઔલિયાની તારીફ એટલે ખુલૂસ દિલે નઅત કે મન્કબત પઢવી, એમની તારીફમાં શેઅર કહેવા એ યકીનન ! અલ્લાહની જ ઈબાદત છે. **તો અલ્લાહની ઈબાદતમાં, હરામ ચીજ (વાજિંત્રો)ને સ્થાન કઈ રીતે મળી શકે છે ?!**

## ઢોલ સારંગીની સાથે કવ્વાલી કેવી ?!

**પ્યારા સુન્ની ભાઈઓ !** દરેક કામમાં અલ્લાહના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلمની પ્યારી શરીઅતનો લેહાજ રાખવો અનિવાર્ય ચીજ છે. માટે કોઈ પણ ગલત ખયાલ, વહેમ કે ભરમ રાખ્યા વિના આ લખાણોને વાંચશો જેમાં એકદમ સ્પષ્ટતા સાથે મુજદ્દિદે દીનો મિલ્લત **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہએ **વાજિંત્રો સાથે કવ્વાલીને હરામ** ઠરાવેલ છે. એના વિશેના અમુક પ્રશ્નો તથા તેના જવાબો ઈન્સાફ પ્રિય દિલ સાથે રાખીને વાંચશો તો વાસ્તવિકતા સમજાઈ જશે. અંતમાં **હઝરત મીર સૈયદ અબ્દુલવાહિદ બેલગ્રામી** رحمۃ اللہ علیہની મકબૂલે બારગાહે રિસાલત કિતાબ **"સબએ સનાબિલ શરીફ"**માંથી પણ **સમાઅ વિશે સ્પષ્ટતા દર્શાવી છે.** મૌલા તઆલા દરેકને સાચી સમજ અતા કરે. (આમીન)

હાલના સમયમાં બુઝુર્ગાને દીનના મઝારો પર ઉર્સના નામે ઔરતોની ભીડભાડ વગેરે જે ખુરાફાત થાય છે તેમાં **ઢોલ સારંગીની સાથે કવ્વાલી** પણ છે. તે જ પ્રકારના સવાલ પર કે, "ઉર્સમાં ઢોલ સારંગીની સાથે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم, ગૌષે આ'ઝમ તથા અન્ય ઔલિયા અલ્લાહની શાનમાં નઅત તથા મનકબતના અશ્આર પઢવા જેને હાલમાં સામાન્ય બોલીમાં **"કવ્વાલી"** કહે છે, તેનો શું હુકમ છે ? મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہએ જે જવાબ આપ્યો તેને ધ્યાનપૂર્વક જોવો જોઈએ અને આ'લા હઝરત પર જ આ પ્રકારના ખુરાફાતની તાલીમ આપવાનો ઈલ્ઝામ લગાડવાવાળા (વહાબી–દેવબંદી)ઓએ પણ પોતાનું માથુ તથા મોઢું પીટવું જોઈએ. અને **આપણા સુન્ની ભાઈઓએ પણ સબક લઈ વાજિંત્રોવાળી કવ્વાલી સદંતર બંધ કરવી જોઈએ !** વાંચો !"

**જવાબ :** **"આવી કવ્વાલી હરામ છે.** હાજરીન બધા જ ગુનેહગાર અને તે સહુનો ગુનોહ આવો ઉર્સ કરવાવાળાઓ અને કવ્વાલો પર છે. અને કવ્વાલોનો પણ ગુનોહ તે ઉર્સ કરાવાવાળા પર. એવું નહીં કે, ઉર્સ કરવાવાળાઓના માથે કવ્વાલોનો ગુનોહ જવાથી કવ્વાલો પરથી ગુનોહ કાંઈ ઓછો થાય અથવા તે કવ્વાલો પર હાજરીનોની વબાલ પડવાથી હાજરીનોના ગુનાહમાં કાંઈક કમી થાય, નહીં ! બલ્કે હાજરીનોમાં દરેક પર પોતાનો પૂરો ગુનોહ અને કવ્વાલો પર પોતાનો ગુનોહ અલગ અને સૌ હાજર રહેલાઓના જેટલો અલગ. કારણ એ કે હાજરજનોને ઉર્સ કરવાવાળાઓએ બોલાવ્યા, તેઓના માટે આ ગુનાહનો સામાન ફેલાવ્યો અને કવ્વાલોએ તેઓને સંભળાવ્યું. જો તેઓ સામાન ન કરત તો તેઓ (કવ્વાલો) આ ઢોલ સારંગી ન સંભળાવત તો હાજર રહેનારાઓ આ ગુનાહમાં કેવી રીતે પડત ? એટલા માટે કવ્વાલોનો ગુનોહ પણ તે બોલાવવાવાળા પર." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૧૦, પેજ–૧૯૯)*

## વાજિંત્રોવાળી કવ્વાલી એ ચિશ્તી બુઝુર્ગો પર જૂઠો આક્ષેપ છે!

એક સવાલ પર કે, રાગ અથવા વાજિંત્રો વગાડવામાં આવે તે કબીરા ગુનોહ છે કે સગીરા ? આ કાર્યનો કરનાર ફાસિક છે કે નહીં ? આ'લા હઝરત પોતાના કલમનું જૌહર દેખાડે છે;

**"વાજિંત્રો"** એટલે કે **"મૌજ મજા માટે આનંદ પ્રમોદનો સામાન"** તે નિઃશંક ! હરામ છે, જેનું હરામ હોવું **ઔલિયા** તથા **ઉલમા** બંને તબકાના (પેશવાઓ)ના કલેમાતે આલિયહ્ (કથનો)માં સ્પષ્ટ જણાવેલ છે. તેના સાંભળવા કે સંભળાવવામાં ગુનોહ હોવામાં શક નથી. અને વારંવાર કરવું કબીરા છે. **સિલસિલાએ ચિશ્તિયહના મહાન બુઝુર્ગોની તરફ તેની નિસ્બત (કરવી) તદ્દન બાતિલ અને આક્ષેપ (કરવું) છે.**

હઝરત સૈયદ ફખ્રુદ્દીન ઝર્રાવી કુદ્દેસ સિર્રહૂ કે (જેઓ) હુઝૂર સૈયદેના મહબૂબે ઈલાહી સુલ્તાનુલ ઔલિયા નિઝામુલહક વાલિદૈને મુહમ્મદ અહમદ رضی اللہ عنہના મહાન ખલીફાઓમાંથી છે. જેમણે હઝરત (નિઝામુદ્દીન ઔલિયા)ની હયાતીમાં બલ્કે ખૂદ હુઝૂરેવાલા (નિઝામુદ્દીન ઔલિયા)ના હુકમથી સમાઅના મસઅલામાં "કશ્ફૂલ કતઅને ઉસૂલિસ્સમાઅ" રિસાલો લખ્યો (તે) રિસાલામાં ફર્માવે છે, **"કેટલાક પોતાના હાલથી બેકાબૂ બનેલા લોકોએ પોતાના હાલ અને શોખના તરંગમાં વાજિંત્રો સાથે સમાઅ સાંભળ્યો, અને અમારા પીરાને તરીકત رحمۃ اللہ علیہનું સાંભળવું આ આક્ષેપથી અલિપ્ત છે.** (વાજિંત્રો સાથે સાંભળવાનો આક્ષેપ તેમના પર ખોટો છે.–અનુ.) તે તો **ફક્ત કવ્વાલોનો અવાજ** છે (અને) તે અશઆરોની સાથે જે ઈલાહી જલ્લ વ અલાની કમાલની સિફતની ખબર આપે છે... અંત સુધી....

બલ્કે ખૂદ હુઝૂર મમદૂહ (નિઝામુદ્દીન ઔલિયા) رحمۃ اللہ علیہએ પોતાના મલ્ફૂઝાત શરીફ **"ફવાઈદુલ ફવાઈદ"** વગેરેમાં ઠેક ઠેકાણે **વાજિંત્રો હરામ હોવાની સ્પષ્ટતા કરી.** બલ્કે હુઝૂરેવાલા **કેવળ તાલીને પણ મના ફર્માવતા હતા** કેમ કે તે ખેલકૂદની સાથે મુશાબેહત (મળતાપણું) ધરાવે છે." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૦, પેજ–૫૪)*

## કવ્વાલીથી સાહિબે મઝાર પરેશાન !

બુર્ઝુગોના મઝારો પર ઉર્સના નામે ગાવા બજાવવાનો રિવાજ આમ થઈ ગયો છે, અને **તેનો આક્ષેપ ચિશ્તી બુર્ઝુગાને કિરામ પર લગાડવામાં આવે છે કે તેઓ સાંભળતા હતા એટલા માટે અમે પણ સાંભળીએ છીએ !** એના અનુસંધાનમાં એક હેરતનાક અને ઈબ્રતનાક ખુલાસો જુઓ :–

આ'લા હઝરતને એક સવાલ કરવામાં આવ્યો કે, "શું આ રિવાયત સાચી છે કે હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ કબર શરીફમાં ઉઘાડે માથે ઊભા થઈને ગાવાવાળાઓ પર લાનત ફર્માવી રહ્યા હતા ?" આ'લા હઝરતે ફર્માવ્યું;

"આ બનાવ હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہનો છે કે આપના મઝાર શરીફ પર સમાઅની મજલિસમાં કવ્વાલી થઈ રહી હતી. આજ કાલ તો લોકોએ ખૂબ જ નવી નવી વાતો પોતાની તબીયતથી ઉપજાવી કાઢેલી છે, નાચ વગેરે પણ કરાવે છે. જો કે **તે સમયે એ બારગાહોમાં વાજિંત્રો પણ ન હતાં.** હઝરત સૈયદ ઈબ્રાહીમ ઈરજી رحمۃ اللہ علیہ જેઓ અમારા પીરોના સિલસિલામાંથી છે. સમાઅની મજલિસની બહાર બેઠેલા હતા. એક સાહબ સાલેહીનમાંથી આપની પાસે આવ્યા અને કહ્યું કે મજલિસમાં

તશરીફ લઈ ચાલો ! હઝરત સૈયદ ઈબ્રાહીમ ઈરજી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, તમે જાણવાવાળા છો, હુઝૂરના મઝારના સિરહાનાની તરફથી હાજર થાવ, જો હઝરત રાજી હોય તો હું હમણાં જ આવું છું. તેમણે મઝારે અકદસ પર મુરાકિબો કર્યો તો જોયું કે હુઝૂર (હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ) કબર શરીફમાં પરેશાન હાલતમાં છે અને તે કવ્વાલોની તરફ ઈશારો કરીને ફર્માવે છે, **"ઈં બદ્‌બખ્તાને વક્ત મારા પરેશાન કરદા અન્દ"** (આ બદ્‌બખ્તોએ મને પરેશાન કરી રાખ્યો છે). તેઓ પાછા આવ્યા અને કાંઈ કહે તે પહેલાં જ (હઝરત ઈબ્રાહીમ ઈરજીએ) કહ્યું, તમે જોઈ લીધું !" *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૧, પેજ-૧૧૨)*

## સમાઅનો મતલબ શો છે ?

**સવાલ :** શું સરકારે દો આલમ ﷺ અને હઝરત અલી મૌલાએ કાએનાત کرم اللہ تعالیٰ وجہہ الکریم નું સમાઅ સાંભળવું ષાબિત છે ?

**જવાબ :** હઝરત શૈખ અલૂદીનોરી કુદ્દેસ સિર્રહૂનું કથન જે (આ કિતાબના) પેજ-૪૧૮ પર નકલ થયેલ છે કે આપણા પૈગંબર ﷺ અને હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم અને આપણા મશાઈખે **સમાઅ** સાંભળ્યો છે, એ સહીહ છે. એનો મતલબ **હમ્દ** તથા **નઅત** અને **વઅઝ** તથા **નસીહત** સાંભળવું છે. કેટલીયે હદીષોમાં આવેલ છે કે હુઝૂરે અકદસ ﷺએ હઝરત હસ્સાન ઈબ્ને ષાબિત તથા અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા તથા અન્ય સહાબી શાયરો પાસેથી હમ્દ તથા નઅતના શેઅરો સાંભળ્યા.

હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہના બારામાં તો એટલે સુધી આવ્યું છે કે તેમના માટે મસ્જિદે નબવીમાં મિમ્બર રાખતા અને તેમને હુકમ ફર્માવતા કે પોતાના અશ્આર સંભળાવો ! તેમના માટે દુઆ ફર્માવતા **અલ્લાહુમ્મ ઐયિદહૂ બિરૂહિલ્ કુદ્દસિ.** એ જ પ્રમાણે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના બારામાં પણ એવી ઘણી રિવાયતો છે કે તેઓ અશ્આર સાંભળ્યા કરતા હતા.

**"સમાઅ"**નો અર્થ કેવળ એ જ છે કે **અશ્આર (શેઅરો)ને "સાંભળવું"** તેમણે એવું કયાં ફર્માવ્યું છે કે **મઝામીર (વાજિંત્રો) સાથે સમાઅ** સાંભળતા હતા ? **વાજિંત્રો હરામ છે !** શેઅરોને કોઈ સારા અવાજવાળા થકી સાંભળવું હરામ નથી...... *(સબએ સનાબિલ શરીફ, પેજ-૪૫૪, અઝ : હઝરત મીર સૈયદ અબ્દુલવાહિદ બેલગ્રામી)*

## ઈસ્લામના ચાહકોને અંતિમ વિનંતિ

વાજિંત્રો સાથે થતો સમાઅ તથા કવ્વાલી જાઈઝ નથી એના બારામાં દુનિયામાં દરેક દારુલ ઈફતાની એકમતી છે જેથી આ બાબત ગંભીરપણે લઈને એવું કરનારાઓએ પોતાની સુધારણા કરી લેવી જોઈએ.

**ચેતવણી :** કોઈ ચાલાક બિકાઉ મોલ્વીએ થોડા સમય પર "વાજિંત્રો સાથે કવ્વાલી જાઈઝ છે" એ સંબંધે કિતાબ કાઢી તેમાં કવ્વાલી તથા સમાઅ કે જે વિના વાજિંત્રે જાઈઝ છે તેના સંબંધી બુઝુર્ગોના જે કથનો છે તેમાં છેડછાડ કરીને કવ્વાલી તથા સમાઅ શબ્દ સાથે કૌંસ કરી "વાજિંત્રો સાથે" એવો શબ્દ ઉમેરી વાજિંત્રોવાળી કવ્વાલીને જાઈઝ ઠરાવવા નિષ્ફળ કોશિશ કરી હતી. નહીં તો દુનિયાભરમાં અત્યાર સુધીના તથા વર્તમાનકાળમાં કોઈ આલિમ, મુફતી કે દારુલ ઈફતાએ વાજિંત્રો સાથે કવ્વાલી જાઈઝનો ફત્વો આપ્યો નથી, બલ્કે વાજિંત્રો સાથે કવ્વાલીને હરામ કહી છે. અલ્લાહ સૌને સાચી સમજ આપે.

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَاِذْ جَعَلْنَا الْبَيْتَ مَثَابَةً لِّلنَّاسِ وَاَمْنًا ؕ وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ
اِبْرٰهٖمَ مُصَلًّى ؕ وَعَهِدْنَآ اِلٰٓى اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ اَنْ طَهِّرَا
بَيْتِىَ لِلطَّآئِفِيْنَ وَالْعٰكِفِيْنَ وَالرُّكَّعِ السُّجُوْدِ ﴿۱۲۵﴾ وَاِذْ قَالَ
اِبْرٰهٖمُ رَبِّ اجْعَلْ هٰذَا بَلَدًا اٰمِنًا وَّارْزُقْ اَهْلَهٗ مِنَ الثَّمَرٰتِ
مَنْ اٰمَنَ مِنْهُمْ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ قَالَ وَمَنْ كَفَرَ فَاُمَتِّعُهٗ
قَلِيْلًا ثُمَّ اَضْطَرُّهٗٓ اِلٰى عَذَابِ النَّارِ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿۱۲۶﴾ وَ
اِذْ يَرْفَعُ اِبْرٰهٖمُ الْقَوَاعِدَ مِنَ الْبَيْتِ وَاِسْمٰعِيْلُ ؕ رَبَّنَا تَقَبَّلْ
مِنَّا ؕ اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿۱۲۷﴾ رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ لَكَ
وَمِنْ ذُرِّيَّتِنَآ اُمَّةً مُّسْلِمَةً لَّكَ ۪ وَاَرِنَا مَنَاسِكَنَا وَتُبْ
عَلَيْنَا ۚ اِنَّكَ اَنْتَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿۱۲۸﴾ رَبَّنَا وَابْعَثْ فِيْهِمْ
رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِكَ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ
وَيُزَكِّيْهِمْ ؕ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۱۲۹﴾

**તર્જુમો** : અને યાદ કરો જ્યારે અમે બનાવ્યું આ ઘર (ખાનાએ કા'બા)ને મર્કઝ[૧૪૭] લોકોના માટે અને અમ્નની જગા અને (તેમને હુકમ આપ્યો કે) બનાવી લો ઈબ્રાહીમના ઉભા રહેવાની જગાને નમાઝની જગા[૧૪૮] અને અમે તાકીદ કરી દીધી ઈબ્રાહીમ અને ઈસ્માઈલને ખૂબ સાફ સુથરુ રાખશો મારું ઘર[૧૪૯] તવાફ કરનારાઓ, એ'તેકાફમાં બેસનારાઓ અને રુકૂઅ તથા સજદાઓ કરનારાઓ માટે. અને યાદ કરો ! જ્યારે અર્ઝ કરી ઈબ્રાહીમે, હે મારા રબ ! બનાવી દે આ શહેરને[૧૫૦] અમ્નવાળુ અને રોઝી આપ તેના રહેવાસીઓને વિવિધ પ્રકારનાં ફળોથી (એટલે) જે એમનામાંથી ઈમાન લાવે અલ્લાહ પર અને કયામતના દિવસ પર. અલ્લાહે ફર્માવ્યું (એમનામાંથી) જેણે કુફ્ર કર્યું તેને પણ ફાયદો ઉઠાવવા દઈશ થોડાક દિવસ, પછી મજબૂર કરીશ તેને દોઝખના અઝાબની તરફ અને આ ઘણુ જ બુરું ઠેકાણુ છે. અને યાદ કરો જ્યારે ઉઠાવી રહ્યા હતા ઈબ્રાહીમ (علیہ السلام) પાયાઓ[૧૫૧] ખાનાએ કા'બાના અને ઈસ્માઈલ (علیہ السلام) પણ, હે અમારા પરવરદિગાર ! કબૂલ ફર્માવ, અમારાથી (એ અમલ), બેશક ! તું જ સર્વકાંઈ સાંભળનાર સર્વકાંઈ જાણનાર છે. હે અમારા રબ ! બનાવી આપ અમને તારા આજ્ઞાંકિત અને અમારી ઔલાદમાંથી પણ એક એવી જમાઅત પેદા કર જે તારી આજ્ઞાંકિત હોય. અને બતાવી દે અમને અમારી ઈબાદતના તરીકા અને ધ્યાન કર અમારા પર (તારી રહમતથી) બેશક ! તું જ ઘણો તૌબા કબૂલ કરનાર હમેશાં રહેમ ફર્માવનાર છે. હે અમારા રબ ![૧૫૨] મોકલ એમનામાં એક બરગુઝીદા રસૂલ એમનામાંથી જેથી પઢીને સંભળાવે[૧૫૩] તેમને તારી આયતો અને શીખવાડે તેમને આ કિતાબ

અને શાણપણની વાતો અને પાક સાફ કરી દે તેમને, બેશક ! તું જ ઘણો જબરદસ્ત (અને) હિકમતવાળો છે.

## ★ તફસીર ★

**૧૪૭.** અલ્લાહ તઆલાનું આ ફર્માન હજારો ક્રાંતિઓ છતાં જેવી રીતે પૂરું થઈ રહ્યું છે તેનો અનુભવ દોસ્ત તથા દુશ્મન સર્વ કરતા આવ્યા છે અને કયામત સુધી અનુભવ કરતા રહેશે.

**૧૪૮.** તે પથ્થર જેના પર ઉભા રહીને હઝરત ઈબ્રાહીમ علیہ السلام કા'બાની તામીર કરતા રહ્યા તેને મકામે ઈબ્રાહીમ કહે છે. અલ્લાહ તઆલાને પોતાના મહબૂબોની દરેક અદા અને તેમનાથી સંબંધ ધરાવતી દરેક ચીજ ઘણી પ્યારી હોય છે, એટલે સુધી કે તે નિર્જીવ તુચ્છ પથ્થર જેને હઝરત ખલીલ علیہ السلام ના પગોને સ્પર્શી જવાનો શરફ પ્રાપ્ત થયો તે કુદરતની નિગાહમાં એટલો પ્રિય તથા શાનવાળો છે કે ઉમ્મતે મુસ્તફવીને હુકમ આપવામાં આવી રહ્યો છે કે તેને પોતાની નમાઝની જગા બનાવો.

**૧૪૯.** હવે કા'બાને આબાદ કરવા તથા રોનક વધારવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હુકમ છે હે ઈબ્રાહીમ ! હે ઈસ્માઈલ ! દરેક નાપાકીથી દરેક ગંદકીથી તેને પાક સાફ રાખો, તેની ફર્શ ધૂળથી, તેની દીવાલો ખરાબ ડાઘાઓથી અને તેની છતો કરોળિયાનાં જાળાંઓથી ભરાયેલી ન રહે, બલ્કે ઉજળુ ફર્શ, સાફ આયના જેમ દીવાલો અને પાક તથા સાફ છતો હોય જેથી ઈબાદત કરનારાઓનું દિલ જામી જાય અને તેઓ ઈત્મિનાનથી પોતાના રબની યાદ કરતા રહે. જ્યારે જાહેરી પાકીઝગીની આટલી વ્યવસ્થા થઈ રહી છે તો કુફ્ર તથા શિર્કની ગંદકીથી તેને પાક રાખવું કેટલું મહત્વનું હશે. આ દલીલથી દરેક મસ્જિદને પાક તથા સાફ રાખવાનો હુકમ સાબિત થાય છે.

**૧૫૦.** હઝરત ખલીલ علیہ السلام એ અર્ઝ કરી, હે રબ્બે કરીમ ! આ શહેરને અમ્નનો ગહવારો બનાવી દે અને તેના ઈમાનદાર વતનીઓને તાજાં ફળો ખાવાના માટે અતા ફર્માવ. અલ્લાહ તઆલાએ બંને માંગણીઓ પૂરી કરી. ઈમાનના સંબંધે કેમ કે એવી હિદાયત કરવામાં આવી હતી કે આ કેવળ ફર્માંબરદારો ! (આજ્ઞાંકિતો)નો હિસ્સો છે એનાથી સબક મેળવીને હઝરત ખલીલ علیہ السلام એ પાક રોજીનો સવાલ કર્યો તો કેવળ ઈમાનવાળાઓ માટે. પરંતુ પરવરદિગારે આલમે ફર્માવ્યું કે રોજી તો મો'મિન અને કાફિર સર્વને આપીશ પરંતુ કાફિરોને થોડાક દિવસની જિંદગી પસાર કર્યા પછી કુફ્ર તથા શિર્કની સજા ભોગવવા માટે દોઝખમાં નાખી દેવામાં આવશે.

**૧૫૧.** ખૂદ કા'બાની દીવાલો ચણી રહ્યા છે, ઉચ્ચ નસીબવંત ફરઝંદ પથ્થર તથા ગારો ઉઠાવી ઉઠાવીને લાવી રહ્યા છે. નસીમે રહમતનાં ઝોંકાઓથી દિલોના ગુન્ચા ખીલી રહ્યા છે, કૈફ તથા ઉમંગની એક અવર્ણનીય કૈફિયત છવાયેલી છે. તે વખતે અલ્લાહના આ બંને મકબૂલ બંદાઓ પોતાના રબ્બે કરીમથી માંગી રહ્યા છે અને તે આપતો જઈ રહ્યો છે. તલબનો દામન ફેલાયેલો છે અને દસ્તે કરીમ સખાવત તથા અતા કરવામાં વ્યસ્ત છે. પોતાના માટે તથા પોતાની ઔલાદના માટે એટલું જ માંગ કે ન્યાઝની લજ્જત ઔર મળે, ઈબાદતના લુત્ફમાં ઔર વધારો થાય. مسلمین لک અને امة مسلمة لک કહીને જાણે સર્વ કાંઈ તો માંગી લીધું.

**૧૫૨.** પોતાના માટે તથા પોતાની ઔલાદના માટે દુઆ માંગ્યા બાદ અલ્લાહ તઆલાથી એક એવા જલીલુલ કદર રસૂલને ઉતારવા માટે દુઆ કરવામાં આવી રહી છે જેની રહમતનો દામન એટલો વિશાળ તથા કરમનો દરિયો એટલો ભવ્ય હોય કે દરેક ખાસ તથા આમ તેનાથી ફાયદો ઉઠાવી શકે. હવે એ જોવાનું છે કે આ દુઆ કોના સંબંધે છે ?

કુર્આનના શબ્દો પર વિચારણા કરવાથી હકીકત ખુલી જાય છે وابعث فيهم અને رسولا منهم પર વિચારણા કરો هم ની ઝમીરનો નિર્દેશ ક્યાં તો امة مسلمة મુસ્લિમ ઉમ્મત છે અથવા ذريتنا ઔલાદો છે, એના સિવાય કોઈ અન્ય શબ્દ નથી જે કોઈ તાવીલથી પણ هم નો મરજઅ બનાવી શકાતો હોય. આ બંને શબ્દોમાંથી કોઈ એકને તમે મરજઅ બનાવો તો પ્રથમ સ્થિતિમાં અર્થ એ થશે કે ઉમ્મતે મુસ્લિમમાંથી જે અમારી (ઈબ્રાહીમ علیہ السلام તથા ઈસ્માઈલ علیہ السلام ની, કેમ કે એઓ બંનેવ દુઆ કરનારા છે, ત્રીજો અન્ય કોઈ નથી) ઔલાદમાંથી હોય (તેને) રસૂલ મોકલ. બીજી સ્થિતિમાં એ અર્થ થશે કે અમારી ઔલાદમાંથી એક રસૂલ મોકલ. બંને સ્થિતિઓથી એ જ સાબિત થાય છે કે આ દુઆનો તે જ મિસ્દાક છે જે ઈબ્રાહીમ علیہ السلام તથા ઈસ્માઈલ બંનેની નસલમાંથી હોય. અને જે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની નસલથી તો હોય પરંતુ ઈસ્માઈલ علیہ السلام ની નસલથી નથી (દા.ત. ઈસ્હાક علیہ السلام ની ઔલાદ) તે આ દુઆનો મિસ્દાક નથી બની શક્તો. અને કુદરતનો લુત્ફ જુઓ કે આ બંનેની નસલમાંથી હુઝૂર કરીમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ સિવાય કોઈ રસૂલ આવ્યા નથી, બલ્કે કોઈને નબુવ્વતનો જૂઠો દાવો કરવાની તૌફીક પણ નથી થઈ. જેથી એ હકીકત દરેક શંકા કુશંકાથી પર છે કે મુસ્તફા ﷺ ની જાત જ હતી જેમના માટે ખલીલ علیہ السلام તથા ઝબીહ علیہ السلام દુઆ કરતા રહ્યા. رسولاً મુફરદ (વાહિદ) અને નકરા (અનિશ્ચિત) વપરાયું છે, જેનાથી એ બાબત તરફ નિર્દેશ છે કે, એક અન્ય થશે અજોડ મહાન શાનવાળો. الحمدلله الذى جعلنا من أمته હુઝૂર ﷺ એ ખૂદ પણ ફર્માવ્યું કે ان دعوة ابى ابراهيم "હું મારા બાપ ઈબ્રાહીમ علیہ السلام ની દુઆ છું."

**૧૫૩.** એ રસૂલની ફરજો ગણાવવામાં આવી રહી છે : એક તો એ કે તે અલ્લાહની આયતો પઢી પઢીને સંભળાવશે, બીજી એ કે કિતાબ તથા હિકમત શીખવાડે, ત્રીજી એ કે પોતાના રૂહાની તસર્રુફથી દિલોના આયનાઓને હલાવી આપે અને રોશન કરે જેથી હકીકતો તથા મઅરેફતો એમાં જોવા મળે.

હિકમતથી શું મુરાદ છે ? એને સમજવાથી એક ઘણા જ મોટા ફિત્નાનો જડમૂળથી સફાયો થઈ જશે. હિકમત કહે છે દરેક ચીજને તેના સમય તથા સંજોગ પર રાખવી. અહીં **અલ્ હિકમહ**નો શબ્દ જે આવેલ છે તેનાથી મતલબ કુર્આની હુકમોની એવી તફસીલ અને તેનું એવું બયાન છે જેને જાણ્યા પછી ઈન્સાન એ હુકમોનું એવું પાલન કરી શકે જેવો કુર્આન ઉતારનાર ખુદાનો હેતુ છે. અને નબીની ફરજોમાં કેવળ એ જ નહીં કે કુર્આન શીખવાડી દે, બલ્કે એનું સહીહ વર્ણન તથા તફસીલ પણ શીખવાડી આપે જેથી કુર્આનના હેતુ અનુસાર અમલ થઈ શકે. અને એ જ હિકમત એટલે કુર્આનના વર્ણનને સુન્નતે નબવી કહેવામાં આવે છે. અન્ય વિવિધ આયતોમાં આ બાબતની સ્પષ્ટતા કરી દેવામાં આવી છે કે હિકમતે કુર્આન એટલે તેનું વર્ણન નબીનો સ્વ ઈજતેહાદ નથી હોતો બલ્કે તે પણ અલ્લાહ તરફથી નાઝિલ કરવામાં આવે છે. દા.ત. ઈર્શાદ છે : وانزل الله عليك الكتاب والحكمة

**તર્જુમો** : "અલ્લાહે આપના પર (હે નબી !) કિતાબ તથા હિકમત નાઝિલ ફર્માવી છે." એનાથી સાબિત થયું કે જેવી રીતે કુર્આનનું પાલન કરવું ફર્ઝ છે એ જ રીતે સાહિબે કુર્આનની સુન્નત પર અમલ કરવો પણ જરૂરી છે. આનાથી તે લોકોની ગલતફહમીનું નિવારણ પણ થઈ ગયું જેઓ સુન્નતને નબી કરીમ ﷺ ની અંગત રાય ખયાલ કરે છે અને એના પર અમલ કરવો જરૂરી યકીન નથી કરતા. (હિકમત તથા સુન્નત પર વિસ્તૃત ચર્ચા લેખકની કિતાબ "સુન્નતે ખયરુલ અનામ"માં વાંચો)

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૩૮ ★

હઝરત મઆઝ رضی اللہ عنہથી રિવાયત છે : ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ દસ ચીજોની વસિયત ફર્માવી[૧]. ફર્માવ્યું : રબની સાથે કોઈને શરીક ન માનો, ભલે મારી નાખવામાં આવે કે સળગાવી દેવામાં આવે[૨]. પોતાનાં માબાપની નાફર્માની ન કરો ભલે તેઓ તમને પોતાના ઘરબાર અથવા માલથી નીકળી જવાનો હુકમ આપે[૩]. ફર્ઝ નમાઝ જાણીબુઝીને કદાપિ ન છોડો કેમ કે જે કોઈ જાણીબુઝીને નમાઝ છોડી આપે તેનાથી અલ્લાહનો ઝિમ્મો તથા ઝમાન (જિમ્મેદારી) જતી રહી[૪]. શરાબ કદાપિ ન પીઓ કે એ દરેક કુકર્મનું મૂળ છે[૫]. ગુનાહથી પોતાને બચાવો કેમ કે ગુનાહના કારણે અલ્લાહની નારાજગી નાઝિલ થાય છે[૬]. જેહાદથી ભાગી જવાથી બચો, ભલે લોકો હલાક થઈ જાય[૭]. અને જ્યારે લોકોને વબાથી મૌત પહોંચે અને તમે તેમાં હોઉ તો અડગ રહો[૮]. પોતાનાં બાળબચ્ચાં પર પોતાની કમાઈમાંથી ખર્ચ કરો[૯], તમારી તર્બિયત (કેળવણી)ની ચાબુક તેમનાથી ન હટાવો[૧૦], તેમને અલ્લાહથી ડરાવતા રહો. *(અહમદ)*

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે : ફર્માવે છે[૧૧] કે નિફાક (મુનાફિકપણુ) હુઝૂર صلی اللہ علیہ وسلمના જાહેરી જમાનામાં હતું પરંતુ આજે ક્યાં તો કુફ્ર છે અથવા ઈમાન[૧૧]. *(બુખારી)*

## ★ સમજૂતી ★

**૧.** એટલે કે તાકીદી હુકમ આપ્યો. અરબીમાં તાકીદી હુકમને વસિયત કહેવામાં આવે છે. રબ ફર્માવે છે : یُوْصِیْکُمُ اللّٰہُ فِیْٓ اَوْلَادِکُمْ

**૨.** જાનના સમયે જાન આપી દો પણ દિલથી કુફ્ર તથા શિર્ક ન કરો, એ કોઈ હાલતમાં જાઈઝ નથી. જાનના ખતરાના સમયે જીભથી કુફ્ર બોલી દેવું એ શરતે કે દિલમાં ઈમાન હોય, તો જાઈઝ છે. રબ ફર્માવે છે : اِلَّا مَنْ اُکْرِہَ وَقَلْبُہٗ مُطْمَئِنٌّ بِالْاِیْمَانِ

અહીં દિલથી કુફ્ર મુરાદ છે, જેથી આ હદીષ એ આયતના વિરૂધ્ધ નથી. તેમજ જે જાન આપી દે પણ કુફ્ર વાણી ન બોલે તો બદલાનો હક્કદાર રહેશે. જાન આપી દેવી 'અઝીમત' છે અને જાન બચાવવી 'રુખસત.' જો હદીષનો એ મતલબ હોય તો હુઝૂરે મઆઝલ્લાહ ! 'અઝીમત'નો હુકમ આપ્યો !

**૩.** આ હુકમ ઈસ્તેહબાબી છે. માબાપના હુકમ 5Z 5tGLG[T, F5 V F5 L N[)L **મુસ્તહબ** છે. ઈસ્માઈલ علیہ السلامએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો ઈશારો પામીને તલાક આપી દીધી એ મુસ્તહબ પર અમલ હતો, પણ બાપના હુકમથી બીવી કે બચ્ચાં પર જુલ્મ ન કરે, કે જુલ્મથી બચવાના માટે અલ્લાહ વ રસૂલનો હુકમ છે, તેમનો હુકમ માબાપના હુકમ પર અગ્રતા ધરાવે છે. એ જ પ્રમાણે જો માબાપ કુફ્ર અથવા ગુનોહ કરવાનો હુકમ આપે તો ન માને. રબ ફમાવે છે :–

وَاِنْ جَاھَدٰکَ عَلٰٓی اَنْ تُشْرِکَ بِیْ فَلَاتُطِعْ ھُمَا

**૪.** એટલે કે બેનમાઝી અલ્લાહની અમાનમાં નથી રહેતો. નમાઝની બરકતથી ઈન્સાન દુનિયામાં આફતોથી, મરતી વેળા બુરા ખાત્માથી કબરમાં ફેઈલ થવાથી, કિયામતમાં મુસીબતોથી અલ્લાહના ફઝલથી અમ્નમાં રહે છે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે વઝીફા, અમલો, તાવીઝોનો ફાયદો પ્રાપ્ત કરવા માટે નમાઝની પાબંદી પીર તથા મુરીદ બંને

માટે અનિવાર્ય છે.

**૫.** શરાબથી મતલબ દરેક નશાવાળી ચીજ છે. કેમ કે નશાથી અક્કલ જ જતી રહી તો બુરાઈ ભલાઈ કોણ બતાવે ? શરાબી પેશાબ પાખાનુ સુદ્ધાં ખાય જાય છે ! યાદ રાખશો કે દરેક પાતળી નશાવાળી ચીજ હરામ છે. દ્રાક્ષની શરાબ કતઈ હરામ અને અન્ય શંકાવાળી (શરાબો) અફીણ, ભાંગ, તમાકુ નશો આપે તો હરામ છે.

**૬.** યાદ રાખો કે નાના ગુનાહને નાનો સમજીને ન કરી લો, નાની નેકીને તુચ્છ સમજીને ન છોડી આપો. નાનો ગુનોહ ચિન્ગારીની જેમ છે જે ક્યારેક મકાન સળગાવી નાખે છે. મામૂલી નેકી થોડા સરખા પાણીની જેમ છે જે ક્યારેક જીવ બચાવી લે છે. શૈતાન પ્રથમ નાના ગુનોહ કરાવે છે પછી મોટા ગુનાહ કરાવે છે પછી કુફ્ર તથા શિર્ક કરાવે છે. નાનો ગુનોહ પણ સતત કરવાથી મોટો બની જાય છે. જેથી હદીષ તદ્દન સહીહ છે. અહીં દરેક ગુનોહ મુરાદ છે કે તે સીધી કે આડકતરી રીતે અલ્લાહની નારાજગીનો સબબ છે.

**૭.** આ હુકમ પણ ઈસ્તેહબાબી (મુસ્તહબના હુકમમાં) છે, જો કોઈ ગાઝી એવા મોકા પર અડગ રહે અને શહીદ થઈ જાય તો સવાબ પામશે, અને જો ભાગી જાય તો ગુનેહગાર ન થશે. રબ ફર્માવે છે : اَلْاٰنَ خَفَّفَ اللّٰهُ عَنْكُمْ *(મિશ્કાત)*

**૮.** એટલે કે જ્યાં તમે હોય ત્યાં પ્લેગ વગેરે કોઈ બીમારી ફેલાઈ જાય તો ત્યાંથી ભાગો નહીં, જેથી ત્યાંનાં મુડદાં કફન તથા કબર વિનાનાં તથા બીમારીમાં કોઈ સહાય કરનાર વિનાનાં ન રહી જાય, અને જ્યાં (પ્લેગ) હોય ત્યાં ન જાવ.

રબ ફર્માવે છે : لَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ

**૯.** જાણવા મળ્યું કે પત્ની તથા બાળકોના ભરણપોષણ માટે કમાણી કરવી પણ ઈબાદત છે, ઈસ્લામ સન્યાસ લેવાનું નથી શીખવાડતો.

**૧૦.** પત્ની તથા બાળકોની હાલતોને ધ્યાનમાં રાખો, તેમની સુધારણા કરતા રહો. નાના બાળકોને તો શિક્ષા કરીને અને મોટાઓને જીભ વડે ધમકાવીને ડરાવીને સુધારતા રહો. કયામતમાં તમને તેમના વિશે પણ સવાલ થશે. રબ ફર્માવે છે :– قُوْٓا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا

**૧૧.** આપનું નામ શરીફ હુઝૈફા અને કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ અબસી છે. આપના વાલિદ હસીલ તેમનો લકબ યમાન છે. આપ હુઝૂર ﷺના રાઝદાર છે. હિ.સ. ૨૫માં ઉષ્માન ગનીની શહાદતના ૪૦ દિવસ પછી મદાઈનમાં આપનો ઈન્તેકાલ થયો ત્યાં જ આપનો મઝાર શરીફ છે.

## કલ્મા શરીફની બરકત

મુલ્લા અલી કારી શર્હે મિશ્કાતમાં ફર્માવે છે : સૈયદી શૈખે અકબર મુહ્યુદ્દીન બિન અરબીએ ફર્માવ્યું કે મને હુઝૂર ﷺ ની હદીષ પહોંચી છે કે જે વ્યક્તિ સિત્તેર હજાર વખત **લાઈલાહ ઈલ્લલ્લાહ** પઢે એની મગફેરત થઈ જશે અને જેના માટે આટલી વખત કહેવામાં આવે એની પણ મગફેરત થઈ જશે. મેં **લાઈલાહ ઈલ્લલ્લાહ** એટલી વખત પઢ્યું હતું અને કોઈના માટે નિશ્ચિત નિય્યત ન કરી હતી. મારા અન્ય દોસ્તો સાથે એક જગાએ દા'વતમાં ગયો તેઓમાં એક નવયુવાનના કશ્ફને ખ્યાતિ પ્રાપ્ય હતી. ખાવા ખાતાં ખાતા રડવા લાગ્યો. મેં કારણ પૂછયું તો કહ્યું, હું મારી માને અઝાબમાં જોઈ રહ્યો છું ! મેં મારા દિલમાં કલ્માનો સવાબ એની માને બખ્શી આપ્યો તો તરત જ એ નવયુવાન હસવા લાગ્યો અને કહ્યું કે હું મારી માને સારી જગાએ જોઈ રહ્યો છું ! ઈમામ મુહયુદ્દીન બિન અરબી ફર્માવે છે કે મેં હદીષની સત્યતા એ નવયુવાનના કશ્ફથી જાણી અને એના કશ્ફની સત્યતા હદીષથી જાણી. *(તોહફાએ નજાત, ભાગ–૯, લેખક : હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી–પ્રેસ્ટન)*

شفا شریف شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ**

★ ઉર્દૂ અનુવાદક ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

(વિભાગ : ૮)

## પ્રશંસાપાત્ર અને ગર્વપાત્ર બાબતો

જે કાર્યોની બેહદ પ્રશંસા કરવામાં ગણત્રી થાય છે અને જેના વધારેપણાના કારણે એક બીજા પર ગર્વ અનુભવે છે તેમાંથી (૧) નિકાહ અને (૨) પ્રતિષ્ઠા પણ છે. નિકાહ એક એવી વસ્તુ છે જેની ખૂબી પર શરીઅત તથા રિવાજ બંને સંમત છે, કારણ કે આ સંપૂર્ણ મર્દ હોવા પર અને મર્દની તાકાતની નિશાની છે અને તેમાં વધારાના કારણે એક બીજા પર હમેશાંથી ગર્વ કરતા આવ્યા છે અને મુબારક શરીઅતમાં પણ આ સુન્નત સ્વીકારવામાં આવી છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે, આ ઉમ્મતમાં સૌથી શ્રેષ્ઠ તે છે જેની પત્નીઓ વધુ હોય. કહેવામાં આવે છે કે, તેમના આ કથનમાં નબી કરીમ ﷺની તરફ ઈશારો છે.

ફખ્રે દો આલમ ﷺએ ફર્માવ્યું છે કે, નિકાહ કરીને ઔલાદને શોધો જેથી હું તમારા આ વધારાના કારણે બીજી ઉમ્મતો પર ગર્વ કરીશ. આપે "તલબત્તલ" એટલે ઔરતોથી સંબંધવિહિન રહેવાની મનાઈ ફર્માવી છે. કેમ કે નિકાહમાં કામવાસનાની સાંત્વના અને નજરનું રક્ષણ છે.

સરવરે કોનો મકાં ﷺએ સખ્તીના સાથે હુકમ આપ્યો છે કે, તાકાત ધરાવનારે જરૂર નિકાહ કરવા જોઈએ કેમ કે આ નજરને નીચી અને શર્મગાહને રક્ષિત રાખનારી ચીજ છે. ઉલ્માએ કિરામ ફર્માવે છે કે, નિકાહ કરવાથી ઝુહદ (પરહેઝગારી)માં કોઈ ફર્ક પડતો નથી.

હઝરત સુહેલ બિન અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ ફર્માવે છે, જ્યારે સૈયદુલ મુરસલીન ﷺને ઔરતો પસંદ અને પ્રિય હતી તો નિકાહની તાકાત હોવા છતાં દૂર રહેવામાં પરહેઝગારી કેવી ?

આવી રીતે હઝરત ઈમામ સુફયાન બિન ઉયૈનહ رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૯૮)એ ફર્માવ્યું કે, જે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین સંપૂર્ણપણે આબિદ અને પરહેઝગાર હતા તેમની વિવિધ પત્નીઓ તથા લોંડીઓ હતી, તેઓ વધારે નિકાહ કર્યા કરતા હતા, આ બાબતમાં હઝરત અલી મુર્તઝા, ઈમામ હસન અને અબ્દુલ્લાહ બિન ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના વિશે અધિક નિકાહ કરવાના બનાવો મૌજૂદ છે.

કેટલાય ઉલ્માએ કિરામે આ વાતને મકરૂહ ગણી છે કે, મનુષ્ય કુંવારાપણાની હાલતમાં પોતાના પરવરદિગારની બારગાહમાં હાજર થાય.

જો કોઈ એ કહે કે, નિકાહ કરવા અને તેની અધિકતામાં કેવી રીતે ફઝીલત હોઈ શકે છે ? જ્યારે હઝરત યહ્યા બિન ઝકરિયા અલા علیہ السلام ની અલ્લાહ جل جلالہ એ "હુસૂરન" એટલે ઔરતોથી દૂર રહેવાના કારણે પ્રશંસા કરી છે. આ હાલતમાં એ કેવી રીતે શક્ય છે કે, આપ અધિક નિકાહ કરવાને ફઝીલત ગણી રહ્યા છો ? પરંતુ અલ્લાહ તઆલા આનાથી બચવાવાળાની પ્રશંસા કરે છે અને હઝરત ઈસા બિન મરયમ અલા નબીય્યના વ અલયહિસ્સલાતુ વસ્સલામ પણ ઔરતોથી દૂર રહ્યા છે. જો આપના કૌલમાં નિકાહમાં ખરેખર ફઝીલત હોતી તો ખુદાના નબી થઈને તેનો જરૂર નિકાહ કરતા.

જાણી લેવું જોઈએ કે, હઝરત યહ્યા عليه السلامનું એકાંતમાં રહેવું એ અર્થમાં હતું કે, કેટલાક ઉલ્માએ કહ્યું કે, તેઓ ઔરતોથી ડરતા હતા, અથવા વંશ વધારવાના અવયવોથી વંચિત હતા. આ વાતને પ્રખ્યાત સંશોધકો અને સમાલોચક વિદ્વાનોએ ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે, આ અયબની વાત છે જે હઝરાત અંબિયાએ કિરામ عليهم السلامની શાનને યોગ્ય નથી. પંરતુ તેનો અર્થ આ છે. હઝરત યહ્યા عليه السلام ગુનાહની કલ્પના પણ કરતા ન હતા. કેટલાક ઉલ્માએ કિરામે આવો અર્થ બયાન કરેલ છે કે, તેઓ નફ્સને મનેચ્છાઓથી રોકવાવાળા અને પોતાની ઈચ્છાને પૂરી રીતે કાબૂમાં રાખતા હતા. કેટલાક એવું પણ કહે છે કે તેમને ઔરતો પ્રતિ આકર્ષણ જ ન હતું.

જ્યારે સવાલ કરનારને એ જાણવા મળ્યું કે, નિકાહ પર તાકાત ન હોય ત્યારે અયબ છે અને તેના વિરૂદ્ધ ઈન્સાન સમર્થ હોય અને પ્રયત્નો દ્વારા બચે જેવું કે, હઝરત ઈસા عليه السلامએ કર્યું. અથવા સંયમ કર્યા અને રબ્બુલ ઈઝઝતની મદદના સાથે દૂર રહ્યા, જેવું કે હઝરત યહ્યા عليه السلام દૂર રહેતા હતા, ત્યારે એ પણ એક મોટી ફઝીલત છે. કેમ કે ઘણા સમયોમાં આ વસ્તુ અલ્લાહની બંદગીથી રોકવા અને દુનિયા તરફ ઝુકાવવાવાળી છે.

**પત્નીના હક્કો અદા કરવા** : પરંતુ આ ફઝીલતથી તે ફઝીલત ખરેખર વધુ છે કે, એક શખ્સ નિકાહ કરવા માટે સમર્થ છે અને તે નિકાહ કરે અને જે હક્કને અદા કરવા તેના માટે વાજિબ ગણવામાં આવ્યા છે તેની અદાઈગી તેને પોતાના પરવરદિગારથી ગાફેલ ન કરે. આ ઉચ્ચતર ફઝીલત આપણા આકા વ મૌલા સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ صلى الله عليه وسلمને પ્રાપ્ત હતી. કેમ કે આપની અધિક પવિત્ર પત્નીઓ હતી પરંતુ આપને તેમના હક્કોની અદાઈગી અલ્લાહ રબ્બુલ ઈઝઝતથી ગાફેલ કરતી ન હતી, તેમના ભરણપોષણનો બંદોબસ્ત કરતા અને તેમને રાહે હિદાયત દેખાડતા હતા, જ્યારે કે આ વાતોના કારણે આપની ઈબાદત અને નેકીઓમાં વધારો થતો રહેતો હતો.

ઉલ્માએ કિરામે સ્પષ્ટીકરણ કરેલ છે કે, નબી કરીમ صلى الله عليه وسلمના હક્કમાં નિકાહની અધિક્તા દુનિયાની મજાના માટે ન હતી, જ્યારે કે બીજા લોકોના માટે ખરેખર આ કૃત્ય દુનિયાની મજાના માટે છે. ફખ્રે દો આલમ صلى الله عليه وسلمએ ફર્માવ્યું છે કે, તમારી દુનિયાથી મારા માટે અલ્લાહ તઆલાએ ઔરતો અને ખુશ્બૂ મહબૂબ કરી દીધી છે. આનાથી જાણવા મળ્યું કે, આપનું ઔરત અને ખુશ્બૂ જેવી ચીજોને મહબૂબ રાખવું અને તેનો ઉપયોગ કરવો કેવળ આખિરત માટે હતો, જ્યારે કે બીજા લોકોના માટે આ ચીજો દુનિયાદારીની છે પરંતુ આપના માટે આ ચીજો દુનિયાદારીમાંથી ન હતી. તે ફાયદાઓના કારણે હતી જેની ચર્ચાને અમે નિકાહના વર્ણન હેઠળ કરી ચૂક્યા છીએ.

**હુઝૂરને ખુશ્બૂ પસંદ હતી** : રહ્યો ખુશ્બૂનો ઉપયોગ તો એ કારણે હતો કે આપની બારગાહમાં ફરિશ્તાઓ હાજર થતા હતા અને બીજુ કારણ એ હતું કે, ખુશ્બૂ સંભોગ આકર્ષણમાં મદદગાર અને સંભોગના કારણને ઉત્તેજન આપનાર છે. આ બંને વસ્તુઓ આપને પોતાની જાતને પ્રિય ન હતી. તો પણ તે કોઈના દ્વારા એટલે કામવાસનાનું જોર ઓછું કરવાની ઈચ્છાથી પ્રિય હતી. નહીં તો ખરેખર મહોબ્બત તો આપને ઝાતે બારી તઆલાના સાથે ખાસ હતી. જેના કારણે આપ આપના માલના જબરૂતના મુશાહિદા અને દુઆમાં મશગૂલ રહેતા હતા. એ માટે આપે આપની બંને હાલતમાં અંતર રાખ્યું છે અને એક હાલતને બીજીથી જૂદી કરતા સમયે ફર્માવી દીધું છે કે મારી આંખોની ઠંડક નમાઝમાં રાખવામાં આવી છે.

વળી આ બાબતમાં તો આપ હઝરત યહ્યા عليه السلام અને હઝરત ઈસા عليه السلامના બરાબર છે કે, આપ પણ ઔરતોના ફિત્ના ફસાદથી રક્ષિત રહ્યા છે. પરંતુ આ ફઝીલતમાં આપ એ હઝરતોથી

અગ્રેસરતા લઈ ગયા છે કે આપ ઔરતોના હક્કોને ખૂબ સારી રીતે અદા કર્યા છે.

નબી કરીમ ﷺઆ કૃત્યમાં એ લોકોમાંથી છે જેમને અલ્લાહ તઆલાએ મહાન તાકાત અને કુદરત અર્પણ કરી છે. આ જ કારણ છે કે બારી તઆલાએ લોંડીઓના સિવાય આપના માટે એટલી પત્નીઓ હલાલ કરી દીધી જેટલી કે બીજાઓના માટે હલાલ ફર્માવી નથી. કાઝી અયાઝ رحمۃ اللہ علیہ પોતાની સનદના સાથે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે નબી કરીમ ﷺ એક દિવસ અથવા રાતમાં પોતાની તમામ અઝવાજે મુતહરાતના પાસે તશરીફ લઈ જતા હતા યદ્યાપિ તેઓ અગ્યાર હતી.

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, અમે અંદરો અંદર એવું કહ્યું કરતા હતા કે, નબી કરીમ ﷺને ત્રીસ મર્દોની તાકાત અર્પી હતી, અને નિસાઈએ સંખ્યા ઓછી કરી છે. અને આવું જ અબૂ રાફેઅ رحمۃ اللہ علیہથી મરવી છે અને તાઉસ (વફાત : હિ.સ. ૧૦૬)થી મરવી છે કે, નબી કરીમ ﷺને ચાલીસ મર્દોની તાકાત અતા ફર્માવી હતી અને સફવાન બિન સુલૈમ رحمۃ اللہ علیہએ પણ આ જ કહ્યું છે.

આપે આઝાદ કરેલ લોંડી હઝરત સલ્મા رضی اللہ عنہાનું બયાન છે કે, ફખ્રે દો આલમ ﷺ એક રાત્રે પોતાની નવ અઝવાજે મુતહ્હરાતના પાસે તશરીફ લઈ જતા હતા. એકથી નિવૃત્ત થયા, પછી બીજીની પાસે જતા પહેલાં ગુસલ કરતા હતા અને સદ્દ્પદેશ આપ્યો કે, આ રીતે ગુસલ કરી લેવું પવિત્રતા પસંદગી અને છેવટની પાકીઝગી છે. અને આપે ફર્માવ્યું કે, એક વખતે હઝરત સુલયમાન علیہ السلام એ ફર્માવ્યું હતું કે, આ જ રાતમાં પોતાની એકસો નવ્વાણું બીવીઓના પાસે જઈશ, અને તેમણે એમ જ કર્યું હતું.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે, હઝરત સુલયમાન علیہ السلامમાં સો મર્દોની તાકાત હતી. તેમની ત્રણસો પત્નીઓ અને ત્રણસો લોંડીયો હતી. નક્કાશ رحمۃ اللہ علیہ વગેરેએ હિકાયત કહી છે કે, તેમની સાતસો પત્નીઓ અને ત્રણસો લોંડીઓ હતો.

હઝરત દાઊદ علیہ السلام ઘણા પરહેઝગાર હતા. પરંતુ તેમની નવ્વાણું પત્નીઓ હતી. જયારે કે અવરીયાની પત્નીથી નિકાહ કરવા પર પૂરી એક સો થઈ ગઈ હતી અને આ શૃંખલામાં ખૂદ કુર્આને કરીમની આ સ્પષ્ટતા મૌજૂદ છે.

અર્થાત : "બેશક ! મારો ભાઈ છે. તેના પાસે નવ્વાણું ઘેટીઓ છે અને મારા પાસે એક ઘેટી." *(સૂરએ સ્વાદ, આયત–૨૩)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને ચારો વાતોના કારણે બીજા લોકો પર ફઝીલત (શ્રેષ્ઠતા) આપવામાં આવી છે. જે આ પ્રમાણે છે : (૧) સખાવત (૨) શુજાઅત (બહાદુરી) (૩) મર્દોની તાકાતની અધિક્તા (૪) કુવ્વતે બાઝુ (બાવડાની તાકાત).

જ્યાં સુધી પ્રતિષ્ઠા સાથે સંબંધ છે ત્યારે બુદ્ધિશાળીઓએ તેને પ્રશંસાની ખૂબીઓમાં ગણત્રી કરી છે. કારણ કે પ્રતિષ્ઠાના પ્રમાણે જ લોકોમાં ઈજ્જત થાય છે. હઝરત ઈસા علیہ السلامના વિશે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

وَجِيهًا فِي الدُّنْيَا وَالْآخِرَةِ "શિષ્ટાચારી હશે દુનિયા અને આખેરતમાં." *(સૂરએ આલે ઈમ્રાન, આયત–૪૫)*

પરંતુ પ્રતિષ્ઠાના માર્ગમાં અસંખ્ય આફતો છે જે કેટલાક લોકો માટે આખેરતમાં નુકસાનનું કારણ બનશે. આ જ કારણે કેટલાક હઝરાતે તેની નિંદા કરી છે અને પ્રતિષ્ઠાના અભાવને પ્રશંસાપાત્ર ગણી છે. શરીઅતે મુતહ્હરામાં પણ આજિઝી અને નમ્રતાની પ્રશંસા કરવામાં આવી છે અને જમીનમાં ઘમંડ અને અકડાઈપણાને ખરાબ ગણી છે.

**હુઝૂરનો જાહોજલાલ :** નબી આખેરુઝ્ઝમાં સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ ﷺને બારી

તઆલાએ ઈજ્જત અને મર્તબાની દૌલતથી માલમાલ કરી દીધા હતા અને લોકોના દિલોમાં આપની અઝમત (પ્રતિષ્ઠા)નો સિક્કો બેસાડી દીધો હતો. નબુવ્વતની જાહેરાત પહેલાં જાહિલો (અજ્ઞાનીઓ) સુદ્ધાંના દિલોમાં આપની પ્રતિષ્ઠા ચમકાવી દીધી જ્યારે કે નબુવ્વતની જાહેરાત પછી કાફિરો આપને જૂઠલાવતા અને ''શમ્એ રિસાલત''ના અજોડ પરવાનાઓ જેવા હઝરાત સહાબાએ કિરામને સતત પરેશાન કરતા રહેતા હતા. અને તેમની આ અયોગ્ય હરકતથી આપને પરેશાન કરવાનો હેતુ હતો પરંતુ જ્યારે તેઓ આપના સામે આવતા ત્યારે ઈજ્જત કરવી જ પડતી હતી અને કોઈ હાજત હોતી, તો આપ પણ તેને પૂરી કરવાથી ઈન્કાર કરતા નહીં. હદીષના પુસ્તકોના ખજાનામાં આવા ઘણા બનાવો મૌજૂદ છે.

જો કોઈએ ફખ્રે દો આલમ ﷺને પહેલાં જોયા ન હોય અને તે પહેલી વખત આપના જમાલે જહાંઆરાને જોઈ લે, તો તેના પર ભય છવાઈ જતો અને રુઆબ છવાઈ જતો. એ માટે કૈલાએ જ્યારે આપને પહેલી વખત જોયા ત્યારે ભયના લીધે ધ્રુજારી છૂટી ગઈ. આપે ફર્માવ્યું, અય ગરીબ ઔરત ! શાંતિ અને સંતોષનો દામન થામી રાખ.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે, એક શખ્સ સરવરે કોનો મકાં ﷺના સમક્ષ ઊભો હતો અને થરથર કાંપી રહ્યો હતો, હાદીએ બરહક્કે તેની આ હાલત જોઈ ફર્માવ્યું, કેમ કાંપી રહ્યા છો ? હું કોઈ દુનિયાનો બાદશાહ નથી !

આ એક સર્વમાન્ય હકીકત છે કે, નબુવ્વતમાં આપને અજોડ મર્તબો અને રિસાલતમાં અત્યંત મહાનત બુઝુર્ગીવાળો મર્તબો પ્રાપ્ય છે. આ સર્વ ઉપરાંત આપને જે નિકટતાના મકામ પ્રાપ્ત છે તે ઈજ્જત અને પ્રતિષ્ઠાની અંતિમ હદ છે, આના કારણે આપ દુનિયામાં સર્વથી વિશિષ્ટ અને આખિરતમાં સમગ્ર બની આદમના સરદાર હશે.

# ઔરતોની હિકાયતો

**લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર

**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ-પાલેજ

## હિકાયત : ૧૪ ★ નૂર જ નૂર ★

હુઝૂર ﷺનાં વાલેદા બુઝુર્ગ હઝરત આમેના ફર્માવે છે કે જ્યારે હુઝૂર પૈદા થયા તો મેં એક નૂર જોયું, જેથી શામ (સિરીયા)ના મહેલ જોઈ લીધા. હઝરત ફાતમા બિન્તે અબ્દુલ્લાહ કહે છે કે વિલાદતે શરીફાના સમયે હું હાજર થઈ તો મેં આખા ઘરને નૂરથી ભરપૂર જોયું અને તારાઓને જોયા કે આકાશથી નીચે ઉતરી આવ્યા છે. મને વિચાર આવ્યો કે કદાચ ! મારા પર આવી પડશે. અને હઝરત આમેના رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર સરાપા નૂર બનીને પૈદા થયા. આપની સાથે કોઈ પ્રકારની ગંદકી ન હતી. આપ સંપૂર્ણ પાક, સાફ સુથરા તથા મુકદ્દસ પૈદા થયા. *(મુવાહિબુલ્ લદુન્નિયહ્, પેજ–૨૨, જિલ્દ–૧, હુજ્જતુલ્લાહ અલલ્ આલમીન, પેજ–૨૨૭)*

**બોધ** : આપણા હુઝૂર સરાપા નૂર બનીને તશરીફ લાવ્યા અને આપના નૂરની બરકતથી આપની વાલેદાએ શામ (સિરીયા)ના મહેલ જોઈ લીધા. તો ખૂદ હુઝૂર ﷺની દેખવાની શક્તિની વિશાળતાને નકારવી (તે) કેમ કરીને ગુમરાહી નથી ?! આપની તશરીફ આવરી જાણે આ શેઅરની સત્યતાનું સબૂત છે :–

નૂર અંદર નૂર બાહર કૂચા કૂચા નૂર હૈ
બલ્કે યૂં કહીએ કે સબ દુન્યા કી દુન્યા નૂર હૈ

એ પણ જાણવા મળ્યું કે આપણા હુઝૂર ﷺની મુકદ્દસ બશરીય્યત (ઈન્સાનિયત) છે આપ પૈદા થયા તો બિલકુલ દરેક પ્રકારની ગંદકીથી પાક સાફ તથા સુથરા. આજે તેમના બરાબર બનતા ફરે છે તે હોલી ફેમેલી હોસ્પિટલમાં પણ પૈદા થાય તો કેટલીય ચોરસ મિટર જમીન ગંદી કરી દે છે તો એટલા જ માટે કોઈ શાઈરે લખ્યું છે કે :–

ખુદા કી શાન તો દેખો કે કલ્યીરી ગુંજી
હુઝૂર બુલબુલે બસ્તાન કરે નવા સંજી

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી હુક્મ એટલે કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ઈમામત અને ખિલાફતનું વર્ણન

ઈમામત બે પ્રકારની છે. એક ઈમામતે સુગરા બીજી ઈમામતે કુબ્રા. ઈમામતે સુગરા (નાની ઈમામત) નમાઝની ઈમામત છે, જેના વિશે નમાઝના બયાનમાં આવશે, ઈમામતે કુબ્રા (મોટી ઈમામત) રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું ખાસ નાયબપણુ છે, એટલે કે હુઝૂરના નાયબપણા હેઠળ મુસલમાનોના સર્વ દીની–દુનિયવી કાર્યોમાં શરીઅત પ્રમાણે દખલ અંદાજી કરવાનો ઈખ્તેયાર (હક્ક) અને ગુનાહ વિનાના દરેક કાર્યોમાં જગતના સૌ મુસલમાનો પાસે તાબેદારી કરાવવાનો હક્ક હોય છે. આ ઈમામત માટેની અમુક શરતો છે, જેમ કે મુસલમાન આઝાદ, મર્દ, બુદ્ધિવાન, બાલિગ–પુખ્તવયનો અને કુરેશી હોય. વળી શરીઅત પ્રમાણે ફેંસલા કરી, શરીઅતે નક્કી કરેલી સજાઓ આપી શકે, જાલિમ પાસેથી મઝલૂમનો (જેના પર જુલ્મ થયો તેનો) હક્ક અપાવી શકે, મુસલમાનોના જાન–માલનું રક્ષણ કરી શકવા જેટલી તાકાત રાખતો હોય. ઈમામનું હાશમી કે અલ્વી હોવું જરૂરી નથી, વળી એ પણ જરૂરી નથી કે તે સમયનો સર્વશ્રેષ્ઠ માણસ હોય.

**મસ્અલો** : ઈમામની તાબેદારી દરેક મુસલમાન ઉપર ફરજ છે. પરંતુ ત્યારે જ કે ઈમામનો હુકમ શરીઅત વિરૂદ્ધ ન હોય, કારણ કે શરીઅત વિરૂદ્ધ કોઈની તાબેદારીનો હુકમ નથી.

**મસ્અલો** : ઈમામ એવા માણસને બનાવવો જોઈએ કે તે બહાદુર અને રાજકીય ગુંચો–આટી ઘુંટીઓને સમજનાર હોય અથવા ઉલમાએ કિરામથી મદદ લઈ કામ કરનાર હોય.

**મસ્અલો** : ઔરત અને નાબાલિગની ઈમામત જાઈઝ નથી.

**મસ્અલો** : ઈમામ ગુનોહ કરવાથી ઈમામતની પદવી પરથી બરતરફ થતો નથી.

## ખુલફાએ રાશેદીન

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી આપના સાચા ખલીફા અને ઈમામ હઝરતે સૈયદના અબૂબક્ર رضی اللہ عنہ છે. પછી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ છે, પછી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ પછી હઝરત મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم પછી ઈમામ હસન رضی اللہ عنہ. એ સાહેબોની ખિલાફતને ખિલાફતે રાશેદા કહે છે. એટલા માટે કે એ સાહેબોએ હુઝૂરના સાચા નાયબપણાનો પૂરો હક્ક અદા કર્યો છે.

**અકીદો** : નબુવ્વતના તરીકા પ્રમાણે સાચી ખિલાફતે રાશેદા ૩૦ વર્ષ સુધી રહી, એટલે કે હઝરત સૈયદના ઈમામ હસન رضی اللہ عنہના ખિલાફતકાળના છ મહિના ઉપર પૂર્ણ થઈ ગઈ. પછી અમીરુલ મો'મિનીન હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની ખિલાફતે રાશેદા થઈ અને આખર જમાનામાં ઈમામ મહેદી رضی اللہ عنہની થશે. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ પહેલા ઈસ્લામી બાદશાહ છે. *(તકમીલે ઈમાન, કમાલ ઈબ્ને હુમામ)*

**અકીદો** : નબીઓ અને રસૂલો પછી અલ્લાહ તઆલાની સર્વ મખ્લૂક જિન્નાત, ઈન્સાન, ફરિશ્તાથી પણ હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ અફઝલ છે, પછી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ,

પછી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ પછી મૌલા અલી رضی اللہ عنہ છે. જે માણસ હઝરત મૌલા અલી رضی اللہ عنہને સિદ્દીક અથવા ફારૂક رضی اللہ عنہથી અફઝલ કહે તે **ગુમરાહ** અને **બદ્‌મઝહબ** છે.

## સહાબા અને અહલે બૈત

સહાબી તે મુસલમાનને કહેવામાં આવે છે કે જેણે રસૂલુલ્લાહ ﷺને પોતાની આંખોથી જોયા, અને પછી ઈમાનની સાથે દુનિયાથી પર્દો કર્યો હોય અર્થાત અવસાન પામ્યા હોય.

બધાય સહાબીઓ નેક, ન્યાયી અને સીધા–સાચા રસ્તે છે. જ્યારે પણ કોઈ સહાબી સંબંધે વાત કરો તો ભલાઈ અને નેકીની સાથે જ કરવી જરૂરી છે.

**અકીદો** : કોઈ પણ સહાબી વિશે ખરાબ માન્યતા રાખવી ગુમરાહી અને બદ્‌મઝહબી (અહલે સુન્નત વિરૂધ્ધ) છે.

હઝરત અમીર મુઆવિયહ, હઝરત ઉમર બિન આસ, હઝરત વહશી વગેરે... કોઈપણ સહાબીના સંબંધમાં બેઅદબીથી બોલવું ગાળ કહેવાશે અને એવી બેઅદબી અને ગાળો આપવાને ઠીક કહેનાર **રાફઝી (શિયા)** છે.

હઝરત શૈખેન رضی اللہ عنہما (હઝરત અબૂબક્ર અને ઉમર)ની તૌહીન (બેઅદબી) બલ્કે એમની ખિલાફતનો ઈન્કાર કરવો એ પણ ફુકહાએ કિરામની (ઉલ્માએ કિરામની) નઝદીક **કુફ્ર** છે.

**અકીદો** : કોઈ વલી ભલે કેટલાય મોટા મર્તબાવાળો કેમ ન હોય, કોઈ સહાબીના મર્તબા પર નથી પહોંચી શક્તો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم સાથે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہની જંગ ઈજતેહાદી ખતાને કારણે હતી. એ શરીઅતની દૃષ્ટિએ ગુનોહ નથી. એટલા માટે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને જાલિમ, ખલીફાનો બળવાખોર કે ફિતનાબાઝ કે એવો જ કોઈ ખરાબ શબ્દ કહેવો **હરામ** અને **નાજાઈઝ** છે, બલ્કે રાફઝીઓના તબર્રા (ગાળ) છે.

એહલે બૈત એટલે કે રસૂલુલ્લાહ ﷺની પવિત્ર ઔરતો અને ઔલાદની સહાબાએ કિરામની જેમ ઘણી જ ફઝીલતો કુર્આન અને હદીષોમાં આવેલી છે. સહાબા અને અહલે બયતની મહોબ્બત રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત છે.

**અકીદો** : ઉમ્મુલ મો'મિનીન (મુસલમાનોનાં માતા) હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہાને ઉફકના બનાવનો આક્ષેપ લગાડનારો ચોક્કસ બેશક ! **કાફિર** અને **મુર્તદ** છે. *(શર્હે અકાઈદ અને તકમીલ અને હિન્દયહ્ વગેરે)*

**અકીદો** : હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈન رضی اللہ عنہما મહાન દરજ્જાના શહીદોમાંથી છે. એમનામાંથી કોઈની શહાદતનો ઈન્કાર કરનાર **ગુમરાહ** અને **બદદીન** છે.

**અકીદો** : જે હઝરત ઈમામ હુસૈનને બળવાખોર કહે અથવા યઝીદને સત્ય પર કહે તે મરદૂદ ખારજી દોઝખનો હક્કદાર છે. યઝીદના અસત્ય પર હોવામાં અને પાપી, દુરાચારી હોવામાં કોને શક હોય છે ? હા, યઝીદને કાફિર ન કહેવો અને મુસલમાન પણ નહીં, બલ્કે ચૂપ રહેવું.

**અકીદો** : જે માણસ સહાબા અને અહલે બૈતથી મહોબ્બત ન રાખે તે ગુમરાહ બદદીન (અધર્મી) છે. (સુન્નીઓમાંથી નથી.)

**અકીદો** : સહાબાએ કિરામમાં પરસ્પર જે કાંઈ બનાવો બનવા પામ્યા, તેની ચર્ચામાં પડવું (સત્ય કે અસત્ય પર કોણ એ વિશે ચર્ચા કરવી) હરામ અને સખ્ત હરામ છે. એમની ખતાઓની પકડ કરવી, કે એ કારણે એમને બુરું ભલું કહેવું કે ખરાબ માન્યતા રાખવી નાજાઈઝ અને અલ્લાહ અને રસૂલની વિરૂધ્ધ છે.




# फतवा विभाग

## "હુબ્બુલ વતન મિનલ ઈમાન" એવી કોઈ હદીષ નથી !

**મસ્અલા :** શું 'حب الوطن من الایمان' (હુબ્બુલ વતન મિનલ ઈમાન) હદીષ શરીફથી સાબિત છે ? એક માણસે વતન ત્યાગ કરવાના સંબંધે કહ્યું કે વતન છોડવું જાઈઝ નથી કેમ કે હદીષ શરીફમાં છે : હુબ્બુલ વતન મિનલ ઈમાન **(અર્થ)** : "વતનની મહોબ્બત ઈમાનનો ભાગ છે." તો સત્ય શું છે જણાવશો.

**જવાબ :** આ જ પ્રકારના એક સવાલના જવાબમાં આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે : "હુબ્બુલ વતન મિનલ ઈમાન" **ન હદીષથી સાબિત છે ન હરગિઝ એનો એ અર્થ છે.** ઈમામ બદરુદ્દીન ઝરકશીએ પોતાના 'જુઝ'માં અને ઈમામ શમ્સુદ્દીન મુહમ્મદ સખાવીએ 'મકાસિદે હસના'માં અને ઈમામ ખાતિમુલ હુફ્ફાઝ જલાલુદ્દીન સિયૂતીએ 'અદુર્રુલ મુન્તશિરા'માં એકમતી સાથે આ રિવાયતને માટે ફર્માવ્યું : لم اقف علیه (લમ અકિફ અલૈહ) **(અર્થ)** : "આનાથી હું વાકેફ નથી."

ઈમામ સખાવીએ એની અસલ (મૂળ) એક અઅરાબી બદવી તથા હિન્દના હકીમોના કલામમાં બતાવી. જેમ કે એના તરફ રુજૂઅ કરવાથી જાહેર થાય છે. (એટલે કે **આ કોઈ હદીષના શબ્દો નથી.**)

અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં પોતાના તે બંદાઓની ખૂબ પ્રશંસા ફર્માવી જેઓ અલ્લાહ તથા રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ) ની મહોબ્બતમાં પોતાનું વતન છોડે, સગાં વહાલાંથી મોઢું ફેરવે. અને તેમની સખત બુરાઈ વર્ણવી જેઓ વતનપ્રેમમાં બેસી રહ્યા અને અલ્લાહ તથા રસૂલ તરફ હિજરત ન કરી. રબ ફર્માવે છે :–

ان الـذین توفهم المئکة ظالمی انفسهم قالوافیم

کنتم----وکان الله غفورا رحیما

**તર્જુમો** : "બેશક ! ફરિશ્તા તેમની જાન કાઢે છે એ હાલતમાં કે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરી રહ્યા હતા, ફરિશ્તા કહે છે, તમે શામાં હતા ? અમે એ વસ્તીમાં કમજોર દબાએલા હતા. ફરિશ્તા કહે છે, અલ્લાહની જમીન (મદીના તયબાહ) ગુંજાઈશવાળી ન હતી કે તમે વતન છોડીને તેમાં જઈને રહો ? તેમનું ઠેકાણું જહન્નમ છે અને કેટલી બુરી પલટવાની જગા, પણ કમજોર ઔરતો અને બાળકો જેમનાથી કાંઈ ન થઈ શક્યું, ન રાહ મળી. નજીક છે કે અલ્લાહ તેમને માફ ફર્માવે, અલ્લાહ માફ ફર્માવનાર બખ્શનાર છે. અને જે અલ્લાહના માર્ગમાં ઘરબાર છોડીને નીકળશે તે જમીનમાં ખૂબ જ જગા તથા ગુંજાઈશ પામશે. અને જે પોતાના ઘરેથી નીકળ્યો અલ્લાહ વ રસૂલની તરફ હિજરત કરતો પછી તેને મૌત આવી ગયું તેનો સવાબ અલ્લાહના જિમ્મા પર થઈ ગયો અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે. *(પારા–૫, આયત–૯૭)*

તે વતન જેની મહોબ્બત ઈમાનથી છે તે એ અસલી વતન છે જ્યાંથી માણસ આવ્યો અને જ્યાં જવાનું છે, દુનિયા તો મુસાફરખાનુ છે..... *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૨૦૪)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર :** શમ્સુદ્દીન અહમદ અલીમી, ૨૫–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૨૫)

**અલ્ જવાબ સહીહૂન** : (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી

**અલ્ જવાબ સહીહૂન :** (મુફ્તી) મુહમ્મદ અબરાર અહમદ અમજદી બરકાતી *(**હવાલો** : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા–નં. ૯, પેજ–૫૦, ઓઝાગંજ, યુ.પી)*

# ગુનાહોનો ઈલાજ

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## લાંબી ઉમ્મીદોનાં કારણો અને તેનો ઈલાજ

હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે જે માણસ લાંબી જિંદગીની ઉમ્મીદો પોતાના દિલમાં રાખે છે તેના બે કારણો હોય છે : પ્રથમ કારણ જહાલત (અજ્ઞાનતા) અને નાદાની છે અને બીજુ કારણ દુનિયાની મહોબ્બત અને લાલસા. જ્યારે તેના પર દુનિયાની મહોબ્બત ગાલિબ (કબ્જો જમાવી લે) થઈ જાય છે, તો તે મૌતને પોતાનો દુશ્મન ઠરાવવા લાગે છે કારણ કે મૌત તેની ઈચ્છા વિરૂધ્ધ છે અને જે વસ્તુ માણસની તબિયત તથા ઈચ્છા વિરૂધ્ધ હોય છે તો માણસ તેનાથી દૂર રહે છે બલ્કે તેને પસંદ પણ નથી કરતો અને પોતે પોતાની જાતને ધોકો આપી વિવિધ પ્રકારના હરીયાળા બાગોનાં સપના દેખડતો રહે છે. તે વસ્તુઓની લાલસામાં રહે છે જે તેની ઈચ્છા તથા મરજી મુજબની હોય છે. તે પોતાના દિલમાં વિચારતો રહે છે કે માલ, દૌલત, ઔલાદ, પત્ની અને દુનિયાનો આરામ હમેશાં કાયમ રહેશે અને મૌત તેની ઈચ્છા વિરૂધ્ધ હોય છે જેથી તેને ભૂલાવી દે છે અને યાદ કરવું તો ઘણુ જ દૂર રહ્યું ! જો ક્યારેક ભૂલથી પણ યાદ આવી જાય તો તેને જાણીબુઝી દૂર કરવાની કોશિશ કરે છે અને પોતાના દિલને તસલ્લી આપે છે કે અરે તું કેવા ખયાલોમાં ખોવાયેલ છે ?! હજુતો મુદ્દતો પડી છે ! તૌબા કરી લઈશું અને મૌતની તૈયારી પણ કરી લઈશું ! અત્યારે એશ કરવાની દિવસો છે ! થોડુ ઘડપણ આવે એટલે અલ્લાહ ! અલ્લાહ! કરીશું. વગેરે અને જ્યારે ઘડપણ આવે છે તો વિચારે છે કે હજુ આ મકાન બની જાય તો જરા ફુરસદમાં અલ્લાહની યાદ કરીશું ! બસ, આજ રીતે મોડુ કરતો જાય છે અને એકમાંથી દસ (૧૦) કામો નીકળે છે. ટૂંકમાં એ કે તે નાદાનને એટલી પણ ખબર નથી પડતી કે દુનિયાના કામોથી વળી ફુરસદ મળી શકે છે ? જ્યાં સુધી પોતે તેમને છોડી દેવામાં ન આવે. ઘણી વાર તો દુનિયાનાં કામો મૃત્યુ સુધી પીછો કરતાં રહે છે.

જ્યાં સુધી નાદાનીનો સવાલ છે તો માણસ પોતાની જવાની પર હદથી વધુ ભરોસો કરી લે છે, સમજે છે કે મૃત્યુનો સમય જ નહીં આવે. જ્યારે કે વૃદ્ધ થતા પહેલાં મૃત્યુ થવું કાંઈ અશક્ય વાત નથી. અરે ! શું કેટલાયે જવાનો પોતાની જવાનીમાં જ મૌતનો લુકમો નથી બની ગયા ?! શું લાખો બાળકો પોતાના બાળપણમાં જ મૌતના મુખમાં નથી પહોંચી ગયાં ? વળી શહેરોમાં તો વૃદ્ધ ઘણા જ ઓછી સંખ્યામાં દેખાય છે.

માણસની બીજી નાદાની એ હોય છે કે જ્યારે માણસ તંદુરસ્ત અને ખૂબ જ તાકતવર હોય છે તો આકસ્મિક મૌતને ખૂબ જ દૂર બલ્કે અશક્ય ગણે છે. અને તેને એ ખબર નથી કે આકસ્મિક મૃત્યુ ઓછી સંખ્યામાં જોવા મળે છે, પણ આકસ્મિક બીમારી તો ખૂબ જ વધુ લોકોમાં જોઈ શકાય છે. અને બીમારીના કારણે મૃત્યુ કોઈ અશક્ય વસ્તુ નથી. ટૂંકમાં એ કે મૌતને તડકાની જેમ સમજવું જોઈએ જે આંખોની સામે રહે છે, મૃત્યુને છાંયડો ન સમજો જે તમારી પાછળ રહે, પણ મૃત્યુ તડકાની જેમ તમારી આગળ આગળ રહે છે. આ રીતે તેને યાદ રાખી તેની સખ્તીઓમાંથી બચી શકાય છે.

**ઈલાજ :** લાંબી ઉમ્મીદોમાં ઈલાજ એ જ છે કે તેના ઉપજવાનાં જે કારણો છે તેને જ નષ્ટ કરી દેવામાં આવે અને તેનાં કારણો આપણે બયાન કરી ચૂક્યા છીએ. જેથી દુનિયાની મહોબ્બતનો ઈલાજ એ રીતે કરે જે "ઉચ્ચ હોદ્દાની મોહ"ના બયાનમાં ગુજરી ચૂક્યું છે. ટૂંકમાં એ કે જે માણસ દુનિયાની હકીકતથી માહિતગાર થઈ જાય છે તે દુનિયાથી મહોબ્બત કરી જ નથી શક્તો, કારણ કે તેને એ વાતની ખબર થઈ જાય છે કે દુનિયાની લજ્જતો માત્ર અમુક જ દિવસોની છે અને મૌતના હાથે તેની હલાકત નક્કી જ છે. અને જે માણસ દુનિયાની થોડાક દિવસોની જિંદગીને આખેરતની અસીમ જિંદગીથી કમ્પેર કરી હકીકતથી માહિતગાર થઈ જાય તો તેના પર સ્પષ્ટ થઈ જાય છે કે દુનિયાના ખાતર આખેરતને વેચી નાખવી ખરેખર મોટી મૂર્ખતા છે.

હઝરત અલી رضی اللہ عنہ નું ફર્માન છે : લોકો નિદ્રામાં છે અને મૌત તેમને જગાડી દેશે. માટે બુદ્ધિમાન તે માણસ છે જે મૃત્યુ પહેલાં જ જાગી જાય ન કે મૃત્યુ પછી, કારણ કે મૃત્યુ પછી માણસ જાગશે તો કાંઈ પણ નહીં કરી શકે.

બીજુ એ કે જેહાલત (અજ્ઞાનતા)નો ઈલાજ ધાર્મિક જ્ઞાનથી જ શક્ય છે. માણસે આ વિશે એટલું જરૂર ધ્યાનમાં રાખવું જોઈએ કે મૌત માણસના કબ્જામાં નથી. તે (મૌત) જ્યારે ઈચ્છશે અચાનક તેને આવરી લેશે. આ રીતે જુવાની અને દુનિયાની દૌલત પર ભરોસો કરવો પોતે એક મોટી બેવકૂફી જણાશે.

## માણસની ત્રીસ (૩૦) ભૂલો

**(૧)** એ ખયાલમાં મગ્ન રહેવું કે જવાની તથા તંદુરસ્તી હમેશાં રહેશે. **(૨)** મુસીબતમાં બૂમાબૂમ અને બે સબ્રીનું પ્રદર્શન કરવું. **(૩)** પોતાને સૌથી બુદ્ધિમાન સમજવું. **(૪)** દુશ્મનને હકીર (બેઈજ્જત, હલકો) સમજવો. **(૫)** બીમારીને મામૂલી સમજી શરૂમાં ઈલાજ ન કરાવવો. **(૬)** પોતાની રાય (મશ્વેરા) પર કામ કરવું અને બીજાનો મશ્વેરો ઠુકરાવી દેવો. **(૭)** વારંવાર કોઈની ચકાસણી પછી પણ તેના ધોકામાં આવી જવું. **(૮)** બેકારીમાં ખુશ રહી રોઝાની તલાશ ન કરવી. **(૯)** પોતાના દિલની વાત બીજાને બતાવી તેને ભેદ રાખવા માટે કહેવું. **(૧૦)** આવકથી વધુ ખર્ચ કરવો. **(૧૧)** લોકોના દુઃખમાં ભેગા ન થવું અને પછી તેમની મદદની આશા રાખવી. **(૧૨)** એક બે મુલાકાતમાં જ કોઈ માણસના સારા કે બુરા હોવા વિશે ફેંસલો કરી લેવો. **(૧૩)** માં બાપની ચાકરી ન કરવી અને પોતાની ઔલાદથી ચાકરીની આશા રાખવી. **(૧૪)** કોઈ કામને આમ વિચારી અધૂરું છોડી દેવું કે ફરી કોઈ વાર પૂરું કરીશું. **(૧૫)** લોકો સાથે ખરાબ વર્તાવ કરી તેમના પોતાના પ્રત્યે સદ્‌વર્તાવની તમન્ના રાખવી. **(૧૬)** ગાફિલોની સોહબતમાં ઉઠવું, બેસવું. **(૧૭)** કોઈ સારા કામ માટે કહે તો ધ્યાન ન આપવું. **(૧૮)** પોતે હરામ, હલાલનો ખયાલ ન રાખવો અને બીજાને આ વિશે તા'લીમ આપવી. **(૧૯)** જૂઠી કસમ ખાયને કે જૂઠુ બોલી પોતાના વ્યાપારને તરક્કી આપવી. **(૨૦)** ઈલ્મે દીન અને દીનની એહમિયતને અવગણવી. **(૨૧)** પોતાને અન્યોથી ઉચ્ચ સમજવું. **(૨૨)** ફકીરો અને સાઈલોને પોતાના દરવાજાથી ધક્કા દઈ ભગાડવા. **(૨૩)** જરૂરતથી વધુ વાતો કરવી. **(૨૪)** પોતાના પડોશીઓ સાથે બગાડ રાખવો. **(૨૫)** બાદશાહો તથા અમીરોની દોસ્તી પર ભરોસો કરવો. **(૨૬)** વિના કારણે કોઈના આંતરિક કામોમાં દખલ કરવી. **(૨૭)** પોતાની ઔલાદની તર્બિયત ઈસ્લામી કાનૂન મુજબ ન કરી તેમને ટી.વી., વીસીઆર સોપવું. **(૨૮)** ત્રણ દિવસથી વધુ કોઈનું મેહમાન બનવું. **(૨૯)** પોતાના ઘરની આંતરિક બાબતો બીજા સામે કહેવી. **(૩૦)** દરેક માણસ સામે પોતાના દુઃખ દર્દનો ઉલ્લેખ કરવો.

# ઈસ્લામ અને આધુનિક શોધો

લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## કત્લે આમ

હુઝૂર ﷺ એ એ પણ ઈર્શાદ ફર્માવ્યો કે એ લોકો મુસલમાનોને કત્લ કરશે અને મૂર્તિપૂજકોને દા'વત આપશે. જેમ કે બુખારી, મુસ્લિમ, અબૂ દાઊદ તથા નિસાઈએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મારા પછી મારી ઉમ્મતમાંથી કેટલાક એવા લોકો થશે જેઓ કુર્આન પઢશે, જો કે તે તેમનાં ગળેથી આગળ નહીં વધે, મુસલમાનોને કત્લ કરશે, મુશ્રિકોને છોડી મૂકશે, ઈસ્લામથી એવા નીકળી જશે જેવી રીતે તીર નિશાનેથી નીકળી જાય છે, જો હું તેમને પામી લઉં તો એવી રીતે કત્લ કરું જેવી રીતે કૌમે આદને કત્લ કરવામાં આવી." *(બુખારી, ભાગ–૨, પેજ–૧૦૨૦, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ)*

અત્યારે પશ્ચિમના ઈલાકામાં આવા લોકો મૌજૂદ છે જેઓ પર આ હદીષ લાગુ પડે છે. તે લોકોના મિત્રો ફ્રાંસી, હસ્પાન્વી અને બદ્‌બખ્ત યહૂદી છે. અલ્લાહ તે સૌના પર લઅનૂત કરે. (કાદયાની પણ આ દૌરમાં એમનામાં જ સામેલ છે. *–ઉર્દૂ અનુવાદક*) કોઈ દિવસ એવો નથી જતો કે એ લોકો બે કે ત્રણ મુસલમાનોને કત્લ ન કરે. (હાલનું ઈઝરાઈલ તથા અમેરિકા પણ એનું દૃષ્ટાંત છે. *–ગુજરાતી અનુવાદક*) અમુકને તેઓ એટલા માટે કત્લ કરે છે કે તે લોકોએ કોઈ હપ્તામાં હડતાલનો પ્રોગ્રામ બનાવ્યો અને તે દિવસે કોઈ મુસલમાન પોતાના બીવી બચ્ચાના માટે કામ કરે છે તો તેઓ એને મારી નાખે છે. અમુકને એટલા માટે મારે છે કે તે લોકોએ કોઈ હપ્તો દુકાનો બંધ કરવાનો હુકમ આપ્યો હતો અને કોઈકે પોતાની જરૂરતના માટે તેને ખોલી નાખી. (આ ચીજ લગભગ દરેક દેશમાં જોવા મળે છે અને તે લોકો નાહક મુસલમાનોને કત્લ કરી નાખે છે) સારાંશ કે કોઈ ન કોઈ બહાનું બનાવીને તેઓ મુસલમાનોને કત્લ કરવાનો મનસૂબો બનાવી કાઢે છે, એથી ઉલ્ટુ ઈસાઈ તથા યહૂદી ચાહે તેમના હુકમની વિરુધ્ધ વર્તતા હોય તો તેઓ તેમને કાંઈ નથી કરતા.

એક અધિક આશ્ચર્યજનક વાત એ છે કે તે મુસલમાનોને એ વાત પર પણ મારી નાખે છે કે તેઓ પોતાના દીનની વાતો કેમ કરી રહ્યા છે ?! અને ફર્ઝો તથા સુન્નતો શા માટે અદા કરે છે ? એટલે સુધી કે એકવાર આખી ટોળીને કેવળ એટલા માટે મારી નાખી કે તે લોકો જુમ્આની નમાઝ પઢી રહ્યા હતા. જેમ કે મરાકશનાં અમુક શહેરો દા.ત. બસલા અને રબાતમાં બે વરસો સુધી જુમ્આની નમાઝ ન થઈ. અન્ય પણ કેટલાયે શહેરોમાં જ્યાં તેમની બહુમતિ હતી ત્યાં એ જ હાલ રહ્યો અને તેમણે કેટલાયે ખતીબોને મારી નાખ્યા અને ઘણા મુસલમાનોને સખત ઝખ્મી કરી દીધા. ઈદોની નમાઝ પઢનારાઓને કત્લ કરી દીધા, તેમનાં ઘરોને આગ લગાડી દીધી. જો કેટલાક લોકો હજ્જનો ફરીઝો અદા કરવા માટે ગયા તો તેમનું લોહી વહાવી દીધું. ઘણા લોકોને એ કારણે કત્લ કરી દીધા કે તેઓ અલ્લાહનો ઝિક્ર કરી રહ્યા હતા અને સલાતો સલામ પઢી રહ્યા હતા, ચાહે તે ઘરોમાં હોય કે કોઈ અન્ય જગાએ કે મસ્જિદોમાં હોય. કેટલીકવાર દલાઈલુલ ખૈરાત પઢનારાઓને તેનાથી રોકવા માટે મસ્જિદોમાં, મજલિસોમાં તથા ઔલિયાના મઝારો પર બોમ્બ રાખી દેવામાં આવ્યા જેનાથી તે લોકો સખત ઝખ્મી થઈ ગયા. જ્યારે કે તે જ ઈલાકાઓમાં ઈસાઈઓ તથા યહૂદીઓનાં ઈબાદતઘરો અને ગિરજા સહી સલામત રહ્યાં ! હુઝૂર ﷺ એ તેમના બારામાં ફર્માવ્યું કે આ લોકો બુરાઈનો હુકમ આપશે, ભલાઈથી રોકશે, તેમના જમાનામાં સુન્નત બિદઅત થઈ જશે અને બિદઅત સુન્નત થઈ જશે. હઝરત

અલી كرم الله تعالى وجهه الكريم થી રિવાયત થયેલ છે કે એકવાર નબી અકરમ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, તે વખતે તમારું શું થશે જ્યારે તમને બુરાઈનો હુકમ આપવામાં આવશે અને ભલાઈથી રોકવામાં આવશે. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એવું પણ થશે ?! ફર્માવ્યું, હા ! હવે એ જ લોકો છે જેઓ પોતાની પત્નીઓને બુરાઈનો હુકમ આપે છે, તેમને સીનેમાઓ તથા કલબમાં જવા માટે કહે છે, નમાઝ રોઝાથી રોકે છે. એવા જ લોકોથી મળ તા જુલ્તા બીજા લોકો અલગ છે જેઓ બુઝુર્ગોની તૌહીન કરે છે અને તેમની મઝાક ઉડાવે છે. ઈબ્ને વઝાહએ બદઅમાં હઝરત અલી كرم الله تعالى وجهه الكريم થી રિવાયત કરી એમાં આ શબ્દો છે:–

ترك القوم الطريق، وتزين ا لرجل منهم بزنية
لزوجها وتبرج النساء

"લોકો સીધો માર્ગ ત્યજી દેશે, પુરૂષ એવો શણગાર કરશે જાણે કે સ્ત્રી પોતાના પતિના માટે કરે છે અને ઔરતોની જેમ શૃંગાર સજશે." *(બદઅ)*

જો કોઈ બુઝુર્ગ તેમને નેક કામના માટે કહેશે તો તેને કહેશે કે તમે તો શૈતાનના સાથી છો, ગુમરાહીનું મૂળ છો, તમે કિતાબુલ્લાહને જૂઠાડો છો.

تحرم زينة الله التى اخرج لعباده والطيبات من الرزق

"અલ્લાહની એ શોભાને હરામ કરો છો જે તેણે પોતાના બંદાઓ માટે કાઢી છે." *(સૂ. અઅ્રાફ, પા. ૮, આ. ૩૨)* કિતાબુલ્લાહની ગલત તા'વીલ કરશે. અને બુઝુર્ગોની બેઈજ્જતી કરશે.

એ જ બેદીનો અને બદ્‌મઝહબોના કારણે કુફ્ર તથા ઈલ્હાદ (અધર્મતા) એટલા પ્રમાણમાં ફેલાઈ ગયું કે હવે ઈલ્મે દીનના નામ માત્રના તલબા પણ તેમના અનુકરણમાં તેમનાથી આગળ નીકળી ગયા. જેમ કે મુદર્રિસ તેમને પઢાવે છે તો કહે છે કે કુર્આનથી દલીલ ન કરો, હુઝૂરનું નામ આવે તો કેવળ "મુહમ્મદ" કહીને પુકારો બલ્કે અમુક મુદર્રિસો પણ એવું કહેતા જોવા મળ્યા કે આ તલબાની સોચ "સહીહ" છે અમને જણાયું કે ખરેખર દીને ઈસ્લામ "ગૈર સહીહ" છે, અને લોકો પોતાના અકીદામાં આઝાદ છે. જામેઅ અઝહર (મિસ્ર)ના અમુક તલબાની તો એ હાલત છે કે તેઓ નમાઝ પઢે છે તો એમાં ખાય છે, મસ્તી મઝાક કરે છે, હસે છે ! ઈબ્ને અસાકિરે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنهما થી રિવાયત કરી કે નબી કરીમ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, "લોકો પર એક એવો જમાનો આવશે કે તેઓ મસ્જિદોમાં ભેગા થશે પરંતુ નમાઝ નહીં પઢે." *(ઈબ્ને અસાકિર)*

અમુક બેદીન એવા પણ થયા કે એમાંથી એક બેદીન એકવાર "ફારસ"માં જુમ્આના દિવસે તકરીર કરી રહ્યો હતો, કહેવા લાગ્યો કે લોકો બાદશાહના બારામાં કહે છે કે એ મુહમ્મદ ખામિસ (પાંચમો) છે જ્યારે કે એ તો મુહમ્મદ ષાની (બીજા) છે, બલ્કે એ તો તે કાંઈ લાવ્યો છે જે મુહમ્મદ અવ્વલ (હુઝૂર صلى الله تعالى عليه وسلم) પણ ન લાવ્યા ! (મઆઝલ્લાહ !) એ જગાએ એક બેદીન સ્ત્રીઓમાં તકરીર કરી રહ્યો હતો, કહેવા લાગ્યો કે આ આઈશા એટલે મુહમ્મદ ખામિસની પુત્રી આઈશા બિન્તે સિદ્દીકે અકબર એટલે હુઝૂર صلى الله تعالى عليه وسلمના બીવી ઉમ્મુલ મો'મિનીન કરતાં અફઝલ છે. (મઆઝલ્લાહ !)

એ જ કારણે પ્રથમ વિ□ યુદ્ધ પછી જામેઅ અઝહર ઘણા અરસા સુધી એ બદીનો તથા બદ્‌મઝહબોનું ગઢ રહ્યો છે જ્યાં તેઓના મોટા મોટા ઈજતેમાઓ થતા હતા. અહમદે પોતાની મુસ્નદમાં અબૂઝર ગફ્ફારી رضي الله عنه થી વર્ણન કર્યું કે રસૂલલ્લાહ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, "તમે એવા જમાનમાં છો કે અત્યારે આલિમો તો ઘણા છે પણ મુકર્રિરો (ખતીબ) કમ છે. જે શખ્સ આ જમાનામાં ઈલ્મનો દસમો હિસ્સો પણ છોડી દેશે તે ગુમરાહ થઈ જશે. નજીકમાં જ લોકો પર એવો સમય આવશે કે એમાં ઉલમા ઓછા હશે અને વાઈઝીન અધિક હશે. તે સમયે જે ઈલ્મનો દસમો ભાગ પણ પકડશે તે નજાત મેળવી જશે." *(મુસ્નદે અહમદ, ભાગ–૫, પેજ–૧૫૫)*

# રહમતે દોઆલમ ﷺના શયદાઈ

★ રજૂકર્તા ★

ફરજાનાબેન અલી પટેલ (દયાદરા)

## હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ

રમઝાન હિજરી ૮માં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ ગઝવતુલ ફતહમાં સરવરે આલમ ﷺના સહવાસનો મોકો પ્રાપ્ત કર્યો. સહીહ મુસ્લિમની એક રિવાયતના પ્રમાણે મક્કામાં દાખલ થનાર લશ્કરના એક ભાગની સરદારી હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہના કબ્જામાં હતી. આ ફોજના ભાગમાં બખ્તર પહેરેલ મુજાહિદો હતા. મક્કાના વિજય પછી હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ હુનૈન અને તાઈફની લડાઈમાં પોતાની બહાદુરીના જૌહર દેખાડયા અને જાંબાઝીનો હક્ક અદા કરી દીધો.

હિજરી ૯માં નજરાનના પ્રતિનિધિમંડળના આગમનના મોકા પર હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને બારગાહે રિસાલતથી "અમીનુલ ઉમ્મત"નો મહાન લકબ પ્રાપ્ત થયો જેમાં બીજો કોઈ દાખલ નથી. અમુક રિવાયતોથી જાહેર થાય છે કે નજરાનનું પ્રતિનિધિમંડળ બે વાર દરબારે નબુવ્વતમાં હાજર થયું. હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને બીજા નજરાન પ્રતિનિધિમંડળના આગમનના મોકા પર "અમીનુલ ઉમ્મત"નો લકબ પ્રાપ્ત થયો. સહીહ મુસ્લિમમાં નજરાનવાળાઓની જીભથી બયાન કરવામાં આવ્યું છે કે, "અબૂ ઉબૈદા رضی اللہ عنہ અમને સુન્નત તથા ઈસ્લામની તા'લીમ આપતા હતા."

આ રિવાયતથી જાહેર થાય છે કે નજરાનવાસીઓએ ઈસ્લામ સ્વીકારી લીધો હતો અને હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ તેમને દીનની તા'લીમ પણ આપતા હતા અને એમનાથી સદકાઓ વસૂલ કરતા હતા. એ જ વર્ષે નજરાનથી પાછા ફર્યા બાદ હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને બેહરીન જવું પડયું. એના અનુસંધાનમાં સહીહ બુખારીમાં હઝરત અમ્ર બિન ઔફ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે અકરમ ﷺએ અબૂ ઓબૈદાને જિઝિયાવેરો ઉઘરાવનાર બનાવીને બેહરીન મોકલ્યા. હુઝૂર ﷺએ બેહરીનવાળાઓથી સુલેહ કરી લીધી હતી અને એમના પર અલાઅ બિન હઝરમી رضی اللہ عنہને અમીર બનાવ્યા હતા. અબૂ ઓબૈદા رضی اللہ عنہ બેહરીનથી માલ લઈને આવ્યા. અન્સારને એમના આવવાની ખબર મળી તો ફજરની નમાઝ હુઝૂર ﷺની સાથે પઢી. જ્યારે આપ رضی اللہ عنہ નમાઝ પઢી ચૂક્યા તો અન્સારનો (અસામાન્ય) મજમો જોઈને મુસ્કુરાયા અને ફર્માવ્યું, કદાચ તમારા લોકોને અબૂ ઓબૈદાના આવવાની જાણ થઈ ગઈ છે ! એમણે અર્ઝ કરી, હા ! યા રસૂલુલ્લાહ ! હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

**"ખુશખબરી થાય કે આજે તમને ખુશ કરી દઈશ, પરંતુ ખુદાની કસમ ! મને તમારી મુફલિસીનો ડર નથી પરંતુ એ ડર જરૂર છે કે જેવી રીતે પહેલી કૌમો પર દુનિયાની દૌલત વધારી દેવામાં આવી અને આપસમાં લોભ લાલચે એમને બરબાદ કરી દીધા, એવી રીતે તમારા પર પણ દુનિયાની દૌલત વધારી દેવામાં આવશે અને તમે પણ આપસમાં લોભ લાલચમાં સપડાઈને બરબાદ ન થઈ જાવ."** હીજરી ૧૦માં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ હજ્જતુલ વિદાઅમાં સરવરે આલમ ﷺના સહવાસનો મોકો પ્રાપ્ત કર્યો.

હિજરી ૧૧માં સરવરે આલમ ﷺએ

દુનિયાથી પર્દો ફર્માવ્યો તો હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ પર ગમનો પહાડ તૂટી પડયો તેમ છતાં એમણે ઘણી સબર અને હોસલાથી કામ લીધું. સહીહ બુખારીમાં છે કે હુઝૂર ﷺના વિસાલના તરત પછી અન્સારે સકીફએ બની સાઈદહમાં જમા થઈને ખિલાફતનો સવાલ ઉઠાવ્યો તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ, હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ અને હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ અન્સારથી ચર્ચાના માટે એમની પાસે તશરીફ લઈ ગયા. વાતચીત દરમ્યાન હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ અન્સારથી વાતચીત કરતાં ફર્માવ્યું : "અય અન્સારના ગિરોહ ! તમે સૌથી પહેલાં ઈસ્લામની મદદ કરી, હવે તમે જ મતભેદ અને વિખવાદની બુનિયાદ ન રાખો."

જ્યારે બંને તરફથી તકરીરો થઈ ચૂકી તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ હાજરજનોને સંબોધતાં ફર્માવ્યું, હું તમારા માટે આ બે વ્યક્તિઓ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ અને હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہમાંથી કોઈ એકને પસંદ કરું છું, તમે એ બેમાંથી કોઈ એકની બયઅત કરી લો, પરંતુ એ બંને બુઝુર્ગોએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની હાજરીમાં ખિલાફતનો ભાર ઉઠાવવાથી ઈન્કાર કરી દીધો અને આગળ વધીને સૌથી પહેલાં સિદ્દીકે અકબર رضی اللہ عنہની બયઅત કરી લીધી. એમના પછી આખો મજમો બયઅતના માટે તૂટી પડયો.

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના ખિલાફતની ગાદી પર આવ્યા પછી તરત આખા અરબમાં મુર્તદ થવાના ફિત્નાના શોલા ભડકી ઉઠયા. સિદ્દીકે અકબર رضی اللہ عنہએ આ ભયંકર ફિત્નાનો ઘણી જ અડગતા સાથે મુકાબલો કર્યો અને દસ માસની અંદર અંદર એનું પરિણામ લાવી દીધું. ફિત્નાથી ભરપૂર દૌરમાં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ બરાબર ખલીફતુર્રસૂલ ﷺના હાથ બની રહ્યા. મુર્તદ થવાના ફિત્નાને ખતમ થયાના થોડા સમય પછી શામ અને ઈરાનથી જંગનો એક લાંબો સિલસિલો શરૂ થઈ ગયો. સ.હિ. ૧૩ની શરૂઆતમાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ શામ પર વિવિધ બાજુએથી લશ્કરના હુમલાઓની વ્યવસ્થા કરી. આ સિલસિલામાં એમણે હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને હમ્સની તરફ, હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہને ફિલિસ્તીનની તરફ, હઝરત શુરજીલ બિન હસના رضی اللہ عنہને ઉરદુનની તરફ અને હઝરત યઝીદ બિન અબી સુફયાન رضی اللہ عنہને દમિશ્કની તરફ વધવાનો હુકમ આપ્યો અને સાથે જ હિદાયત ફર્માવી કે જો જંગના મેદાનમાં તમારા બધાને ભેગુ થવું પડે તો તમારા બધાના સિપેહસાલાર અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ થશે. હઝરત યઝીદ બિન અબી સુફયાન رضی اللہ عنہ અને હઝરત શુરજીલ બિન હસના رضی اللہ عنہ ની ફૌજોની રવાનગીના પછી હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ સાત હજાર મુજાહિદોની સાથે જંગના રસ્તે હમ્સ તરફની દિશા પકડી. હઝરત અબૂબક્ર સિદ્દીક "ષનીયતુલ વિદાઅ" સુધી એમની વિદાયના માટે તશરીફ લઈ ગયા. જ્યારે તેઓ ચાલવા લાગ્યા તો સિદ્દીકે અકબર رضی اللہ عنہએ એમને આવા શબ્દોથી વસિયત કરી : "અબૂ ઓબૈદા رضی اللہ عنہ સારા અમલો કરવા, મુજાહિદ બનીને રહેવું, શહીદનું મૌત મરવું. અલ્લાહ તઆલા તમારુ આમાલનામુ તમારા જમણા હાથમાં આપશે અને દુનિયા તથા આખેરતમાં તમારી આંખો ઠંડી થશે. ખુદાની કસમ ! મને ઉમ્મીદ છે કે તમે એ લોકોમાંથી છો જે અલ્લાહથી ઘણા જ વધારે ડરે છે, જેઓ દુનિયાથી તદ્દન કોઈ લગાવ નથી રાખતા, જેઓ આખેરતના તાલિબ છે, અલ્લાહે તમારા પર મોટો ફઝલ કર્યો છે કે તમે મુસલમાનોની ફોજ લઈને અલ્લાહના દુશ્મનોથી જંગ કરવા જઈ રહ્યા છો, જેથી જે લોકો અલ્લાહનો ઈન્કાર કરનાર છે, એમની સાથે બીજાઓને શરીક કરે છે, જૂઠા ખુદાઓને પૂજે છે, એ બધાથી જેહાદ કરવો.

લેખ વાંચો અને તમારા દિલને પૂછતા ચાલો ! કે....

# ગૌષે પાક رضی اللہ عنہ નો સાચો ચાહક કોણ ?!

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! હે ગૌષે આ'ઝમ મહબૂબે સુબ્હાની શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہના શયદાઈઓ ! ૧૧મી શરીફનો મુબારક મહિનો તમને મુબારક થજો ! ૧૧મી શરીફનો મુબારક મહિનો એટલે રબીઉલ આખર શરીફને ગૌષે પાકના મહિના તરીકે ઓળખવામાં આવે છે. ગુલામાને ગૌષ આ મહિનામાં ગૌષે પાક رضی اللہ عنہની શાનમાં તકરીરી જલ્સાઓ ગોઠવે છે, કુર્આન ખ્વાની તથા ઝિક્રની વગેરે મહેફિલોથી આપની બારગાહમાં ઈસાલે સવાબ કરે છે અને ખાસ તો ન્યાઝ શરીફ પકાવીને લોકોને જમાડે છે. બેશક ! આ સર્વ કામો જાઈઝ તથા સવાબનાં છે. પણ કુર્આન ખ્વાની, ઝિક્ર તથા ગૌષ પાકની કરામતો તથા સીરત પર તકરીરની મેહફિલોમાં હાજરી ખૂબ જ પાંખી જોવા મળે છે ! અને ન્યાઝ ખાવાના સ્થળે ખૂબ જ ભીડભાડ તે પણ જમવાના સમયથી પહેલાં જોવા મળે છે !



### ★ મહોબ્બત શું ચાહે છે ?! ★

હે ગૌષ પાક رضی اللہ عنہના ચાહકો ! શું તમને કેવળ ન્યાઝ જમવામાં જ મહોબ્બતનો ઈઝહાર જણાય છે ? કુર્આન ખ્વાની કે ઝિક્ર તથા આપના જીવનચરિત્ર વિશે તકરીર તથા બયાનોની મેહફિલોમાં હાજરી આપવા તમારું દિલ તથા ઝમીર કેમ તમને પ્રેરતુ નથી ? શું તમને ન્યાઝથી મહોબ્બત છે કે ન્યાઝવાળાથી મહોબ્બત છે ? તમારા દિલને પૂછો ? મહોબ્બતનો તકાઝો શું છે ? મહોબ્બતનો તકાઝો તો એ છે કે જેનાથી મહોબ્બત હોય તેની વાતો તેની ચર્ચાઓ તેને ખૂબ જ પસંદ પડશે, તેમનાં ફર્માનોને, તેમની નસીહતોને તેમને ચાહનારો દિલોજાનથી ચાહશે અને તેમણે સૂચવેલાં કામો કરવા તલપાપડ રહેશે અને જે કામોથી દૂર રહેવાની તાકીદ કરી તે કામોથી નફરત કરશે.

### ★ ગૌષે પાકનો ચાહક જૂઠુ કદી નહીં બોલે ! ★

આજે વાત વાતમાં જૂઠ ! વેપારી વેચાણ વધારવા જૂઠનો સહારો લે છે, કારીગર કામકાજમાં તેમજ સામાન્ય માણસો વાત વાતમાં જૂઠનો સહારો લે છે. જૂઠને જાણે ગુનો જ નથી ગણવામાં આવતો ! જ્યારે કે "જૂઠુ બોલવું એ કબીરા ગુનોહ" છે. અને એ જ તા'લીમ ગૌષ પાક رضی اللہ عنہનાં પવિત્ર વાલિદાએ બાળપણમાં જ આપને આપી હતી તો ડાકૂઓ સમક્ષ પણ આપ સાચુ બોલ્યા જેનાથી ડાકૂઓના ઉપર એવી અસર થઈ કે તેઓ ડાકૂગીરી ત્યજીને તૌબા કરી સીધા માર્ગે આવી અલ્લાહથી એવા ડરનારા બની ગયા કે વિલાયતનાં મર્તબે પહોંચી ગયા. તો ગૌષ પાક رضی اللہ عنہના ચાહકને એ ચીજ કઈ રીતે શોભા આપે કે પોતાને ગુલામે ગૌષ પણ કહે અને જૂઠ બોલવાનુ પણ ન ત્યજે !

## ★ ગૌષ પાકનો ચાહક વહાબી, દેવબંદીને ન્યાઝ નહીં જ ખવડાવે ! ★

ગૌષ પાક رضی اللہ عنہના ચાહકો આજે આપની મહોબ્બતના દાવામાં ન્યાઝના પ્રોગ્રામો ધામધૂમથી કરે છે, દેગો પર દેગો પાકે છે અને આમ દા'વત થાય છે, કેવળ સુન્ની જ નહીં ! વહાબી દેવબંદીઓ જેઓ ગૌષ પાકના ગુસ્તાખ તથા દુશ્મન છે તેમને પણ દા'વત આપીને ખવડાવે છે ! જ્યારે તેમને ખવડાવવું તથા તેમનું ખાવુ હરામ છે, રસૂલે પાક ﷺ ના તથા ઓલિયાના ગુસ્તાખોથી મેળ મેળાપ, તેમનાથી શાદી વહેવાર, તેમની મૌત મૈયતમાં જવું, તેમની સાથે ઉઠવું બેસવું "હરામ" છે છતાં આજના કહેવાતા ચાહકો તેઓને પણ ન્યાઝ ખવડાવે છે ! જેમના ધર્મમાં ન્યાઝ ખાવાથી દિલ મુર્દા થઈ જાય છે ! મઆઝલ્લાહ ! તેમને ન્યાઝ ખવડાવે છે. અરે ! ન્યાઝ તો ઝિંદા દિલ લોકો માટે જ છે, ગુસ્તાખે રસૂલ મુર્દા દિલ છે એટલે જ ન્યાઝના મુન્કિર છે, છતાં કહેવાતા ગૌષે પાકના ચાહકો સૌના વહાલા થવા માટે તેમને પણ ન્યાઝ જમાડે છે. યાદ રાખો ! "ગુન્યતુત્તાલેબીન"માં ગૌષ પાકે હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہ ના હવાલાથી જણાવ્યું છે કે, "બદ્‌મઝહબ સામેથી આવતો હોય તો રસ્તો બદલો !" આટલા પરથી તેઓ સબક પ્રાપ્ત કરશે જેઓ બદ્‌મઝહબોને ડાહ્યા બનીને ન્યાઝની દા'વત આપે છે તથા તેમની દા'વતો ખાય પણ છે.

## ★ ગૌષ પાકનો ચાહક અને બેનમાઝી ?! ★

હે ગૌષે પાક رضی اللہ عنہના દીવાનાઓ ! એક પ્રસંગ ગૌષ પાક رضی اللہ عنہના જીવનનો જોઈ લો ! એકવાર આપ એવા જંગલમાં તશરીફ લઈ ગયા જ્યાં ખાવા પીવાની ચીજોનું દૂર દૂર સુધી નામો નિશાન ન હતું. સતત કેટલાય દિવસો સુધી ઈબાદતમાં મશગૂલ રહ્યા બાદ ભૂખ તથા તરસની અસર મેહસૂસ થઈ તો એકાએક જોતજોતામાં વાદળ છવાઈ ગયું અને ખૂબ વરસાદ પડયો. આપે જીવ ભરીને પાણી પીધું. થોડીવાર પછી ખૂબ જ તીવ્ર રોશની થઈ અને આસ્માનના કિનારે કિનારે ફેલાઈ ગઈ. એમાંથી અવાજ આવ્યો, "હે અબ્દુલ કાદિર ! હું તમારો ખુદા છો, આજે મેં તમારા માટે હરામ ચીજો પણ હલાલ કરી દીધી અને નમાઝ માફ કરી આપી." આપે આ સાંભળતાં જ **અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ** તથા **લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ**નો વિર્દ કર્યો, તો તરત જ તે રોશની અદશ્ય થઈ ગઈ અને તેના સ્થાને ધૂમાડો ફેલાઈ ગયો. પછી અવાજ આવ્યો, અબ્દુલ કાદિર ! તમને તમારા ઈલ્મે બચાવી લીધા ! નહીં તો હું તમારા જેવા કેટલાયે આબિદો ઝાહિદોને આ અંધકારમય વાદીમાં ગુમરાહ કરી ચૂક્યો છું. આપે જવાબ આપ્યો, "કમબખ્ત ! શૈતાન ! મને મારા ઈલ્મે નહીં, રબના ફઝલએ બચાવી લીધો છે." એ સાંભળીને શૈતાને ઠંડો □સ લીધો અને એવું કહેતાં ચાલ્યો ગયો કે તમે છતાં પણ બચી ગયા ! *(સીરતે ગૌષે આ'ઝમ, પેજ-૭૯, ૮૦)*

ગૌષ પાક رضی اللہ عنہ જાણતા હતા કે **નમાઝ જ્યારે નબી કરીમ ﷺ પર માફ ન થઈ હતી તો બીજા કોના માટે માફ થઈ શકે !** જેથી શૈતાનને **લા હૌલ**નો કોરડો ચમકાવીને ભગાડી મૂક્યો. આજ કાલ ગૌષપાકના ચાહકો બલ્કે ગૌષપાકના નામ પર ચરી ખાનારા ઢોંગી બનાવટી પીરો નમાઝો પર નમાઝો છોડીને શરીઅત વિરૂધ્ધ જીવન જીવી રહ્યા છે અને પોતાને વલી તથા હસ્તીમાં ખપાવી રહ્યા છે, તો તેવાના જૂઠા હોવા વિશે કોઈ શંકા રહે છે ખરી ?!

અરે ! ગૌષે પાક رضی اللہ عنہનું તો ફર્માન છે કે, **"બેનમાઝીને મુસલમાનોના કબ્રસ્તાનમાં ન દફનાવો !"** આટલી સખત નફરત તથા બેઝારી આપ બેનમાઝીથી ફર્માવે છે તો હવે ક્યો ગૌષે

પાકનો સાચો ચાહક છે જે નમાઝને છોડશે ?! અરે ! ગૌષ પાક رضی اللہ عنہનું જીવન ચરિત્ર વાંચો ! **કેવળ ન્યાઝ, ફાતેહા સુધી મહોબ્બતને મર્યાદિત ન રાખો ! આપે ૪૦ વરસ સુધી પાબંદીથી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢી, ૧૫ વરસો સુધી આપનો નિયમ રહ્યો કે ઈશાની નમાઝ પછી આખુ કુર્આન ખત્મ કરતા, ૨૫ વરસો સુધી જંગલોમાં એ એકાંત સાથે જીવન ગુજારતા રહ્યા કે કોઈ માણસની સૂરત પણ ન જોવા મળી !** *(સીરતે ગૌષે આ'ઝમ)* જાહેર છે કે જે માણસ દુનિયા તથા દુનિયાદારોથી આટલો બેપરવા થઈ જાય તે રબની ઈબાદતમાં કેટલી મશ્ગૂલિયત સાથે ચૂર થયેલ હશે ?!

### ★ ગૌષ પાકનો ચાહક હરામ માલથી દૂર જ ભાગશે ! ★

આજે લોકો ગૌષ પાકના ગુલામ હોવાનું પણ જીભ વડે કહે છે તો બીજી બાજુ હરામ કમાઈ, હરામ ધંધા તથા હરામ માલને લેવામાં ખચકાટ પણ નથી અનુભવતા ! સાંભળો ! આપના વાલિદ સાહબ હઝરત સૈયદ અબૂ સાલેહ મૂસા ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ હતું. આપનો તકવો જુઓ કે દજલા નદી કિનારે બેઠા હતા. એક સફરજન તરતું તરતું આવ્યું તો આપે તેને ખાઈ લીધું. જો કે આ રીતે કોઈ ચીજ મળે એ મુબાહ ગણાય. છતાંય આપનો તકવો જુઓ કે તેના માલિકની તપાસ કરી તેને વિગત જણાવી જે શિક્ષા કરે તે મંજૂર પણ માફી આપવા કહ્યું. બે ત્રણ વરસો સુધી બાગમાં રખેવાળી કરવાની શિક્ષા મંજૂર રાખી છેવટે આંધળી, થુંથી, લંગડી, ગુંગી, બેહરી છોકરી સાથો શાદી કરે તો માફી મળે એવું જણાવતાં, તે પણ મંજૂર રાખ્યું અને શાદી પણ કરી. જો કે તે છોકરીમાં કોઈ અયબ ન હતી. જેનો ખુલાસો આપતાં તે બાગના માલિક કે જે સાહિબે વિલાયત બુઝુર્ગ હતા તેમણે જણાવ્યું કે મારી પુત્રી આંધળી છે તેનો મતલબ એ કે તેણીએ ગૈર મેહરમને નથી જોયો. પોતાના હાથો વડે કદી કોઈ ગલત કામ નથી કર્યું એટલે તે થુંથી છે, કદી કોઈ ગુનાહની તરફ કદમ નથી ઉપાડયો એટલે તે લંગડી છે, બેહરી એટલે છે કે કાનો વડે કોઈ બિભત્સ વાત નથી સાંભળી અને જીભ વડે શરીઅત વિરૂધ્ધ વાણી નથી ઉચ્ચારી જેથી તે ગુંગી છે. આ મુકદ્દસ ખાતૂનનું નામ ફાતેમા ઉમ્મુલ ખૈર બિન્તે અબ્દુલ્લાહ સૂમઈ હતું. આવાં હતાં ગૌષ પાક رضی اللہ عنہનાં મા બાપ કે હરામ ખાવા કે હરામ કામોને સાયો પણ તેમના પર નથી પડયો. તો ગૌષ પાક رضی اللہ عنہના તકવાનો આલમ શો હશે ?

આ બધું જાણવા છતાં ગૌષ પાકનો સાચો ચાહક હરામ કમાણી, જૂઠ બોલીને કે લાંચ લઈને માલ ભેગો કરે છે કે જૂગાર, ચોરી તથા ઉચાપત કરીને રૂપિયા કમાય એવું તેને શોભે ખરું ?! અને તે આવું કરવા છતાં ગૌષ પાક رضی اللہ عنہના ચાહક હોવાનું ક્યા મોઢે કહેશે ? અને **જે બહેનો બેપર્દા ફરીને તથા ટૂંકા ચુસ્ત, પારદર્શક કપડાં પહેરી અંગ પ્રદર્શન કરે તે તેણીઓ પણ કયા મોઢે પોતાને ગૌષ પાક رضی اللہ عنہની દીવાની કહી શકે છે ?**

### ★ ગૌષ પાકનો ચાહક ઈલ્મે દીનનો શોખિન હશે જ ! ★

ગૌષ પાક رضی اللہ عنہએ પોતાના વતન જીલાનમાં જ કુર્આન ખત્મ કર્યું અને અન્ય કેટલીક દીની કિતાબો પણ પઢી ચૂક્યા હતા. બાપનો સાયો સરથી ઉઠી ગયો હતો છતાં અધિક ઈલ્મ પ્રાપ્તિ માટે વતન ત્યજીને બગદાદ ગયા અને મુકદ્દસ માંએ પણ આપને સફરની ઈજાઝત આપી દીધી, આપ માદરઝાદ વલી હતા છતાં જાહેરી ઈલ્મોની પ્રાપ્તિ માટે વરસો કાઢયાં. જ્યારે આજે નમાઝના મસ્અલા પણ ન જાણનારાને હસ્તી તથા વલી કહી દેવામાં

આવે છે ! લોકોએ આપના જીવન પરથી સબક પ્રાપ્ત કરવો જોઈએ કે બાતિની ઈલ્મ જાહેરી ઈલ્મ વિના મળવો શક્ય નથી, જેથી જેઓ બાકાયદા ઈલ્મે દીન શીખ્યા વિના બાતિની ઈલ્મ વિશે શરીઅતની પાબંદી વિના ડંફાસો મારે છે તેમનાથી દૂર રહેવું જોઈએ.

વળી આજકાલ આપણા ભાઈઓ તથા બહેનો ! ગામોનાં ગામોને મહોલ્લાઓના મહોલ્લાઓને ન્યાઝની દેગો પકાવી પકાવીને ખવડાવી આપશે પણ ઈલ્મે દીન શીખવા, અકીદા વિશે કે અમલ વિશે કે બુઝુર્ગોના જીવન ચરિત્ર, અરે ! નબી પાક ﷺની સીરત વિશે વાંચવા એમની પાસે સમય નહીં મળે ! કોઈ કિતાબ હાથમાં આવી જાય તો જાણે મણ વજન હાથમાં આવ્યું હોય તેમ હાથ ભારે થઈ જશે ! અને કિતાબો ખરીદવા છપાવવા માટે રકમ ખર્ચ કરવાને જાણે કેટલા તો સવાબનું કામ જ નથી સમજતા ! કેવળ ખાવા ખવડાવવામાં જ સવાબ નથી પણ ઈલ્મે દીન માટે કિતાબો બુઝુર્ગોના સવાબ અર્થે છપાવો તેનાથી પણ ખૂબ જ સવાબ બલ્કે એ કામ સવાબે જારીઆ છે, તો એ તરફ પણ ધ્યાન કરવું જોઈએ. ગૌષ પાક رضی اللہ عنہના ઈસાલે સવાબ અર્થે મદ્રસા–મસ્જિદો ગરીબ ગામોમાં બનાવી આપવી જોઈએ એ પણ સવાબે જારીઆ જ છે.

## ★ બદ્મઝહબોની રદથી ગૌષ પાકનો ચાહક નારાજ નહીં થાય ! ★

આજકાલ કેટલાક લોકો એટલા શાણા બને છે કે કોઈ ગુસ્તાખે રસૂલ ફિર્કા વહાબી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી કે શીઆ, રાફઝી વગેરેની રદ કરવામાં આવે તો તેમને ખોટુ લાગે છે ! મોટાભાગના સુન્ની મસ્જિદોના ટ્રસ્ટીઓ એવા છે કે ઈમામને નોકર સમજીને તેને રદ ન કરવાની શરતે નોકરી પર રાખે છે, અને ભૂલથી રદ થઈ જાય છે તો તતડાવે છે ! બદ્બખ્તોએ રસૂલે પાક ﷺ તથા ઔલિયા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના માટે હલકા શબ્દો લખ્યા તેનાથી તેમને જાણે ખોટુ નથી લાગતું ! પણ કોઈ તે ગુસ્તાખોની પોલ ખોલે, તેમની રદ કરે તો આપણા કહેવાતા સુન્ની ગૌષો ખ્વાજાના ચાહક વડીલ બંધુઓને માથુ લાગી જાય છે ! જો તેઓ ગૌષ પાક رضی اللہ عنہના સાચા ચાહક હોય તો ગૌષ પાક رضی اللہ عنہએ બદ્મઝહબો સાથે કેવો વર્તાવ કર્યો તે પણ જાણી લે !

"ગૌષ પાક رضی اللہ عنہના સમયમાં ખારજી, રાફઝી તથા મોઅતઝલી વગેરે બાતિલ ફિર્કા જોશભેર માથુ ઉઠાવી ચૂક્યા હતા તેમજ સમયના અન્ય ગમુરાહ બદ્મઝહબો પણ ખામોશ ન હતા, બલ્કે ભોળાભાળા મુસલમાનોને દીનથી દૂર અલ્લાહ તઆલા અને તેના પ્યારા રસૂલ ﷺથી વિમુખ કરવા માટે ખતરનાક સ્કીમો (આજના વહાબી દેવબંદીઓની જેમ) કરી રહ્યા હતા પરિણામે ગુમરાહી ખૂબ જ ઝડપભેર ફેલાઈ રહી હતી.

સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ પોતાની ઉચ્ચ કક્ષાની હિંમત તથા ખુદાદાદ કાબેલિયતો વડે ખૂબ જ નીડરતાપૂર્વક તથા બેબાકી સાથે હિંમતભર્યાં પગલાં ઉઠાવીને દરેક બાતિલ ફિર્કાનો અડગતાપૂર્વક મુકાબલો કર્યો. અને સર્વ બદ્મઝહબોનાં માથાં કચડીને તથા રદ કરીને હમેશાંના માટે તેમનું માથુ કચુંડી કાઢ્યું. તેમજ અલ્લાહ તઆલાના બંદાઓને સત્યની ઓળખ કરાવી તૌહીદ તથા રિસાલતના સાચા માનનારા તથા ઔલિયાએ કિરામના ચાહક તથા અકીદતમંદ બનાવ્યા." *(સીરતે ગૌષે આ'ઝમ, પેજ–૯૬)*

મૌલા તઆલા આપણને સાચા અર્થમાં ગૌષ પાક رضی اللہ عنہના ચાહક બનાવે અને ગૌષ પાક رضی اللہ عنہના નકશે કદમ પર ચાલીને શરીઅતની પાબંદીમાં જીવવાની તૌફીક આપે, અને દરેક પ્રકારનાં હરામ કામો જૂઠ, ચોરી, ઝિના, જૂગાર, શરાબપાન તથા બદ્મઝહબોની સોહબત... વગેરેથી બચાવે. (આમીન)

ખુદાના અસ્તિત્વનો ઈન્કાર જ ખુદાના અસ્તિત્વને કબૂલવાનું કારણ બન્યો !

# એક નાસ્તિકની ઇસ્લામ કબૂલવાની રસમય કહાની

રજૂકર્તા : ફરજાનાબેન પટેલ–દયાદરા

નાસ્તિકતાની દુનિયામાં ચેકોસ્લેવાકિયાનું નામ મોખરે છે. મારો જન્મ આ જ દેશમાં થયો. જ્યારે હું સમજણો થયો તો સામ્યવાદની તા'લીમ મારી ગળથૂથીમાં નાખવામાં આવી. રોજી–રોટી અને મકાનની ફિલોસોફીને મારા દિમાગનો ભાગ બનાવી દેવામાં આવ્યો. જે પુસ્તકો મને મારા ઘરમાં જોવા મળે એમાં સામ્યવાદની જ વાત હતી. મારા માતા પિતા ચેકોસ્લેવાકિયાની કોમ્યૂનિસ્ટ પાર્ટીના ખાસ વ્યક્તિ હતા. એમની પાસે દરેક સમયે એવા લોકોની આવ–જા રહેતી હતી જે કોમ્યૂનિઝમ (સામ્યવાદ)ના વિશે ચર્ચા વિચારણા કરતા હતા. મારાં માં મોટા ભાગે કહેતાં કે કેટલાક લોકો દુનિયામાં એવા પણ છે જેઓ ખુદાને માને છે અને તેમનું કહેવું એ છે કે દુનિયામાં જે કાંઈ થાય છે તે ખુદાની મરજીથી થાય છે, જ્યારે કે એવું કાંઈ જ નથી. લોકો જેને ખુદા કહે છે તે અસલમાં એક પ્રાકૃતિક બંધારણ છે. ફિતરત (પ્રકૃતિ)ના તકાજાના પ્રમાણે જ અહીંયા દરેક ચીજ અમલામાં આવે છે. સફળતા એન નિષ્ફળતાનો સંબંધ સમયના બદલાવાથી છે. ડરના જઝબામાં રહેવાના કારણથી માણસે એક કાલ્પનિક તાકાતને સ્વીકારી લીધી અને એનું નામ ખુદા રાખી દીધું છે. ખુદા ન દેખાય છે અને ન કોઈ અનુભવથી એના અસ્તિત્વને સાબિત કરવામાં આવે છે. આ પ્રકારની દલીલો રજૂ કરીને મારા પિતા મને પાકો કોમ્યૂનિસ્ટ બનાવી દેવાનું ઈચ્છતા હતા. એમાં શક નથી કે મારા પિતાના વિચારોની અસર મારા પર ગાઢ થતી ગઈ પરંતુ આજે જ્યારે હું મુસલમાન છું અને મારા ભૂતકાળ પર નજર નાખું છું તો એવું લાગે છે કે ખુદાના સંબંધથી જે કાંઈ મારા પિતા મને કહેતા હતા તે હકીકતમાં ઈસાઈયતની રદના મલતબથી હતું. એક જમાનામાં ઈસાઈયત અમારો ખાનદાનની મઝહબ હતો પરંતુ એ મઝહબના ગેરફિતરી (અપ્રાકૃતિક) ખ્યાલાતોએ મારા પિતાને એક ઈસાઈથી કોમ્યૂનિસ્ટ બનાવી દીધા હતા. એટલા માટે મારા પિતાએ એ સમજવાનું ચાલુ કરી દીધું હતું કે ખુદાનું કોઈ અસ્તિત્વ નથી. એમને આ વાત ઘણી હંસી મજાકવાળી લાગતી હતી કે ખુદાની જાત ત્રણ ભાગોમાં વહેંચાયેલ છે. (કેમ કે ઈસાઈ ત્રણ ખુદામાં માને છે) ઈસા મસીહ અને મરયમ એની જાતના ભાગમાં ત્રણેવના અખત્યારો જુદા છે, આ વાત મારા પિતાની નજીક ઘણી જ વધારે મૂર્ખતાભરી હતી. મને યાદ છે કે જ્યારે મારા પિતાના દોસ્ત એમનાથી મુલાકાતના માટે આવતા હતા તો આ માન્યતાની મજાક ઉડાવતા હતા અને ઘણા જ જોર જોરથી હસતા હતા. જાણે કે આ માન્યતા એમના માટે મજાકનો વિષય હતો. તેઓ વાંધો ઉઠાવતા હતા કે જો ઈસાની માં મરયમ છે તો પછી મરીયમનો પતિ કોણ છે ? ઈસાને અસ્તિત્વમાં લાવવા માટે મરયમની જરૂરત છે તો ખુદાને અસ્તિત્વમાં લાવવા માટે કોઈ જરૂરત રહી હશે.

મને સારી રીતે યાદ છે કે હું પણ જ્યારે મારા દોસ્તોની સાથે ચર્ચા કરતો હતો તો ખુદાના વિશે ચર્ચા કરીને ખૂબ જ આનંદ ઉઠાવતો હતો અને ખુદામાં યકીન રાખનાર લોકોની ખૂબ મજાક ઉડાવતો હતો. મારા સ્વપ્ન કે વિચારમાં પણ ન હતું કે એક દિવસ મારી જિંદગીમાં એવો પણ આવી જશે જ્યારે હું ખુદાને પૂજનાર બની જઈશ અને દુનિયા મને અહમદુદ્દીનના નામથી ઓળખશે.

કોમ્યૂનિઝમની તા'લીમ સંપૂર્ણ કર્યા પછી મેં મારી તા'લીમ ચાલુ રાખવાનો ઈરાદો કર્યો અને ચેકોસ્લેવાકિયા યુનિવર્સિટીમાં મને દાખલો મળી ગયો. હું માસ્ટર ડિગ્રી ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશનની તા'લીમ સંપૂર્ણ કરવા ઈચ્છતો હતો. એ કોર્સની પૂર્ણતાના માટે અમલી તા'લીમ પ્રાપ્ત કરવાની પણ જરૂરત હતી. તા'લીમના બીજા વર્ષે મારે ચેકોસ્લેવાકિયાથી બહાર જઈને બીજા કોઈ દેશમાં તા'લીમ પ્રાપ્ત કરવી જરૂરી હતી. યુનિવર્સિટીના જવાબદારોએ નક્કી કર્યું કે હું પશ્ચિમ આફ્રિકા જાઉં અને ત્યાં બિઝનેસ એડમિન્સ્ટ્રેશનની તા'લીમ મેળવું. અન્ય દેશોના વિદ્યાર્થીઓ પણ ત્યાં તા'લીમ પ્રાપ્ત કરવાના માટે આવ્યા હતા. લીબિયા અને શામ (સીરીયા)થી આવનારા વધારે હતા. એક જ ઓફિસમાં કામ કરવાના કારણે મારો સંબંધ એ મુસલમાનોથી વધારે થવા લાગ્યો. જ્યારે અમે એકબીજા મળીને બેસતા તો પોતાની આદતના પ્રમાણે હું ખુદાની મજાક ઉડાવતો અને એ લોકોને સમજાવતો હતો કે તેઓ રોજી રોટીની ફિકર કરે અને ખુદાના ખયાલથી છૂટકારો પ્રાપ્ત કર ! એ લોકો પાંચ વખતની નમાઝ અદા કરતા હતા. એમને સમજાવતો હતો કે કાલ્પનિક ખુદાની યાદમાં સમય બરબાદ કરવો ફુઝૂલ છે. પરંતુ એ લોકો મારી દલીલોના જવાબમાં એવી દલીલો લાવતા હતા જેનો જવાબ મારી પાસે ન હતો. લેબનાન અને શામના તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) ઘણા જ ઈખ્લાસવાળા હતા. હું ખુદાની જાતના માટે અયોગ્ય શબ્દો પણ વાપરતો હતો, પરંતુ તેઓ ગુસ્તાખીને પણ સહન કરી લેતા હતા અને પોતાની ખુશ મિઝાજી અને ખુશ અખ્લાકીમાં કોઈ પ્રકારની કમી ન આવવા દેતા હતા, અને ઈસ્લામી તા'લીમાતને મારા સુધી પહોંચાડવાનું કામ ચાલુ રાખતા હતા.

વાતચીત દરમ્યાન એવા મોકાઓ પણ આવવા લાગ્યા જ્યારે મેં પશ્ચિમી આફ્રિકાના મુસલમાનોની જિંદગીની તરફ પોતાના મુસ્લિમ દોસ્તોનું ધ્યાન દોર્યું જેમની અમલી જિંદગીને ઈસ્લામથી કોઈ સંબંધ ન હતો. જૂઠ, ધોકો, શરાબનોશી અને ઐયાશીમાં એ લોકો ડૂબેલા રહેતા હતા. મેં મુસલમાનોને સવાલ કર્યો કે શું આ જ ઈસ્લામી જિંદગી છે ? અને શું એક ખુદાને માનનારની આદત આવી હોવી જોઈએ ? એ લોકોનો જવાબ હતો કે મારે ઈસ્લામની તા'લીમાતને જ જોવી જોઈએ, મુસલમાન ઈસ્લામની તા'લીમાતથી દૂર ચાલ્યા ગયા છે એટલા માટે એમનામાં આ બધી બુરાઈઓ પેદા થઈ ગઈ છે. જો પશ્ચિમી આફ્રિકાના મુસલમાન અને દુનિયાના તમામ મુસલમાન ઈસ્લામી તા'લીમાત પર અમલ કરતા રહેતા તો તેઓ જમીન પર ખૈરે ઉમ્મત હોત. નાસ્તિકપણાને તથા કોમ્યૂનિઝમને ઉત્તેજન એટલા માટે પ્રાપ્ત થયું કે મુસલમાન ઈસ્લામી તા'લીમાતથી ઘણા જ દૂર ચાલ્યા ગયા છે.

મઝહબના વિશે ઈસાઈયતના સંબંધથી જ્યારે મેં ખુદાના વિશે એ લોકોથી વાતચીત કરી તો એમની સ્પષ્ટતાથી તે અંધારું મારા દિમાગથી દૂર થઈ ગયું જે બાળપણથી મારા દિમાગ પર છવાયેલું હતું. એમણે કુર્આનના હવાલાથી જણાવ્યું કે ખુદા એકલો અને એક છે, કેમ કે ઈસાઈ ખુદાને એક નથી માનતા પરંતુ ત્રણ માને છે, એટલા માટે ઈસાઈ અકીદાને જૂઠા સાબિત કરતાં નાસ્તિક વિચારધારાની રોશની આપ પર જણાઈ રહી છે. જ્યારે કે ઈસ્લામનો પાયો જ એના પર છે કે ખુદા એક છે, એનો કોઈ ભાગીદાર નથી, તે કાદિર મુતલક છે, જમીન તથા આસમાનમાં એની હુકૂમત છે, એનો કોઈ મુશીર નથી, મારા માટે આ એક અજીબો ગરીબ અનુભવ હતો. ન જાણે મારા ઝમીરમાં શું પરિવર્તન આવી રહ્યું હતું ! મને એવું લાગવા માંડયું કે હું જે ખુદાનો ઈન્કાર તમામ જિંદગી કરતો આવ્યો છું તે મારા દિલમાં હાજર છે, હવે જે જાત મારા દિલમાં હાજર

છે એનાથી હું ઈન્કાર કેવી રીતે કરી શકુ છું ! મને મારા મુસ્લિમ દોસ્તોએ જણાવ્યું કે મારું ખુદાથી બેઝારીનું કારણ એ છે કે ઈસાઈ ખયાલાતથી મેં ખુદાને ઓળખવાની કોશિશ કરી છે, જો હું ઈસ્લામી દૃષ્ટિથી વિચારું તો ખુદાના ઈકરારના સિવાય કોઈ બીજો રસ્તો મારા માટે નહીં રહેશે.

અહીંયા એ સ્પષ્ટતા કરવી હું મારા માટે જરૂરી સમજું છું કે સાયન્સ મારો મહબૂબ વિષય રહ્યો છે. શરૂઆતથી જ ચીજોને હું સાઈન્ટિફિક દૃષ્ટિથી જોવા ટેવાયેલો રહ્યો છું. જ્યારે મેં કુર્આન મજીદનો અભ્યાસ શરૂ કર્યો તો ન જાણે કેટલા સૂરજ, ચાંદ અને તારાઓ મારા દિમાગમાં રોશન થઈ ગયા ! આશ્ચર્યની ન જાણે કેટલી દુનિયાઓમાં હું સફર કરવા લાગ્યો ! આજની સાયન્સ જે રહસ્યોનાં સ્ફોટ કરી રહી છે તેને તો આ કુર્આન મજીદે ચૌદસો વર્ષ પહેલાં જ જાહેર કરી દીધાં હતાં ! અને જે ચીજો આજે આપણી સમજમાં નથી આવી રહી આવનાર સમયમાં તે પણ આપણી સમજમાં આવી જશે. હું સ્વીકારવા મજબૂર થયો કે કુર્આન મજીદ ખુદાની કિતાબ છે અને આ ઈલ્હામી છે જેને ખુદાએ પોતાના આખરી પૈગંબર પર નાઝિલ કરી છે. આ કિતાબમાં જિંદગીના તમામ મસ્અલાનું હલ હાજર છે. રહેતી દુનિયા સુધી આ કિતાબ આખી દુનિયાની હિદાયતના માટે કાફી છે. આ કિતાબના કાયદાઓ કદી બદલી નથી શકાતા, આ કિતાબ પર અમલ કરીને મુસલમાન આખી દુનિયા પર હુકમરાની કરી શકે છે.

મારી કહાની તો ઘણી લાંબી છે, બસ ટૂંકમાં આટલું જ કહી શકું છું કે અલ્હમ્દુલિલ્લાહ ! હું મુસલમાન છું ! બિઝનેસ એડમિનિસ્ટ્રેશનની તા'લીમ સંપૂર્ણ કરીને હું ચેકોસ્લેવાકિયામાં પાછો આવી ગયો છું. મેં ઈસ્લામનો પયગામ જ્યારે મારી પત્ની તથા બાળકોને આપ્યો તો એમણે પણ ઈસ્લામને કબૂલ કરી લીધો. નાસ્તિક સમાજમાં ઈસ્લામની તા'લીમાતનો ઉલ્લેખ જ્યારે હું બીજાઓથી કરું છું તો એમના પર અસર જોવા મળે છે. ખુદા કરે ઈસ્લામની દૌલત બીજાઓને પણ નસીબ થાય અને મુસલમાન ઈસ્લામને પોતાની જિંદગીમાં અમલમાં પણ મૂકે. *(નઈ દુન્યા ઉર્દૂ સાપ્તાહિક, ૧૬ થી ૧૨ એપ્રિલ–૦૬)*

**સબક** : આ પરથી જાણવા મળે છે કે ગૈરોનું ઈસ્લામથી દૂર રહેવાનું એક ખાસ કારણ એ છે કે મુસલમાનો ઈસ્લામથી વિરૂદ્ધ કિરદારો અપનાવી ઈસ્લામની ગલત છાપ ઉભી કરીને તેઓને ઈસ્લામ પ્રતિ આકર્ષાવાથી દૂર કરી રહ્યા છે, જેથી જેમને સાચે જ ઈસ્લામથી મહોબ્બત હોય અને ઈસ્લામનો ફેલાવો જગતભરમાં થાય તેમ ઈચ્છતા હોય તો તેમણે ઈસ્લામી અખ્લાક તથા નેક અમલો અપનાવી ગૈરો સમક્ષ સાચો ઈસ્લામ શું છે તેના વિશે સારી છાપ પાડવી જોઈએ. મૌલા કરીમ દરેક મુસલમાનને આ બાબતે ગંભીર બની સાચા પાક શરીઅતના પાબંદ મુસલમાન થવાની તૌફીક આપે. *(આમીન)*

### ગૌષ પાક رضی اللہ عنہ અને ઈલ્મની તલબ !

એકવાર હઝરત ગૌષ પાક رضی اللہ عنہ વાલિદા પાસેથી રજા લઈને ઈલ્મની શોધમાં ઘરેથી નીકળ્યા. રાતનો સમય હતો, સખત ઠંડી તથા તેજ હવા ચાલી રહી હતી. એ ભયાનક સંજોગોમાં આપ જ્યારે ઉસ્તાદના દરવાજે પહોંચ્યા તો ઘરનો દરવાજો બંધ હતો. આપ આખી રાત ઉભા રહ્યા. જ્યારે સવારની સફેદી જાહેર થઈ તો ઉસ્તાદ સાહબે બહાર જવા દરવાજો ખોલ્યો. જોયું કે એક બાળક ઉભેલો છે. તેમણે સવાલ કર્યો કે તમે કોણ છો અને આવી સખત ઠંડીમાં અહીં કેમ અને ક્યારથી ઉભા છો ? તો આપે વિગત જણાવી કહ્યું કે રાતથી જ ઊભો છું !

આ હતી ઉસ્તાદની અદબ અને આ હતી ઈલ્મે દીનની તલબ ! આ પ્રસંગ ઈલ્મ વિના બુઝુર્ગ બની જનારાઓને તેમજ તાલિબે ઈલ્મોને ઘણુ કહી જાય છે. *(માહનામા આ'લા હઝરત, ફેબ્રુઆરી–૨૦૦૬)*

-કાર્યાલય

## અમેરિકા વિરૂધ્ધ ઈરાન તથા વનેઝુએલાનું સંગઠન!

# દુનિયાના સૌથી જાલિમ શખ્સ બુશની ઊંઘ હરામ !

ઈરાનના અણુ બોમ્બમાં વેનેઝુએલાનું યુરેનિયમ ? શું આવું શક્ય છે ? જી હા ! એક એવા સમયે જ્યારે સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO)ની સલામતી કાઉન્સિલે ઈરાનને પોતાના અણુ કાર્યક્રમને ઈરાનના અખાતમાં ગર્ક કરવાની ૩૦ દિવસની મોહલત આપી છે, તેવા સમયે આ ખબરે અમેરિકાને ખૂબ જ બેચેન કરી નાખ્યું છે કે વેનેઝુએલાનું યુરેનિયમ ઈરાનના અણુ કાર્યક્રમને મંઝિલે પહોંચાડી આપશે. બેશક ! ઈરાન તથા વેનેઝુએલાનું સંગઠન એક અજીબો ગરીબ હકીકત છે, કેમ કે એક પૂર્વ તો એક પશ્ચિમ, બંને દેશોની રાજકીય, ધાર્મિક તથા સામાજિક માન્યતાઓમાં જમીન તથા આસ્માનનો ફરક છે. ઈરાનના પ્રમુખ મેહમૂદ અહમદી નેજાદ હરી (Green) ક્રાંતિ એટલે ઈસ્લામી માન્યતાઓના ઝંડાધારી હોવાના દાવેદાર છે તો વેનેઝુએલાના પ્રમુખ હુગો શાવેઝ લાલ (Red) ક્રાંતિ એટલે કે સામ્યવાદી ચળવળના પ્રણેતા છે. આ જોડ વિનાની માન્યતાઓ છતાં ઈરાન તથા વનેઝુએલાના દરમ્યાન દોસ્તી, એકતા તથા વિ□સનો તંતુ સુપર પાવર અમેરિકાના માટે કાંટાની જેમ ખટકી રહેલ છે. જેનો પાયો આપસમાં દોસ્તી કરતાં અમેરિકા સાથે નફરત પર વધારે છે. બંને દેશોની લીડરશીપમાં કેવળ આ જ મળતાપણુ છે કે બંનેવ અમેરિકાની તાનાશાહીની વિરૂધ્ધ છે. જો ઈરાને મધ્યપૂર્વમાં અમેરિકાના માટે કોઈ કરોળિયાની જેમ જાળ વણી લીધી છે તો લાતિની અમેરિકા એટલે કે અમેરિકાની કૂખમાં વેનેઝુએલા હાથીની સૂંઢમાં કીડીનો રોલ ભજવી રહેલ છે. શાવેઝની અમેરિકા દુશ્મની દુનિયા માટે કોઈ નવી વાત નથી, પણ ઈરાનની સાથે શાવેઝની મિત્રતા અમેરિકા તથા ઈઝરાઈલ પર પરમાણુ ભય ખડો કરી રહેલ છે, કેમ કે નિષ્ણાતોનો અંદેશો છે કે અમેરિકાથી નફરતની અતિશયતામાં ક્યાંક વેનેઝુએલાનું યૂરેનિયમ ઈરાનની તાકાત ન બની જાય. જો કે વેનેઝુએલાના પ્રમુખ શાવેઝે એને રદિયો આપ્યો છે પણ જેઓ અમેરિકાથી વેનેઝુએલાની નફરતની ગહરાઈને સમજે છે તેમને યકીન છે કે આ દોસ્તી કાંઈ ન કાંઈ રંગ જરૂર લાવશે. જો કે અમેરિકી વર્તમાન પત્ર "વોશિંગ્ટન પોસ્ટ"એ એક રિપોર્ટમાં આ વાતનો ખતરો જાહેર કર્યો છે કે ઈરાની પાર્લામેન્ટના સ્પીકર ગુલામ અલી હદાદ અદીલના બે દિવસીય વેનેઝુએલાના પ્રવાસ દરમ્યાન આપસમાં કરારો થયા છે એમાં વેનેઝુએલાના યુરેનિયમની ઈરાનમાં તબદીલી પણ સામેલ છે, જ્યારે કે ઈઝરાઈલી ઈન્ટેલિજન્સે તો એ દાવો કર્યો છે કે યૂરેનિયમને ઈરાન રવાના કરવામાં આવી ચૂક્યું છે.

વેનેઝુએલા દુનિયામાં તેલની નિકાસ કરનારો પાંચમો સૌથી મોટો દેશ છે લાતીની એમેરિકામાં શાવેઝે સામ્યવાદી લહેર પેદા કરી છે જેની અસર હવે બૂલિવિયા, કોલંબિયા, મેક્સિકો તથા નકારગ્વા પર જોવા મળે છે. શાવેઝે જેવી રીતે તેલને પોતાનું હથિયાર બનાવ્યું છે તેવી જ રીતે અમેરિકાને રોજ બ રોજ પરેશાન કર્યું છે. ગયા મહિને વેનેઝુએલાએ યુનોની સલામતિ કાઉન્સિલમાં ઈરાનના મામલા પર રાય આપી અને ઈરાનની તરફેણમાં વોટ આપ્યો. તેની સાથે ક્યૂબા તથા સીરીયાએ પણ ઈરાનની તરફદારી કરી હતી. જ્યારે હાલમાં યુરેનિયમ વિવાદ પછી વેનેઝુએલાથી એક અમેરિકા મિશનરીને કાઢી મૂકવામાં આવી હતી જેના પર સી.આઈ.એ.ની જાસૂસી કરવાનો આક્ષેપ હતો. અમેરિકી વિદેશ મંત્રાલયે એ વાતને સ્વીકારી છે અને જે નિર્દેશો મળ્યા છે એનાથી જાહેર થાય છે કે ઈરાન મોકાનો લાભ ઉઠાવી રહ્યું છે. જો કે વાત એ પણ છે કે અત્યાર સુધી વેનેઝુએલાની યૂરેનિયમ વ્યાપારિક લેણદેણની કોઈ

સાબિતી નથી મળી. વેનેઝુએલાના જ એક એલચી જોલ્વેકેસરી પેન્દાના પ્રમાણે વેનેઝુએલામાં લગભગ ૫૦ હજાર ટન યુરેનિયમનાં ઝખીરો છે અને એટલા માટે અમેરિકાથી અધિક ઈઝરાઈલ પણ પરેશાન છે જેણે પોતાની ઈન્ટેલિજન્સ રિપોર્ટમાં કહ્યું છે કે ઈરાને વેનેઝુએલાને પોતાના અણુ કાર્યક્રમમાં વાપરવાનું શરૂ કરી આપ્યું છે. ઈઝરાઈલને ભય છે કે ઈરાને અણુ બોમ્બ બનાવી લીધો તો તેનું અસ્તિત્વમાં ખતરામાં પડી જશે કેમ કે ઈરાની નેતાગીરી એકવાર ઈઝરાઈલને દુનિયાના નક્શાથી મિટાવવાની વાત ઉચ્ચારી ચૂકી છે.

ગયા મહિને શાવેઝે એ ખબરને અમેરિકી પ્રોપેગન્ડો (કુપ્રચાર) ગણાવ્યો હતો કે ઈરાન અણુ બોમ્બ બનાવવાની કોશિશ કરી રહ્યું છે. શાવેઝે કહ્યું હતું કે ઈરાનનો અણુ કાર્યક્રમ શાંતિમય હેતુ માટે છે એટલા માટે ઈરાન સાથે હાથ મિલાવવામાં કોઈ ખચકાટ થશે નહીં. તેમણે અમેરિકા પર બેવડી નીતિ અપનાવવાનો આક્ષેપ લગાડતાં કહ્યું હતું કે અમેરિકા પોતાના સમવિચારધારી તથા સાથી દેશોની અણુ શક્તિ પ્રતિ આંખ આડા કાન કરે છે અને એવા દેશો પાછળ પડેલું રહે છે જેઓ તેની તાનાશાહીને સ્વીકાર કરવા તૈયાર નથી. ઈરાનનો અણુ કાર્યક્રમ શાંતિમય છે. દેશની પ્રગતિના મનસૂબાઓનો હિસ્સો છે. શાવેઝનું કહેવું છે કે ઈરાનની જેમ વેનેઝુએલાનો અણુ કાર્યક્રમ પણ શાંતિમય હેતુવાળો છે. હાલમાં જ શાવેઝે પોતાની જ અણુ ટેક્નોલોજી આર્જેન્ટિનાથી પરત ખરીદવાની કોશિશ કરી હતી પણ આર્જેટિનાએ પડોશીની તજવીઝ નકારી કાઢી હતી. હવે જેવી રીતે વેનેઝુએલાએ ઈરાનની યૂરેનિયમની સપ્લાયમાં મદદ કરી છે અથવા કરી રહ્યું છે, તેના જવાબમાં ઈરાને વેનેઝુએલાના અણુ શક્તિ કાર્યક્રમને સંયુક્ત રાષ્ટ્રસંઘની અણુ સંસ્થા IAEAના બંધારણ હેઠળ મદદનું એલાન કર્યું છે.

ઈરાન તથા વેનેઝુએલાની દોસ્તીએ અમેરિકાને પરેશાન કરી દીધું છે. કેમ કે બંને દેશોએ વિવિધ ક્ષેત્રોએ કરારો કર્યા છે અને ૨૦૦ મિલિયન ડોલરનું એક સંયુક્ત ફંડ સ્થાપિત કર્યું છે જેનો મકસદ આપસમાં વેપારને વિકસાવવાનો છે પણ આ દોસ્તીનો સૌથી મહત્વનો કરાર અમેરિકાનો વિરોધ છે. અમેરિકાના માટે શાવેઝની ઈરાન નવાઝી પરેશાન કર્તા છે કેમ કે શાવેઝે હમેશાં અમેરિકાના વિરોધીઓ સાથે જ હાથ મિલાવ્યા છે. પણ અમેરિકાનું બીજું સરદર્દ વેનેઝુએલાનું યૂરેનિયમ છે અને બુશતંત્ર જાણે છે કે શાવેઝ અમેરિકાની દુશ્મનીમાં ઈરાનની સાથે દોસ્તીની તમામ હદો પાર કરી શકે છે. વેનેઝુએલાના માજી ગૃહપ્રધાન રાઈવલ સાલાર્ઝના કથનાનુસાર શાવેઝની ઈરાનના અણુ કાર્યક્રમની તરફદારીનો અર્થ એ છે કે હવે વેનેઝુએલા ટકરાવ માટે પણ તૈયાર છે, જ્યારે કે આ દુશ્મની હવે એવા સંજોગ પર પહોંચી ચૂકી છે જ્યાં હવે સુધારણાની કોઈ શક્યતા નથી.

જો કે શાવેઝે ઈરાનને યૂરેનિયમ સપ્લાય કરવાની ખબરોને પશ્ચિમી પ્રોપેગન્ડો ગણાવ્યો છે, કેમ કે અમેરિકા ચાહે છે કે એને આધાર બનાવીને ઈરાન તથા વેનેઝુએલા પર હુમ્લો કરે અથવા સત્તાની તબ્દીલી કરાવી શકે. શાવેઝના કહ્યાનુસાર અમેરિકા જૂઠુ બોલવામાં સૌથી આગળ છે અને ઈરાકના યુદ્ધથી અત્યાર સુધી કેવળ જૂઠને જ સહારો બનાવીને ઈજ્જત બચાવી રહ્યું છે.

**IAEA**માં વેનેઝુએલાના માજી પ્રતિનિધિ એલ. સી. લોબોના કહ્યાનુસાર એ વાત માનવા યોગ્ય નથી કે વેનેઝુએલા પોતાનું યૂરેનિયમ ઈરાનને મોકલશે, કેમ કે વેનેઝુએલાથી અધિક યૂરેનિયમ ઈરાનના પાસે છે. પણ અમેરિકા હોય કે ઈઝરાઈલ કે પછી યૂરોપ એટલે સુધી કે અરબ જગત પણ એ વાતને સ્વીકારવા તૈયાર નથી. દરેક જણ માની રહ્યું છે કે ઈરાન આ સંજોગોમાં વેનેઝુએલાની અમેરિકી વિરોધી નીતિનો લાભ ઉઠાવશે અને ખૂદ શાવેઝ આ પ્રકારની મદદ કરવામાં કોઈ ખચકાટ મેહસૂસ કરશે નહીં.

*(નઈ દુન્યા અઠવાડિક ઉર્દૂ, ૧૬ થી ૨૨ એપ્રિલ–૦૬)*

# મનઘડત તથા બનાવટી રિવાયતો

*(ફતાવાએ કાદરિયા માંડવી–કચ્છમાંથી સાભાર)*

**રજૂકર્તા : ખલીફાએ તાજુશ્શરીઅહ હઝરત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી-સેગવા**

★ મનઘડત રિવાયત ★

**(૩૬)** ગુજરાતના કચ્છમાં ઘણી જગ્યાએ વીસ વીસ, પચ્ચીસ પચ્ચીસ ફૂટ લાંબી કબરો જોવામાં આવે છે અને લોકો કહે છે કે આ સહાબીઓની કબરો છે, શું આ વાત સાચી છે ?

★ સત્યનો નિર્દેશ ★

કચ્છમાં રસૂલુલ્લાહ ﷺના કોઈ પણ સહાબી આવેલ નથી અને તેમની કોઈ મૈય્યત પણ દફન થયેલ નથી. એવું કહે છે કે સહાબીની કબર છે જે જહાલત છે. પણ કેટલીક વીસ પચ્ચીસ ફૂટ લાંબી કબરો અમુક વિસ્તારના કબ્રસ્તાનોમાં જોવામાં આવે છે ત્યાં અગાઉના સમયમાં લડાઈ તેમજ પ્લેગ અથવા કોલેરાની બીમારીઓના કારણે એક સાથે ઘણા માણસોનાં મૃત્યુ થવાને કારણે એક મોટી કબ્રમાં એકી સાથે આઠ દસ મૈયતોને દફન કરી દેવામાં આવ્યાં હશે, જેથી અમુક કબરો લાંબી થઈ છે. (વલ્લાહુ અઅ્લમ)

★ મનઘડત રિવાયત ★

**(૩૭)** કહે છે કે હઝરત કાસિમ બિન હસન رضی اللہ عنہની શાદી કરબલાના જંગ વખતે કરબલામાં જ કરવામાં આવી હતી અને તે પણ હઝરત હુસૈન رضی اللہ عنہની દિકરી બીબી ફાતેમા કુબ્રા સાથે. આ વાત સાચી છે કે નહીં ? મોઅતબર કિતાબોમાં તેનો શું ઉલ્લેખ છે ?

★ સત્યનો નિર્દેશ ★

મોઅતબર કિતાબોથી જણાય છે કે ઈમામ કાસિમ رضی اللہ عنہની શાદી હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની દિકરી બીબી સકીના અથવા ફાતેમા કુબ્રા સાથે કરબલાના મેદાનમાં થઈ એ વાત ખોટી છે. કરબલામાં કોઈ નિકાહ કે શાદી થયેલ નથી.

★ મનઘડત રિવાયત ★

**(૩૮)** હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બાપનું નામ આઝર હતું કે તારિખ અને તેઓ ઈમાન લાવ્યા હતા કે નહીં ? બદ્‌મઝહબો કહે છે કે હઝરત ઈબ્રાહીમના બાપ આઝર મુશ્રિક હતા. સત્ય શું છે ?

★ સત્યનો નિર્દેશ ★

હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બાપનું નામ તારિખ હતું એવી ઉલમાએ અહલે સુન્નતની તહકીક છે. અને તેમના બાપ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનું બચપણ હતું તે વખતે ગુજરી ગયેલા જે મુવહ્‌હિદ (એક અલ્લાહમાં માનનાર) હતા, મુશ્રિક ન હતા. આઝર હઝરત ઈબ્રાહીમ علیہ السلامના કાકા હતા.

★ મનઘડત રિવાયત ★

**(૩૯)** હઝરત ઈદ્રીસ علیہ السلامની રૂહ હઝરત ઈઝરાઈલ علیہ السلامએ ખુદાની રજા સિવાય કબ્ઝ કરી હતી અને પછી તેઓ જન્નતની સહેલ કરવા ગયા અને પછી જન્નતથી બહાર આવ્યા નહીં. આ વાત કેટલી હદે સાચી છે ?

★ સત્યનો નિર્દેશ ★

હઝરત ઈદ્રીસ علیہ السلامની રૂહ હઝરત ઈઝરાઈલ علیہ السلامએ તેમના કહેવા પર અને ખુદાની રઝામંદીથી કબ્ઝ કરી હતી અને પછી જયારે બીજીવાર રૂહ નાખવામાં આવી અને જીવતા થયા અને પછી દોઝખની સેર કરી અને જોયું. પછી તેઓ જન્નતની સેર કરવા માટે ગયા અને ખુદાવંદે કરીમની મરજી અને ઈજાઝતથી જન્નતમાં ઝિંદા મુકીમ (સ્થાયી) થઈ ગયા. *(તફસીરે મવાહિબ, સૂરએ મરયમ, કસસુલ અંબિયા અરબી)*

★ મનઘડત રિવાયત ★

**(૪૦)** એ વાત મશહૂર છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہની શહાદત બાદ તેમના ભાઈ મુહમ્મદ હનીફે

કસમ ખાઈ મોટી લડાઈ કરી વિજય મેળવ્યો. ત્યાર બાદ તેઓ એક ગુફામાં ચાલ્યા ગયા અને તેઓ આજ સુધી હયાત છે, એ હકીકત સાચી કે નહીં ?

**★ સત્યનો નિર્દેશ ★**

એ વાત ઉપરથી મુહમ્મદ હનીફનું જંગનામું લખવામાં આવ્યું છે તેને ઉલ્માએ અહલે સુન્નત વલ જમાઅત **ગલત** બતાવે છે. પ્રસિદ્ધ ઈતિહાસ દ્વારા માલૂમ પડે છે કે હઝરત મુહમ્મદ હનીફ رضی اللہ عنہએ ઈમામ હુસૈનના બદલા માટે યુદ્ધ કર્યું નથી પણ આપ મદીના મુનવ્વરામાં જીવન પસાર કરીને અવસાન પામ્યા અને મદીના મુનવ્વરાના મશહૂર કબ્રસતાનમાં દફન થયા છે અને આપની મઝાર શરીફ પણ ત્યાં છે. *(સીરતે ઈમામ હુસૈન, શહીદે આ'ઝમ, ઝિબ્હે અઝીમ, કરબલા કે બાદ)*

**★ મનઘડત રિવાયત ★**

**(૪૧)** એક કહેવાય છે કે, હઝરત બીબી ફાતેમા رضی اللہ عنہاની રૂહ કબ્ઝ કરવા માટે જ્યારે મલકુલ મૌત આવ્યા તે પહેલાં જ આપની રૂહ નીકળી ચૂકી હતી. આ વાત સાચી છે કે નહીં ?

**★ સત્યનો નિર્દેશ ★**

આ વાત જાહિલોની બકવાસ છે. અહલે સુન્નત વલ જમાઅતના અકીદા પ્રમાણે એ વાત વિ□સપાત્ર નથી. જો કે હઝરત તૈયબહ વ તાહેરા ખાતૂને જન્નત હઝરત ફાતિમાઝહરા رضی اللہ عنہاએ પોતાના ઈન્તેકાલથી પહેલાં રમઝાનની બીજી તારીખે આખેરતની સફરની તૈયારીમાં ઘરનાં જરૂરી કામ પૂરાં કરી દીધાં હતાં. નમાઝે ઈશા બાદ બધી તૈયારીઓ કરી ચૂક્યાં હતાં. કારણ કે ખ્વાબમાં હઝરત રસૂલે કરીમ ﷺએ પોતાની મુલાકાતની બશારત આપી દીધી હતી. તેમ છતાં તેમની રૂહ મુબારક મલકુલ મૌતે જ કબ્ઝ કરી હતી. *(અજાયબુલ કસસ તાહેરા ઈસના અશરીયા)*

**★ મનઘડત રિવાયત ★**

**(૪૨)** હઝરત લુકમાન علیہ السلامની રૂહ જ્યારે કબ્ઝ કરવાનો હુકમ થયો તો લુકમાને ઘણી સૂરતો બનાવડાવી હતી અને મલકુલ મૌતને ભૂલા પાડી દીધા હતા ! શું એ વાત ખરી છે ?

**★ સત્યનો નિર્દેશ ★**

કેટલીક કિતાબોમાં આ મનઘડત કિસ્સો લખેલો છે પણ એ ખરો નથી. વિ□સપાત્ર રિવાયત અથવા કોઈ તફસીર અથવા હદીષની કિતાબોથી એની કોઈ સાબિતી મળતી નથી. (વલ્લાહુ અઅ્લમુ બિસ્સવાબ)

**★ મનઘડત રિવાયત ★**

**(૪૩)** કહેવાય છે કે લાલ કાફિર છે જેને હઝરત અલી کرم اللہ وجہہ الکریمએ તલવાર મારી છે. તે ઘાયલ થયો પછી તે મર્યો નહીં અને તે હજી પણ જીવે છે અને કયામત સુધી જીવતો રહેશે અને આજે પણ બૂમો પાડે છે. શું એ વાત સાચી છે ? જો આ વાત સાચી હોય તો કઈ કિતાબમાં છે ?

**★ સત્યનો નિર્દેશ ★**

લાલ કાફિરની વાત પાયા વગરની બલ્કે ખોટી છે અને બનાવટી છે. ઈતિહાસ અથવા સીરતની કિતાબો અથવા બીજે એની કોઈ સાબિતી નથી. (વલ્લાહુ અઅ્લમ)

**★ મનઘડત રિવાયત ★**

**(૪૪)** કેટલીક કિતાબોમાં એવું લખેલ હોય છે કે હઝરત ઈમામ હસન બિન અલી رضی اللہ عنہને ઝહેર આપનાર તેમની જ બીવી જોઅદા છે. શું આ હકીકત સાચી છે કે કેમ ?

**★ સત્યનો નિર્દેશ ★**

કેટલીક કિતાબોમાં તમારા સવાલમાં જે હકીકત લખેલ છે તે મુજબ લખેલું છે. પણ ઉલ્માએ અહલે સુન્નતની તહેકીક એ છે કે બીવી જોઅદા પર હઝરત ઈમામ હસનને ઝહેર આપવાનો ઈલ્ઝામ છે તે ખારજીઓનો છે, મોઅતબર સનદથી સાબિત નથી. હઝરત ઈમામ હુસૈનને છેવટ સુધી ખબર પડી નહીં કે ઈમામ હસનને ઝહેર આપનાર કોણ છે. ઉપરાંત બીબી જોઅદાને કતલની કે અન્ય કોઈ સજા પણ થઈ નથી જેથી મઝકૂર બિના ગલત છે. *(સવાનેહે કરબલા)*




જેવી રીતે બ્રિટિશ શાસનકાળમાં ભારતમાં ઈસ્લામી ઈત્તેહાદ (એકતા)ને ટુકડા ટુકડા કરવા ફિર્કાબંદીની આયોજનપૂર્વકની કાર્યવાહી ચાલુ કરવામાં આવી અને જોત જોતામાં "વહાબી" પછી "દેવબંદી" તથા "કાદયાની" ફિર્કાઓ અસ્તિત્વમાં આવ્યા. એ જ રીતે તેરમી સદી હિજરીમાં જ્યારે ઈરાન પર ઉષ્માનિયા હુકૂમતનો કબ્જો હતો, ત્યારે રૂસના ઈશારા પર ઈરાનમાં પણ બહાઈ ધર્મની સ્થાપના થઈ અને રૂસની જ દેખરેખમાં એનો ફેલાવો તથા પ્રચાર કરવાની પૂરી કોશિશ કરવામાં આવી. આ ધર્મની સ્થાપના કરનાર તથા તેમના ખયાલોનો ટૂંકમાં પરિચય નીચે આપવામાં આવે છે :–

**(૧)** આ ધર્મનો બાની (સ્થાપના કરનાર ઈ.સ. ૧૮૧૯–૧૮૫૦) અલી મુહમ્મદ શીરાઝી છે એ ઉત્તરી ઈરાનના શીરાઝ સ્થળે પૈદા થયો. ઈરાનના અહમદ ઝૈનુદ્દીન અલઅહસાઈ (હિ. ૧૧૭૫–૧૨૪૩) અને ઈરાનના કાઝિમ રશી (હિ. ૧૨૦૯–૧૨૫૯) તથા આ બંનેવના અન્ય અનુયાયીઓથી મુહમ્મદ અલી શીરાઝી ઘણો પ્રભાવિત થયો. ઝૈનુદ્દીન અલઅહસાઈ અને કાઝિમ રશી આ બંનેવ પહેલા નંબરના કટ્ટર શીઆ હતા. અને શૈખિય્યા ફિર્કાના પ્રચારકો હતા. એમનો મકસદ ફક્ત ઈસ્લામને બદલવો તથા ઈસ્લામી અકાઈદ તથા ખ્યાલાતને નાબૂદ કરી એક નવી શરીઅત કાઈમ કરવાનો હતો. જ્યારે કે કાઝિમનો ઈન્તેકાલ થયો તો મુલ્લા હુસૈન બશરવીના મશ્વરાથી અલી મુહમ્મદે "બાબ" થવાનું એલાન કર્યુ. "બાબ" શીઆ "ઈમામમિય્યા"ની ઈસ્તેલાહમાં આવનાર મેહદીની ખુશ ખબરી આપનારને કહેવામાં આવે છે. મુહમ્મદ અલીએ પોતાના "બાબ" હોવાનું એલાન કર્યા બાદ મેહદી જેમનો ઈન્તેઝાર છે તેમનો જલ્દીથી જલ્દી આવવાનો દાવો કર્યો અને સાથે સાથે એ પણ દાવો કર્યો કે આવનાર મેહદી વાસ્તાવમાં ઈન્સાની શક્કલમાં ખુદાનો મઝહર (જાહેર થવાનું સ્થાન) હશે.

મુલ્લા હુસૈન બશરવી, જેના મશ્વરાથી અલી મુહમ્મદ શીરાઝીએ "બાબ" હોવાનું એલાન કર્યુ હતું. તેણે પોતાને "બાબુલ બાબ" એટલે કે મેહદીની ખુશખબરી આપનારનો મુબલ્લિગ બતાવ્યો અને શૈખિય્યા ફિર્કાના ૧૮ માણસોને "બાબ"ની ફર્માંબરદારી તથા ઈતાઅત પર ઉભાર્યા. તે ૧૮ને પછી "હય"થી પુકારવામાં આવ્યા. ઈ.સ. ૧૮૫૦માં અલી મુહમ્મદ શિરાઝીને ઈરાની હુકૂમતે તેના ગલત પ્રચારના કારણે ફાંસી આપી મૌતને ઘાટ ઉતારી દીધો. *(અલ્ બહાઈય્યા, પેજ–૧થી ૧૦, અઝ : મોહિબુદ્દીન ખતીબ, બહાઉલ્લાહ અને અસ્રે જદીદ, પેજ–૩૪)*

**(૨)** મિર્ઝા હુસૈન અલી ઈબ્ને મિર્ઝા અબ્બાસ (ઈ.સ. ૧૮૧૭–૧૮૯૪) બહાઉલ્લાહથી મશ્હૂર આ શખ્સ ઈરાનના પાટનગર તેહરાનમાં એક માલદાર ખાનદાનમાં પૈદા થયો હતો અને ઉપરોક્ત ૧૮ વ્યક્તિઓમાંથી એક હતો જેમને બહાઈ "હય"ના નામમાં પુકારવામાં આવે છે. અલી મુહમ્મદ શીરાઝીની હયાતીમાં તો એણે પોતાને તેનો મુબલ્લિગ બતાવ્યો પરંતુ જ્યારે તેનું મૃત્યુ નિપજયું તો ઈ.સ. ૧૮૬૩માં પોતાના અનુયાયીઓમાં એવી તબ્લીગ ચાલુ કરી કે એ પોતે અલ્લાહનો મઝહર છે જેના આવવાની ખબર "બાબ" એટલે અલી મુહમ્મદ શીરાઝીએ આપી હતી. જે બગીચામાં આ એલાન થયું તેને બહાઈ બાગે રિઝવાનના નામથી યાદ કરે છે અને જે દિવસે એલાન થયું હતું તેને

**રજૂકર્તા : ખલીફાએ તાજુશ્શરીઅહ હઝરત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી–સેગવા**
*(નાયબ સદર મુદર્રિસીન દારુલ ઉલુમ ગુલશને અજમેર–ભરૂચ)*

"ઈદે રિઝવાન" કહે છે. બહાઈઓએ મિર્ઝા હુસૈન અલીને બહાઉલ્લાહનો ખિતાબ આપ્યો અને આ જ નિસ્બતથી આ ફિર્કો બહાઈ ધર્મથી પ્રખ્યાત થયો.

એની લખેલી કિતાબો ઘણી છે અને બહાઈ બધી જ કિતાબો તથા લખાણોને અલ્લાહની વહી જાણે છે. મિર્ઝા હુસૈનની લખેલ કિતાબોમાં સહુથી પ્રખ્યાત કિતાબ 'ઈક઼ાન" છે પરંતુ મજાની વાત તો એ છે કે મિર્ઝા હુસૈન અને તેનો ભાઈ મિર્ઝા યહયા સફર તથા ઘરે કાયમ એક બીજા સાથે રહેતા હતા, પણ જ્યારે બંનેવમાં ઈખ્તેલાફ થયો તો મિર્ઝા યહયાએ ખુલ્લો ઈકરાર કર્યો કે કિતાબ "ઈક઼ાત" ફારસી ભાષામાં ખૂદ મારી લખેલ છે જ્યારે કે એનો ભાઈ મિર્ઝા હુસૈન અલી બહાઉલ્લાહનો દાવો છે કે ઈ.સ. ૧૮૮૨માં આ કિતાબ મારા ઉપર વહી થકી નાઝિલ થઈ છે.

૭૫ વર્ષની ઉમરમાં મિર્ઝા હુસૈનની ઈ.સ. ૧૮૯૨માં મૌત થઈ. બહાઈ આ મૌતને "સુઊદ" જાણે છે કારણ કે બહાઉલ્લાહ એમના નજીક અલ્લાહ તઆલાનો મઝહર હતો. *(અલ્ બહાઈય્યા, પેજ–૧૮)*

**(૩)** અબ્બાસ આફંદી (ઈ.સ. ૧૮૪૪–૧૯૨૧) અબ્દુલ બહા ઈબ્ને મિર્ઝા હુસૈન બહાઉલ્લાહ : અબ્બાસ આફંદી મિર્ઝા હુસૈન અલીનો સહુથી મોટો પુત્ર હતો. મિર્ઝા હુસૈન અલીએ મરણ પહેલાં એક વસીયતનામુ લખ્યું હતું જેને બહાઈ લોકો (લોહે અહદી)ના નામથી જાણે છે. તે અહદ નામામાં બહાઉલ્લાહે અબ્દુલ બહાને પોતાની જાનશીની આપી અને તેમાં ખાસ વાત આ હતી કે મારી (બહાઉલ્લાહની) બધી જ કિતાબો તથા લખાણોની સમજૂતી (તાવીલ) તથા તશ્રીહનો હક્ક ફક્ત મારા જાનશીન અને ખલીફાને જ રહેશે. અબ્દુલ બહાએ બહાઉલ્લાહની વફાત પછી પોતાના ધર્મના પ્રચારમાં ખાસ ચાલ એ રમી કે બોદ્ધ, જરથુષ્ત, રામ કૃષ્ણ બધાને અલ્લાહના નેક બંદાઓ તથા વલીઓ સાબિત કર્યા, બલ્કે નબુવ્વત તથા રિસાલતના દરજજાઓ આપ્યા. ઈરાની હુકૂમતે તેને ઈકામાં કૈદ કર્યો પછી કૈદથી છૂટકારો મળ્યો. કિતાબ "બહાઉલ્લાહ ઔર અસ્રે જદીદ"ના અનુસાર અબ્દુલ્લાહએ લંડન, પેરિસ, અમેરિકા, બ્રિટન વગેરેનો પ્રવાસ કર્યો અને કેટલાક ઈબાદતખાનાં પણ બનાવ્યાં.

## ★ બહાઈ અકીદાઓ ★

વાંચકોને બહાઈ ધર્મના જૂઠા ગુરુઓના ટૂંકા પરિચયથી એમની ઈસ્લામી દુશ્મની તથા શિર્કમય અકીદાઓનો અંદાજો થઈ ગયો હશે. નીચે એમના અકાઈદ તથા ખયાલોનો ટૂંકમાં ચિતાર રજૂ કરવામાં આવે છે :–

**(૧)** બહાઉલ્લાહ અલ્લાહ તઆલાનો મઝહર છે. એટલે કે બહાઈઓના અકાઈદ પ્રમાણે અલ્લાહ તઆલા બહાઉલ્લાહમાં હુલુલ (દાખિલ) થઈ ગયો છે. અલ્લાહની બધી જ સિફતોનો મઝહર તથા બધા જ ખુદાઈ કાર્યોનો સરચશ્મો (મૂળ સ્થાન) આ જ મિર્ઝા હુસૈન છે. આથી પહેલાં જેટલા નબીઓ તથા રસૂલો તશરીફ લાવ્યા બધા જ બહાઉલ્લાહના ઝાહિર થવાની પહેલી કડીઓ હતા. (મઆઝલ્લાહ !)

અબ્બાસ આફંદી મશ્હૂર નામ "અબ્દુલ્લાહ"નું એક કથન જુઓ :–

"દુનિયાની બધી જ કૌમોનો મવઊદ (જેના આવવાનો વાયદો કરવામાં આવ્યો છે) જાહેર થઈ ગયો છે. બધા જ ધર્મો તથા કૌમોને એક રબ્બાની મઝહરના જાહેર થવાનો ઈન્તેઝાર હતો અને આ ઝુહૂર (જાહેર થવું) બધા જ ઈન્સાનો માટે મોઅલ્લિમ તથા મોટો તર્બિયત કરનાર બહાઉલ્લાહ છે." *(બહાઉલ્લાહ અને અસ્રે જદીદ, પેજ–૧૨)*

**(૨)** અલ્લાહ તઆલાનું કોઈ ખાસ વુજૂદ નથી અને ન કોઈ સિફત છે. બધી જ સિફતો હકીકતમાં તે નેક બંદામાં હોય છે જે અલ્લાહ તઆલાનો મઝહર બને છે અને તે બહાઉલ્લાહ છે.

(૩) જન્નત, દોઝખ તથા કયામત વગેરેનો ઈન્કાર કરે છે અને આ બધાની ગલત સમજૂતી મુહમ્મદ અલી શીરાઝી મશ્હૂર "બાબે" આ રીતે કરી છે :–

"કયામતથી મુરાદ હકીકતનો સૂર્ય (બહાઉલ્લાહ)નું તાજુ જાહેર થવું, મુર્દાઓને જીવતાં કરવાનો મતલબ કબ્રોમાં ડૂબેલાઓને રૂહાની જિંદગી આપવી, જન્નતથી મુરાદ ખુદાને જોવું કે તે પોતાના ઝુહૂરથી જાહેર થાય તેને પેહચાનવું તથા એનાથી મહોબ્બત કરવાની ખુશીનું નામ છે, દોઝખ પોતાના ઝુહૂર થકી જાહેર થનાર ખુદાના ઈરફાનથી મેહરૂમ રહેવું છે. *(બહાઉલ્લાહ ઔર અસ્રે જદીદ, પેજ–૩૮)*

(૪) બુદ્ધ, જરથુસ્ત, કૃષ્ણ, રામ વગેરે હિંદુસ્તાન તથા ચીનના હાકિમોની નુબુવ્વતનો ઈકરાર કરે છે.

(૫) કુર્આન પાકનું મો'જિઝો હોવાનો ઈન્કાર કરે છે.

(૬) નબીઓ عَلَيْهِمُ السَّلَام ના મો'જિઝાઓનો ઈન્કાર કરે છે.

(૭) મર્દ તથા સ્ત્રીઓમાં સમાનતાના નામ પર પર્દાને સ્ત્રીઓ માટે હરામ કહે છે. જાન્યુઆરી ઈ.સ. ૧૯૧૩માં સ્ત્રી સ્વાતંત્ર્યના નામે લંડનમાં એક કોન્ફરન્સ થઈ જેમાં અબ્બાસ આફંદી મશ્હૂર નામ "અબ્દુલ બહા"એ પર્દાનો જબરદસ્ત વિરોધ કરી બુરાઈ કરી. ઈરાનમાં "કુર્રતુલ ઐન" નામી સ્ત્રીએ જે પર્દાના વિરૂધ્ધ એલાન કર્યું હતું તે એલાન પણ વાસ્તવમાં બહાઈ ધર્મના અકીદાઓના પ્રચારની એક કડી હતી. એ જ કારણે ઈતિહાસ લખનારાઓ બહાઈ ધર્મના ફેલાવવામાં "કુર્રતુલ ઐન"ને એક ખાસ દરજ્જો આપે છે.

(૮) બહાઈ ધર્મ બધા જ ધર્મો ખાસ કરીને હુઝૂર صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم ના દીનને નાબૂદ કરનાર છે.

(૯) સૃષ્ટિ (કાઈનાત) હમેશાં હમેશાં રહેવાના કાઈલ (માનનારા) છે. મતલબ કે સમયના અનુસાર દુનિયાનો કોઈ પ્રારંભ નથી અને ન એની શરૂઆત છે કારણ કે ખાલિક અઝલી (હમેશાંથી છે) તથા અબદી (હમેશાં રહેશે) છે અને ખાલિકનો ખ્યાલ મખ્લૂક વિના નથી થઈ શક્તો.

(૧૦) બધા જ નબીઓની શાનમાં ગુસ્તાખીઓ કરે છે. એમના નજીક બધા જ નબીઓ عَلَيْهِمُ السَّلَام માં કટ્ટરપણુ તથા સંકુચિત દષ્ટિ હતી. એમનામાં રસમ, રિવાજોની પાબંદી, બદ્દયાનતી, તાવીલબાજી અને ફિર્કાબંદી હતી.

(૧૧) બધા જ નબી عَلَيْهِمُ السَّلَام ઓ પર બહાઉલ્લાહ અને બધા જ ધર્મો પર બહાઈ ધર્મ અફઝલ હોવાના કિસ્સાઓ ઘડે છે.

(૧૨) અલી મુહમ્મદ શીરાઝી "બાબ"એ કમરી તકવીમની જગ્યાએ શમ્સી તકવીમ જારી કરી, તે પણ ૧૯ મહિનાનું એક વર્ષ બને છે. ૧૯ મહિના અને ૧૮ મહિના વચ્ચે ચાર દિવસ અને કદી પાંચ દિવસોની ગેપ રહે છે. આ શમ્સી તકવીમનો દૌર ઈ.સ. ૧૮૪૪થી ચાલુ થાય છે. જે વર્ષે અલી મુહમ્મદ શીરાઝીએ પોતાના "બાબ" હોવાનું એલાન કર્યું હતું. બહાઈ તકવીમનો નકશો આ પ્રમાણે છે :–

| મહિનાની સંખ્યા | મહિનાના બહાઈ નામો | શરૂઆતી તારીખ |
|---|---|---|
| ૦૧. | બહાર | ૨૧ માર્ચ |
| ૦૨. | જલાલ | ૮ એપ્રિલ |
| ૦૩. | જમાલ | ૨૮ એપ્રિલ |
| ૦૪. | અઝમત | ૧૭ મે |
| ૦૫. | નૂર | ૫ જૂન |
| ૦૬. | રહમત | ૨૪ જૂન |
| ૦૭. | કલમાત | ૧૩ જુલાઈ |
| ૦૮. | કમાલ | ૧ ઓગષ્ટ |
| ૦૯. | અસ્મા | ૨૦ ઓગષ્ટ |
| ૧૦. | ઈઝઝત | ૮ સપ્ટેમ્બર |

| | | |
|---|---|---|
| **૧૧.** | મશિય્યત | ૨૭ સપ્ટેમ્બર |
| **૧૨.** | ઈલ્મ | ૧૬ ઓકટોબર |
| **૧૩.** | કુદરત | ૪ નવેમ્બર |
| **૧૪.** | કૌલ | ૨૩ નવેમ્બર |
| **૧૫.** | મસાઈલ | ૧૨ ડિસેમ્બર |
| **૧૬.** | શર્ફ | ૩૧ ડિસેમ્બર |
| **૧૭.** | સુલ્તાન | ૧૯ જાન્યુઆરી |
| **૧૮.** | મુલ્ક | ૭ ફેબ્રુઆરી |
| **૧૯.** | અલી | ૨ માર્ચ |

અઢાર અને ઓગણીસ વચ્ચે ૨૬ ફેબ્રુઆરીથી ૧ માર્ચ સુધી ગેપના દિવસો થાય છે. *(બહાઉલ્લાહ ઔર અસરે જદીદ, પેજ–૨૨૫)*

## ★ બહાઈ તેહવારો ★

**૦૧.** ઈદે રિઝવાન : બહાઉલ્લાહના એલાનની નિસ્બતથી. (૨૧ એપ્રિલથી ૨ મે)

**૦૨.** નવરોઝ : ૨૧ માર્ચ

**૦૩.** જશ્ને એલાને "બાબ" : ૨૩ મે જે તારીખે મુહમ્મદ અલીએ "બાબ" હોવાનું એલાન કર્યું.

**૦૪.** જશ્ને મીષાક : ૨૬ નવેમ્બર જે તારીખે બહાઉલ્લાહે અબ્બાસને વસીય્યત કરી.

**૦૫.** વિલાદતે બહાઉલ્લાહ : ૧૨ નવેમ્બર

**૦૬.** વિલાદતે "બાબ" અલી મુહમ્મદ શીરાઝી : ૨૦ ઓકટોબર

**૦૭.** વિલાદતે "અબ્દુલ્લાહ" : ૨૩ મે

**૦૮.** વફાતે બહાઉલ્લાહ : ૨૯ મે

**૦૯.** વફાતે "બાબ" અલી મુહમ્મદ શીરાઝી : ૯ જુલાઈ

**૧૦.** વફાતે અબ્દુલ બહા : ૨૮ નવેમ્બર.

ટૂંકમાં એ કે **જેવી રીતે ભારતમાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ મવઊદ તથા મહેદી મુન્તઝરની આડમાં કાદયાની ધર્મની બુનિયાદ નાખી એવી જ રીતે બહાઈ ધર્મના ગુરુઓએ મસીહ મવઊદ અને મહેદી મુન્તઝરની જ આડ લઈ કામ કર્યું, ફર્ક એટલો કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાની હજુ નબુવ્વતનો દાવો કરી શક્યો હતો ને જહન્નમમાં પહોંચ્યો અને મિર્ઝા હુસૈન (બહાઉલ્લાહ) ખુદા હોવાનો દાવો કરી બેઠો.** (મઆઝલ્લાહ !) *(અશ્રફિયા, માર્ચ–૨૦૦૬)*

## અલ્લાહ તઆલાને ઉપરવાળો કહેવું કેવું ?

કેટલાક લોકો અલ્લાહ ﷻનું પવિત્ર નામ લેવાના બદલે "ઉપરવાળો" કહે છે જે સંદતર ખોટુ છે. જો બોલનાર એ અકીદો રાખી બોલે કે "અલ્લાહ તઆલા ઉપર છે" તો આ કુફ્ર છે. કારણ કે અલ્લાહ તઆલાની ઝાત ઉપર, નીચે, આગળ, પાછળ, સર્વે દિશાઓ, સમય, સ્થળ વગેરેથી પાક છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર, નીચે, આગળ, પાછળ, સર્વે દિશાઓ, પ્રત્યેક સમય, સ્થળોને તેણે જ પેદા ફર્માવ્યાં છે. તો અલ્લાહ તઆલા માટે આવું નહીં બોલી શકાય કે તે ઉપર છે અથવા નીચે છે, પૂર્વમાં છે અથવા પશ્ચિમમાં છે. એટલા માટે કે જ્યારે તેણે આ બધી દિશાઓ, સમયો, સ્થળોને પૈદા ન કર્યા હતા ત્યારે પણ તે હતો. તે હમેશાં અને હમેશાં માટે છે અને રહેશે. કોઈ એમ કહે કે, "અલ્લાહ તઆલા અર્શ પર છે" તો તેને પૂછવામાં આવે કે જ્યારે અર્શ પૈદા કરવામાં ન આવ્યું હતું તે સમયે તે ક્યાં હતો ? આ જ રીતે કોઈ કહે કે અલ્લાહ તઆલા ઉપર છે, તો તેને પ્રશ્ન કરવામાં આવે કે જ્યારે ઉપર દિશા પૈદા કરવામાં ન આવી હતી ત્યારે તે ક્યાં હતો ?

હા ! અગર એ અકીદો રાખી અલ્લાહ તઆલાને "ઉપરવાળો" કહે કે તે સર્વોચ્ચ છે, તેનો મર્તબો સૌથી મહાન અને બલંદોબાલા છે, તો કુફ્ર નથી. તેમ છતાં અલ્લાહ તઆલાની શાનમાં એવા શબ્દો ન બોલવા જોઈએ જેનાથી કુફ્રનો વહેમ થાય. સારાંશ એ કે અલ્લાહ તઆલાને "ઉપરવાળો કહેવું" મના છે, જેનાથી બચવું જરૂરી છે. (આમ જ અલ્લાહ તઆલાને "અલ્લાહ મિયાં" કહેવું પણ સખ્ત મના છે.)

*–રજૂ. મુહમ્મદ ઈમરાન રઝા (દયાદરા)*

કાર્યાલય

# બાળકોનો તર્બિયતી ગુલશન

## ત્યાગની ભાવના

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના જૂના સાથી અને બાળપણના દોસ્ત હતા અને હુઝૂરના પછી પહેલા ખલીફા થયા. મક્કામાં હુઝૂર صلی اللہ علیہ وسلمની સાથે રહ્યા. કાફિરોના હાથની મોટી મોટી મુસીબતો ઉઠાવી. જ્યારે સરકારે મુસ્તફા صلی اللہ علیہ وسلمએ મક્કાથી મદીના હિજરત ફર્માવી તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પણ હુઝૂર صلی اللہ علیہ وسلمની સાથે મદીના તશરીફ લઈ આવ્યા.

એક વખતની વાત છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની ખિલાફતના જમાનામાં યરમુકની જગ્યા પર રૂમીઓની સાથે ઘણી જ મોટી લડાઈ થઈ. એ લડાઈમાં મુસલમાન લશ્કરની સંખ્યા રૂમી ફૌજની સરખામણીમાં ઘણી જ થોડી હતી, તો પણ હઝરત ખાલિદ رضی اللہ عنہ જે સિપેહસાલાર હતા એમની યુક્તિ અને અલ્લાહ તઆલાની મદદથી મુસલમાનોએ રૂમી ફૌજના છક્કા છોડાવી દીધા. રૂમી ફૌજીઓ મુસલમાન મુજાહિદોની સામે ટકી ન શક્યા. છેવટે મેદાન છોડીને એમને ભાગવું પડ્યું. એ લડાઈમાં લગભગ સવા લાખ રૂમી માર્યા ગયા અને ત્રણ હજાર મુસલમાન મુજાહિદો શહીદ થયા.

એ જંગનો બનાવ છે કે એક ઈસ્લામી મુજાહિદ પોતાના કાકાના દીકરાની શોધમાં નીકળ્યા. ભાઈ જંગમાં શામેલ હતો. એમણે મશકમાં પાણી લઈ લીધું કે બની શકે છે કે ભાઈને તરસ લાગી હોય તો એમને પાણી પીવડાવીશ જેથી તે લાશોની વચમાં એક જગ્યાએ જોવામાં આવ્યા. નજીક જઈને જોયું તો હાલત ઘણી જ નાઝુક હતી. ઝખ્મોથી આખુ શરીર ઘવાયેલું હતું. સખત તકલીફથી □ાસ તૂટી રહ્યો હતો, એમણે પાણીના માટે પૂછ્યું તો ઈશારાથી હા કહ્યું, તેઓ પાણી પીવડાવવાનું જ ઈચ્છતા હતા કે એટલામાં નજીકમાંથી જ એક તરસથી બેચેન મુજાહિદનો અવાજ કાનમાં આવ્યો તે પણ □ાસ છોડી રહ્યા હતા. કાકાના દીકરાએ કહ્યું, પહેલાં એમને પાણી પીવડાવો ! તેઓ પાણી લઈને મુજાહિદ હઝરત સુહૈલની પાસે પહોંચ્યા એટલામાં નજીકમાં જ એક ત્રીજા વ્યક્તિનો કણસવાનો અવાજ આવ્યો. હઝરત સુહૈલે કહ્યું કે પહેલા એમને પાણી પીવડાવો. તેઓ પાણી લઈને એમની પાસે ગયા, જોયું કે હઝરત હારષ ઝખ્મોથી ચૂર ચૂર જમીન પર □ાસ છોડી રહ્યા હતા. પાણી લઈને પહોંચ્યા જ હતા કે હઝરતનો □ાસ તૂટી ગયો. ત્યાંથી તેઓ જલદીથી પાછા ફરી હઝરત સુહૈલની પાસે આવ્યા ત્યાં પહોંચ્યા તો જોયું કે તેઓ પણ જામે શહાદત પી ચૂક્યા છે. તરત કાકાના દીકરાની પાસે પહોંચ્યા એટલામાં તેઓ પણ હક્કના પ્યારા થઈ ચૂક્યા હતા.

**ફાયદો :** અલ્લાહ ! અલ્લાહ ! આ હતી મુસલમાન મુજાહિદોની ત્યાગ ભાવના કે પોતે તો તરસની હાલતમાં જાન આપી દીધી પણ પોતાના બીજા ઘાયલ મુસલમાન ભાઈથી પહેલાં પાણી પીવાનું પસંદ ન કર્યું.

## બરકાતે ખ્વાજાની ટપાલ

### ★ દયાદરામાં મેહફિલે સમાએ નઅત ★

**દયાદરા** ખાતે તા. ૭/૦૪/૨૦૦૬ જુમ્આના રોજ ઈશા બાદ જશ્ને મીલાદુન્નબી ﷺના નૂરાની અવસરે મેહફિલે સમાએ નઅતનો ભવ્ય સુન્ની ઈજતેમા થયો જેમાં બુલબુલે બાગે મદીના મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે તશરીફ લાવી નઅતે પાકના નૂરાની ગુલદસ્તા પેશ કર્યા હતા. હજારોની સંખ્યામાં દૂર દૂરથી આશિકાને મુસ્તફાની ભીડ જમા થઈને નઅતે પાકના લુત્ફથી નઅતે મુસ્તફાની બરકતોથી ફયૂઝયાબ થઈ હતી. જનાબ હાજી યૂનુસ માલજીને ત્યાં સાંજે ન્યાઝ પણ મહેમાનોને તથા અન્ય લોકોને જમાડવામાં આવી હતી.

### ★ ૧૨ દિવસ જશ્ને મીલાદુન્નબી ﷺ ★

સુન્ની દા'વતે ઈસ્લામી (વડોદરા શાખા) થકી રબી. અવ્વલ શરીફના પ્રથમ ચાંદથી ૧૨મી સુધી વડોદરા શહેરના વિવિધ મહોલ્લાઓમાં મુબલ્લિગો મુહમ્મદ ઈમ્તિયાઝ ભીવંડીવાળા, હાફેઝ અબ્દુર્રહીમ ભરૂચી, મુહમ્મદ જાવેદભાઈ કુરૈશી (વડોદરા), હાફિઝો કારી મૌલાના સૈયદ અબ્દુલ હબીબ રઝવી, મુહમ્મદ સુલ્તાન રઝા મોઈની તથા અન્ય મુબલ્લિગોએ જશ્ને મીલાદના પ્રોગ્રામો બયાન તથા નઅતે પાકના કર્યા હતા. ૧૨મીને મંગળવારે ઝહોર બાદ શેહઝાદાએ મોઈને મિલ્લત હઝરત સૈયદ મૌલાના કારી અમીરુદ્દીનબાવા સાહબે ગૌષિયા મસ્જિદ કુરૈશ મહોલ્લામાં ઈમાન અફરોઝ બયાન કરી હાજરીને મજલિસને ફયૂઝયાબ કર્યા હતા.

*(રજૂ. મુહમ્મદ સુલ્તાન રઝાખાન મોઈની–વડોદરા)*

### ★ પાલેજમાં જશ્ને ઈદે મિલાદુન્નબી મનાવાયો ★

તા. ૯/૦૪/૨૦૦૬ને રવિવારે ઝોહર બાદ નૂરે મુહમ્મદી મદ્‌રસામાં ઈદે મિલાદુન્નબી નિમિત્તે ઔરતોનો સુન્ની ઈજતેમા રાખવામાં આવ્યો હતો જેમાં મદ્‌રસાએ નૂરે મુહમ્મદીની તલ્બા રોઝમિના બાબુભાઈ અમીજી, સૈયદા મોહસિના ગુલામભાઈ, ઝૈનબ યાકૂબ પટેલ, તસ્લીમા ઈકબાલ પટેલ, કરિશ્મા ઈકબાલ દિવાન, સૈયદ નરમીન જાવેદે અનોખા અંદાજમાં નઅત શરીફ પેશ કરી હતી. તથા આલિમા ફાઝિલા કારીયહ રૂબીના યાકૂબ પટેલે હુઝૂર ﷺ ની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી જલ્સાને કામયાબ કર્યો હતો. *(લિ. અબ્દુલ મજીદ શેખ)*

### ★ દા.ઉ. ગુલશને અમજેરમાં દસ્તારબંદી ★

તા. ૭/૦૪/૨૦૦૬ જુમ્આના રોજ અસર બાદ હઝરત મૌલાના સૈયદ અબ્દુલ હબીબ (પેશ ઈમામ વાગરા) તેમજ જનાબ મૌલાના મોહસિન મક્કી, મૌલાના રઝવી, હાફેઝ ઈબ્રાહીમ કાપોદ્રાવાળા તથા અન્ય ઉલમા સાદાતની મૌજૂદગીમાં મુખ્ય મહેમાન નઅતખ્વાં જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે ઈલ્મે દીનની ફઝીલત પર સુંદર બયાન કર્યું હતું તેમજ નઅતે પાકના તોહફા પેશ કરી મેહફિલને ઝુમાવી દીધી હતી. આવા નૂરાની માહોલમાં દા.ઉ. ગુલશને અજમેર ભરૂચમાં હાફિઝ થનાર આઠ હાફેઝની દસ્તારબંદી થઈ હતી. *(રજૂકર્તા : હાફેઝ હનીફ રિફાકતી–ભરૂચ, નાઝિમે આલા દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચ)*

### ★ બરકાતે ખ્વાજા (માસિક) કેવું લાગ્યું ?! ★

મોહતરમ જનાબ પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી સાહબ ! અસ્સલામુ અલયકુમ. પાટણ સે લિ. ફારૂકી કામિલ હુસૈન ગુલામ હુસૈન ઔર હાફેઝ અલી મહમૂદ અલી સૈયદ સાહબ કે સલામ બાદ ગુઝારિશ કે આપને અપને માસિક અંક **બરકાતે ખ્વાજા (માસિક)** મેં જો હમારે પટ્ટનસે ઉષ્માનભાઈ

મેમણ કી કિતાબ "શિર્ક કયા હય કુર્આનસે પૂછો ?" કા જવાબ બહોત જડબાતોડ દિયા ઉસ કે લિયે મૈં ઔર સૈયદ સાહબ ઔર તમામ અહલે સુન્નત વલ જમાઅતમેં માનનેવાલે ભાઈઓં કી તરફસે બહોત બહોત શુક્રિયા કબૂલ કરના. ખુદાવંદે કરીમ આપ કે ઈસ માસિક અંક કો દિન બ દિન ઝયાદાસે ઝયાદા તરક્કી અતા કરે, એસી હમારી સબકી દુઆ હય.

*–કામિલ હુસૈન, ગુલામ હુસૈન ફારૂકી, હાફેઝ અલી એમ. સૈયદ સાહબ–ઈકબાલ ચોક, પાટણ (ઉ.ગુ.)*

## ★ ભરૂચમાં જશ્ને આ'લા હઝરત ★

તા. ૨૬/૩/૨૦૦૬ના રવિવારે ઈશાની નમાઝ બાદ હાજી પીર કિરમાની મસ્જિદમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીના ઉર્સ નિમિત્તે ઉર્સે ઈમામ અહમદ રઝા رضي الله عنه મનાવાયો હતો જેમાં આ'લા હઝરતની શાનમાં મનકબત તેમજ નઅત શરીફ પછી મૌલાના શમીમ અખ્તર સાહબે આ'લા હઝરતની શાનમાં બયાન કર્યુ હતું તેમજ આ'લા હઝરતે લખેલ નઅત શરીફના અશ્આર પઢી મજમામાં આવેલ હાજરજનોને ઈશ્કે રસૂલમાં ડૂબાડી દીધા હતા. *–મુઈનુદ્દીન બસીરુદ્દીન શૈખ*

**દાહોદ** : તા. ૨૧/૨૨ માર્ચના રોજ કસ્બા અલ મેહમૂદ મસ્જિદ સામે, રઝા ગૃપ (રઝવી ગલી) થકી બે દિવસ જશ્ને આ'લા હઝરત મનાવાયો. જેમાં હઝરત મુફતી અમાનુર્રબ (ખલીફા તાજુશ્શરીઆ)એ શાને રઝામાં શાનદાર બયાન કર્યું હતું. તા. ૨૨મીએ મૌલાના અબૂ સાલેહે સુંદર બયાન કર્યું અને થાંદલા (M.P.)થી આવેલ હાફિઝ ઈસ્માઈલે હઝરત મૌલાના સૈયદ સિબ્તૈન હૈદર સાહબ મારહરવીની લખેલી નઅત પેશ કરી હતી. આપ હઝરતની હાજરીએ રોનક બક્ષી હતી. *(રજૂ. સૈયદ મુહમ્મદ અબરાર–દાહોદ)*

**જૂનાગઢ** : માં તા. ૨૫ તથા ૨૬ માર્ચ બંને દિવસ હઝરત સજ્જાદા મૌલાના ગુલઝાર બાપુ નૂરી રઝવીની સદારતમાં **જશ્ને રઝા** મનાવાયો. કુર્આન ખ્વાની, નઅત, ઉલમાના બયાનો થયાં હતાં. બીજે દહાડે બપોરે ૨. ૩૮ ના કુલ શરીફ ફાતેહા ખ્વાની, સલાતો સલામ બાદ દુઆ થઈ હતી. *(રજૂ. હાજી મુહમ્મદ હાજી અ. કરીમ રઝવી–જૂનાગઢ)*

## ★ હલદરવામાં નઅતિયા મુકાબલો ★

જશ્ને મીલાદુન્નબી ﷺ નિમિત્તે દારુલ ઉલૂમ મુસ્તફાઈયા હલદરવા તથા અંજુમને રઝાએ મુસ્તફા–હલદરવા થકી તા. ૧૧/૦૪/૦૫ની રાત્રે ઈશા બાદ હલદરવા મસ્જિદમાં હલદરવા દા.ઉ.માં પઢતા તેમજ વિવિધ ગામોના લગભગ ૧૭–૧૮ તલબાએ નઅતે પાકના મુકાબલામાં ભાગ લઈ ખૂબ જ શાનદાર નઅતો પેશ કરી હતી, પ્રથમ ત્રણ નંબરોને વિવિધ ઈનામો, રોકડ રકમ તથા સર્વે ભાગ લેનારાને તોહફાઓ પેશ કર્યા હતા. પ્રોગ્રામ ખૂબ જ કામયાબ રહ્યો હતો. *(રજૂ. મુહમ્મદભાઈ પટેલ–હલદરવા)*

## ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ! ★

મુહમ્મદ ઉમર પારજાઈવાલા (મુા. મોટી દમણ) પોતાના મર્હૂમ માબાપના ઈસાલે સવાબ માટે રૂા. ૧,૦૦૧/– બરકાતે ખ્વાજામાં લિલ્લાહ આપ્યા છે. મૌલા કરીમ મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★★★

ખલીલભાઈ જોહા હલદરવા તરફથી રૂા. ૧૦,૦૦૦/– **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરામાં કિતાબો છાપવા** પોતાનાં મર્હૂમા વાલિદા બીબીબેનના સવાબ અર્થે આપેલ છે. મૌલા કરીમ મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★★★

અઝીઝ માસ્તર કોલવણાવાલા તરફથી મર્હૂમ ઈબ્રાહીમ ઈસ્માઈલ મુન્શીના ઈસાલે સવાબ માટે **રૂા. ૧,૦૦૦/- અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરામાં** તથા **ઈસ્લામિક વેલ્ફેર મિશનમાં રૂા. ૧,૦૦૦/- લિલ્લાહ** આપ્યા છે. મૌલા કરીમ કબૂલ ફર્માવે અને મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

એક મુસ્લિમ તરફથી હસ્તે હાજી યૂસુફ દાઊદ સાલેહ ઝંઘાર થકી ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને રૂા. ૨,૫૦૦/– મળ્યા છે. (જઝાકલ્લાહ !) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ મસ્જિદ બંધાવી આપો ! ★

મુા. મહિસા, તા. મહુધા, જિ. ખેડા ખાતે મસ્જિદે ઈલાહી નામની મસ્જિદ જૂની જર્જરિત હોય તેને શહીદ કરી નવી બનાવવા માટે સાત લાખનો ખર્ચ થાય તેમ છે. ગામની વસ્તી ગરીબ છે જેથી સખીદાતાઓને અપીલ છે કે કોઈ આગળ આવે અને આ મસ્જિદ બનાવી આપી જન્નતમાં મહેલ તૈયાર કરાવી લે.

**સંપર્ક કરો** : ઈસ્લાહ કમિટી મહિસા, C/o. મલેક મેહમૂદ મિયા એહમદમિયાં, મુા. મહિસા, તા. મહુધા, જિ. ખેડા, ઠે કસ્બામાં.

### ★ ખુદાનું ઘર બનાવી આપો ! ★

**પાટણ** : શહેરમાં કાઝીની પોળમાં આવેલ કાઝી સાહબની મસ્જિદ ઘણી સાંકડી અને નાની હોઈ તેને શહીદ કરીને નવેસરથી બાંધવાની આવશ્યક્તા છે. મસ્જિદ બાંધકામનો અદાંજિત ખર્ચ રૂા. સાડા નવ લાખ છે. મહોલ્લાના મુસ્લિમોની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી છે. આથી તમામ મુસ્લિમ ભાઈઓને દર્દમંદાના ગુઝારિશ છે કે દામે દિરહમે કદમે સુખને ફૈયાઝ દિલીથી ભરપૂર ઈમદાદ આપી અપાવીને જન્નતુલ ફિરદૌસમાં આપનો આલિશાન મહેલ બનાવી લેશોજી. મસ્જિદ બાંધકામ અંગે સુન્ની સખીદાતા હઝરાતને રૂબરૂ પધારવા હાર્દિક આમંત્રણ છે. રોકડ રકમ, સિમેન્ટ, લોખંડ, ઈંટો, રેતી, કપચી વગેરે જરૂરી સરસામાન આપી અપાવીને ખુદાનું ઘર બનાવી આપી ખુદાની ખુશનુદી હાંસલ કરશો જી.

**ઈમદાદનુ સરનામુ** : હાફેઝ અલી મેહમૂદ અલી સૈયદ ઠે. કાઝીની પોળ, ઈકબાલ ચોક પાસે, કાઝી સાહબની મસ્જિદની બાજુમાં, મુા.પો. પાટણ (ઉ.ગુ.) તા. જિ. પાટણ–૩૮૪ ૨૬૫, ફોન : (૦૨૭૬૬) ૨૩૧૮૮૪ તથા (મો.) ૯૩૭૬૭૨૩૪૮૪

### ★ સખીદાતાઓંસે અપીલ ★

તમામ બિરાદરાને ઈસ્લામ કો અપીલ કી જાતી હૈ કી સરઝમીને તાંદલજા વડોદરા, ખ્વાજા ગરીબ નવાઝ સોસાયટી મેં "મસ્જિદે–એ–ખ્વાજા" મસ્જિદ બહોત આલીશાન પૈમાને પર તામીર હોને જા રહી હૈ લિહાઝા આપ તમામ હઝરાત સે ગુઝારિશ કી જાતી હૈ કી ઈસમેં ઝયાદા સે ઝયાદા લિલ્લાહ ઈમદાદ દેકર સવાબે દૌરન હાસિલ કરેં. જો હઝરાત લિલ્લાહ ઈમદાદ દેને કે ખ્વાહિશમંદ હોં વો જગહ દેખ કર મસ્જિદ બનાને મેં તઆવુન કરેં. આપ અપની ઈમદાદ મનીઓર્ડર, ડ્રાફટ, ચેક, મની ટ્રાન્સફર કે ઝરીએ સે ભેજ સકતે હૈં.

**ઈમદાદ ભેજને કા પતા** : એફ. એન. બેલીમ (પ્રમુખ) ખ્વાજા ગરીબ નવાઝ સોસાયટી, તાંદલજા રોડ, વડોદરા–૩૯૦ ૦૧૨

**પાલેજ** : ખાતે સુન્ની દા'વતે ઈસ્લામી તરફથી યુવાન ભાઈઓ માટે મદ્રસો ચાલુ કરવામાં આવ્યો છે જેમાં ઈલ્મે દીન ન શીખેલા યુવાનોને તા'લીમ આપવામાં આવે છે. તેમજ બપોરે ૨ થી ૪ના સમયમાં ઔરતોને પઢાવવા ઉમદા આલિમા આવે છે. ભાઈઓને મુબલ્લિગ રાત્રે ૯ થી ૧૦ તર્બિયત આપે છે. *–લિ. મુહમ્મદ યૂસુફ મદાર નૂરી (પાલેજ)*

### ★ પેટ્રન થયા છે ★

હાજી હનીફ મુહમ્મદ માસ્તર અરગામાવાલા (મુતવલ્લી મસ્જિદે આઈશા–ભરૂચ) **બરકાતે ખ્વાજા માસિક**ના રૂા. ૧,૦૦૦/– ભરી પેટ્રન ગ્રાહક બન્યા છે. (મુબારકબાદ ! જઝાકલ્લાહ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ શાદી મુબારક ! ★

**ગાઝીપુર** : (યુ.પી.)થી અલ્હાજ મુહમ્મદ ઝમીરખાન (દખ્ખન મહોલ્લા) જણાવે છે કે તેમના નેક ફરઝંદો જનાબ હાફેઝ કારી શમીમખાન નૂરી (મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ની શાદી જનાબા યાસ્મિનજહાન બિન્તે એ'જાઝખાં સાથે

જનાબ મુહમ્મદ નસીમખાં નૂરીની શાદી જનાબા શબનમબાનુ બિન્તે અયનુલ હક્ક સાથે તા. ૧૪ એપ્રિલ તથા ૧૬ એપ્રિલ અનુક્રમે રાખવામાં આવી. (દુલ્હા, દુલ્હન તેમજ કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ !)*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : જનાબ ગુલામ મુહમ્મદ વલી દરબાર દયાદરવી (સ્ટર્લિંગ પાર્ક, મનુબર રોડ–ભરૂચ)ની દુખ્તરે નેક અખ્તર તસ્લીમની શાદી ગાંધીનગર નિવાસી મકસૂદ ઈસ્માઈલ પટેલ દયાદરવીના નેક ફરઝંદ પરવેઝ સાથે તા. ૧૬/૦૪/૨૦૦૬ રવિવારે ભરૂચ ખાતે રાખવામાં આવી. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ તશરીફે જહાં ★

**અમદાવાદ** : જનાબ મહબૂબ ભાઈ શેખ સાહબ જજને ત્યાં બેબીનો જન્મ થયેલ છે. નામ મિસ્બાહ રાખેલ છે, મિસ્બાહ અને તેની અમ્મી હિના તંદુરસ્ત છે. જનાબ શૈખ "શમ્સ" સાહબે રૂા. ૫૦/– બરકાતે ખ્વાજા (માસિક)ને ખુશાલીના આપ્યા છે. (જઝાકલ્લાહ !) અલ્લાહ તેઓ સૌને તંદુરસ્તી સાથે સુન્નિયતના પાબંદ રાખે.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**નેત્રંગ** : થી જનાબ હાજી અબ્દુલ અઝીઝભાઈ કાગઝી જણાવે છે કે તેમના વાલિદ જનાબ હાજી અબ્દુલ મજીદ કાગઝી તા. ૨૪/૩/૨૦૦૬ મુ. ચાંદ ૨૩ સફર જુમ્આના રોજ ટૂંકી માંદગીમાં અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મગફેરત ફર્માવે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**અમરેલી** : થી જનાબ પઠાણ ગુલાબખાન કે. માજી આચાર્ય સાહબ લખી જણાવે છે કે ભાવનગર ખાતે તા. ૬/૩/૨૦૦૬ સોમવારે તેમના ભાણેજ પઠાણ યૂસુફખાન હબીબખાન, ઉંમર : ૪૦ તા. ૬/૩/૨૦૦૬ના રોજ આ ફાની દુનિયા છોડી અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયા છે. તેઓ મિલનસાર અને સેવાભાવી હતા. ભાવનગર ખાતે ૧૨ માર્ચ રવિવારે ઈશાની નમાઝ બાદ મર્હૂમની રૂહના સવાબ માટે કુર્આન ખ્વાની તથા મગરિબની નમાઝ બાદ બાળકો માટે ન્યાઝનો કાર્યક્રમ બાપેસરા સિપાહી જમાતખાના હોલ ખાતે રાખેલ.

**ટીંટોઈ** : (જિ. સાબરકાંઠા)થી જનાબ હાજી ઉષ્માનગની આર. પટેલ સાહબ લખી જણાવે છે કે, ટીંટોઈના મશહૂર સૂફી તબિયત અને સખીદાતા જનાબ હાજી ગુલામ રસૂલ હાશમભાઈ પટેલ તા. ૭/૪/૨૦૦૬ના રોજ અચાનક હાર્ટ એટેકથી ખુદાની રહમતમાં પહોંચી ગયા છે. ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન. મર્હૂમ ખૂબ નેક, નમાઝી તથા શરીઅતના પાબંદ તથા પાકા સુન્ની હતા. તેમની નમાઝે જનાઝામાં હજારો માણસોએ હાજરી આપી હતી. નમાઝે જનાઝા ગુજરાતના જાણીતા પીરે તરીકત હઝરત પીર સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી સાહબે પઢાવી હતી. તેમના ફરઝંદોએ તેમના ઈસાલે સવાબ માટે ગામની મસ્જિદ તથા દરગાહ વિગેરે માટે મોટી રકમની જાહેરાત કરી હતી.

**દહેગામ** : (તા. જંબુસર)ના જનાબ મૌલાના અલ્હાજ સાદિક હસન સાબરીના વાલિદ સાહબ હાજી હસનભાઈ સાબરી ૧–સફર હિ. ૧૪૨૭ અંગ્રેજી તા. ૨/૩/૨૦૦૬ જુમેરાતે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. જેમના માટે તા. ૧૩/૦૪/૨૦૦૬ના રોજ ઈસાલે સવાબની મેહફિલ હસન પેલેસ સુબ્હાન મંઝિલ દહેગામ ખાતે રાખી જેમાં કુર્આન ખ્વાની, નઅત શરીફ પછી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઈમ્તેયાઝ ભીવંડીવાળા (આમોદ) સાહબે તકરીર કરી હતી. બાદમાં ફાતેહા ખ્વાની કરવામાં આવી હતી. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે અને મૌલાના સાહબ તથા સર્વ કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*